

સત્ય-યુગની શોધ.

લખનાર

જરબાનુ મેહેરવાનજી કોઠાવાલા,

તે

" આગલા જમાનાનો ફિલસુફ, " " અકબરની
દરબારમાં ઓલમાઓ, " " સુર્ય મકાલની
ગોઠાણી, " " નામાંકિત નારીઓ, "
"સ્ત્રી જાતિનો ધર્મ" વગેરેના લખનાર.

ગોધરા.

૧૯૨૩.

આ પુસ્તક
ધ સીટી પ્રીન્ટિંગ પ્રેસમાં
શા. ચંદુલાલ છગનલાલે
અમદાવાદખાતે છાપ્યુંછે.

અર્પણ પત્રિકા.

મારાં અતિ પ્રીય માતાજી,

દીનબાઇ કાવસજી દાવર,

જે લખાણબાજીનો કાંઇક પણ અંશ મારી કલમમાં હોય તો તે તમારી કાબેલિયતનો કુદરતી વારસો છે. "નમનનાઇ" અને "મનસની" જેવા ખુદાપસંદ નામફલુસ હેઠળ, જવાનીમાં તમોએ સંખ્યાબંધ બોધદાયક લખાણો કર્યાંછે, અને માતાજી, તમારે પગલે ચાલી, તમારાં શિક્ષણ મુજબ, મારી અદના કલમને સદા નિતિમાન રાખવાને મેં પ્રયત્ન કર્યોછે; તેમ કરવામાં જો હું કાંઈ ફાવી હોઉં તો તેના હઝારો હેશાંનમ આ મારૂં-એક મારાં બાળક જેવું પ્રીય-પુસ્તક તમારાં ચરણોમાં ધરૂંછું.

બેટી જર.

આ પુસ્તક
ધ સીટી પ્રીન્ટિંગ પ્રેસમાં
શા. ચંદુલાલ છગનલાલે
અમદાવાદખાતે છાપ્યુંછે.

અર્પણ પત્રિકા.

મારાં અતિ પ્રીય માતાજી,

દીનબાઇ કાવસજી દાવર,

જો લખાણબાજીનો કાંઇક પણ અંશ મારી કલમમાં હોય તો તે તમારી કાબેલિયતનો કુદરતી વારસો છે. "નમનનાઇ" અને "મનસની" જેવા ખુદાપસંદ તખલ્લુસ હેઠળ, જવાનીમાં તમોએ સંખ્યાબંધ બોધદાયક લખાણો કર્યાંછે, અને માતાજી, તમારે પગલે ચાલી, તમારાં શિક્ષણ મુજબ, મારી અદના કલમને સદા નિર્તિમાન રાખવાને મેં પ્રયત્ન કર્યોછે; તેમ કરવામાં જો હું કાંઈ ફાવી હોઉં તો તેના હજારો હેશાંનમ આ મારૂં-એક મારાં બાળક જેવું પ્રીય-પુસ્તક તમારાં ચરણમાં ધરૂંછું.

બેટી જર.

પ્રસ્તાવના.

ખોદાવંદતાઅલ્લાની હું હઝારો વાર શુક્રગુઝાર થાઉંછું કે આજે હું મારૂં અગ્યારમું પુસ્તક બ્હાર પાડવાને ભાગ્યશાળી બનીછું.

મારી અગના કલમની પ્રસંશામાં ભલા વાંચક વર્ગ તરફથી જે સ્તુતિના સખુનો કહી સંભળાવવામાં આવેછે તે એક મને મુખ્ય ઉત્તેજન છે અને તેનાથીજ ઉલટ ધરી મેં મારી કલમ ચાલુ રાખીછે.

આજ સુધીનાં મારાં પુસ્તકો ઘણું ખરાં ઇતિહાસીક નવલકથા અથવા પારસી સંસારનું જીવતુંજાગતું ચિત્ર રજુ કરનારાં છે, પરંતુ, આ 'સત્યયુગની શોધ' એક નવાજ પ્રકારનું લખાણ છે. સાયન્સની શોધખોળ અને સાંચાકામની સંપુર્ણતાના અહેવાલ સિવાય મોટે ભાગે મારા કલ્પિત ખ્યાલો Day Dreams અને ઓરીજીનલ લખાણબાજીના હુન્નરનો મારામાં જો કાંઈ સહેજ પણ અંશ હોય તો તે તેને આભારી છે. અલબત સારાં કે માઠાં કોઇ પણ લખાણ માટે ટીકાકારો તો નીકળવાનાજ, પરંતુ મારી તેઓને એક નમ્ર સુચના છે કે આ આખું લખાણ પહેલેથી તે છેલ્લે સુધી ધિરજથી વાંચી વિચારીને પછી તેનું તોલ કરવું

મારી આ વાર્તાનો "હેરો" (Hero) શીપર બેરૂચ, સત્ય–

ઝુમની શોધ પાછળ મંડયોછે; તે દુનિયા વર્ણનો ખઝાનો ધરાવેછે; ફક્ત સીતેર અબજનાં તો તેની પાસ બેમુળાં નંગો છે, જે તેણે કુલ પૃથવીની ચોપાસ ફરી વળી શોધીને એકઠાં કર્યાંછે. દાખલા તરીકે-

ઈરાનવેજના શાહોના શાહ પ્રતાપશાળી જમશીદની જગ જાહેર જામે જમશીદમાંથી ખરી પડેલું એક ગાહર, જે તેહરાનના ખઝાનાખાતામાં જમાનાઓ સુધી જળવાઈ રહી છેક નોશીરવાન આદેલના વખત સુધી મુલકે ઈરાનમાં રહેવા પામ્યું; આખેર તેની રોમન પરણેતરે તે લાલ પોતાના એક રોમન ભાઈને આપ્યું, જેણે તે રોમના એક શાહ સોદાગરને વેચી નાખ્યું, અને તેની ઓલાદ પાસથી શેપર બેરૂચે એક તાઝો-તખત જેટલી કિંમતે ખરીદી લીધું હતું;

બેલશાઝરના તાબા માંહેલું એક બીનલીકત્ત ઝવેર કે જેની બીજી જોડ ધરતીમાં રહી નથી;

અઠાવીસ પાઉન્ડનાં વજનનો એક કેરબો જે અરગ-સ્તાનના નેયાઝ સુલતાન પાસેથી મળી આવ્યો હતો;

હિન્દુસ્થાનનાં ગીચ્ચ જંગલોમાંના મોટા નાગનો મણી જેની રોશનીનો પ્રકાશ અંધકારને આફતાબી ઝલેહ બક્ષ-નારો થઈ પડે એવો હતો;

ઈજીપ્ટના રાજ્યકર્તા ફેરોના વખતનું એક બીનમુન પણ નેહસ્તમાં ખપતું "રાજુના" નામનું નંગ જેને મેળવવા

કલીઓપેટ્રાના વાલીદો લડાઈમાં કપાઈ મુવા હતા;

જુલીઅસ સીઈઝરની વીંટી જે માંહે ખુલ્લી શમશીર ધરીને બેઠેલી એક ફુઝખની દેવીનો ચિતાર કોતરાએલો હતો;

રોશન આતેશ જેવો ઝમકતો એક દાડેમ જેટલાં મોટાં કદનો ગોહરે-શબ-અફરૂઝ જે વક્ષુરે વક્ષુરાન પયગામબર ઝરાથુશ્તની હકુમતમાં એક વાર હતો એમ કહેવાએ છે;

અકબર-ધ-ગ્રેટની માલેકીમાં કબુતરનાં ઇંડાં જેટલાં કદની મોતીની માળા હતી, જે મોતીઓ તે પ્રતાપશાળી રાજ્યકર્ત્તાએ કુલ હિન્દુસ્થાન અને અરબસ્તાનમાંથી શોધાવી જમા કરાવ્યાં હતાં;

શાહ સોલોમનનું સુલેમાની ઝમરૂદ જેને માટે એવું કહેવાતું કે જે કોઈ તે ધરાવે તે કુલ પૃથવીના ગંજનો માલેક થાએ.

આ બધું અને તે કરતાં ખીસિયાર અને બીનમુન બીજો અજાએબી ભરેલો સંગ્રહ તે ધરાવેછે; જેવાં કે જુના જમાનાનાં પુસ્તકો, શેતુરનાં પાદડાં ઉપર લખાએલાં અસલ હકીમાં, ઇંટરડી ઉપર કોતરાએલા હરફોવાલા નેબુકદનઝરના અમલનાં પાનાં, બેસીતુનના ડુંગરો ઉપર કોતરાએલા ખીલા-રોકી હરફો અને ઇરાની પહેલવાનોના નકશ; વળી અમેરીકામાં ઉભા થએલા "ઝરાદુસ્ત હાનીશ" નામના

એક આવાંએ, કહેવાતા બરપા કીધેલા મઝદાની ધર્મમાં માનનારી એક બાનુએ "અરદવીસુર અનાહીતી" ની બાગેબહેસ્તનો ખ્યાલ આપનારી સુંદરતા સ્વપ્નામાં જોઈ તે ઉપરથી ચીતારેલી "અરદવીસુર અનાહીતી" ની ફરેશતાઈ તસવીર, તે પણ એની પાસે છે. બોડલીયન કેતાબખાના (દલગીરછું કે સફે ૯૧ ની ફુટનોટમાં ટાઈપની ભુલથી બોડલીયનને ઠેકાણે બોહીમીયન છાપી દીધું છે.) માં લોખંડી જંજીરમાં જકડાએલો એક આપણો પુરાણો વંદીદાદનો પોથો છે તે પણ શેપર બેરૂચની માલેકીમાં પહેલાં હતો. પાંચમી સદીમાં લખાએલું ઓરીજીનલ પવિત્ર બાઇબલ (Visigoth Bible) એની પાસે હતું, એટલુંજ નહી, પણ પુરાણું કાળનું અસલ Biblia Pauperum જે ૧૪૩૦ ની સાલમાં શેતુરનાં પાંદડાં ઉપર લખાએલું કહેવાતું હતું અને જેની બીજી નકલ આ ધરતી ઉપર છેજ નહી તે પવિત્ર પુસ્તક પણ એની પાસે હતું.

ખમા ! ટીકાકારો, ખમા ! !

ભુલશો ના કે આ કાંઈ સાધારણ મનુષ્ય નથી; તે ખોદાવંદતાઅલાના પ્યારમાં આવેલો સત્પુરૂષ, અર્ધ પએગામબર જેવો છે, જે કોઇએ ન કર્યું હોય એવું એ કરેછે, અને કદી કોઇએ ન જ્ઞાન મેળવ્યું હોય એટલું જ્ઞાન

એણે મેળવેલું છે. એની પાસે લાખો પુસ્તકો છે અને હજારો કેતાબો એણે વાંચેલીછે; એ દરેક ધર્મ શીખેલોછે અને પૃથ્વીની પ્રદક્ષિણા કરેલીછે. એ પોતાની જીન્દગી દરમ્યાન આર્યન યોગીઓ, મહોમેદન ઓલમાઓ, ઇંગ્રેજ સાવાંઓ, મંગોલિયન પંડીતો, લીબેનોનના દુરવીશો, ટીબેટના લામાઓ, નેપાલીસ જોગેશ્વરો, કેશમીરી પંડાઓ, પુરાણીમાં પુરાણી ભાષા પઢી ચુકેલા પરેહઝગાર મુબેદો જેવા આકેલ ફાઝેલ પુરૂષોની સાથમાં ફરીને અદભુત જ્ઞાન મેળવવા પામ્યો છે.

આખાં જગતમાં જેટલું દ્રવ્ય થઇ ગયુંછે અને હાલમાં છે તેનો સેંકડે નવાણું ભાગ એ એકલો ધરાવતો હતો એમ કહીએ તો ચાલે, અને તેનાં જોરથી તેમજ પોતાની અદભુત બાહોશી અને પયગામબરી ફરેશતાઇ ખાસિયત સાથ ખુદાઇ બશારતી ટેકાથી તે સત્યયુગની શોધ પાછળ મંડયો હતો.

વળી હિમાલયની તળેટીએ વસતા સચિદાનંદ ધર્મોત્તરનું વૃતાંત કદાચને ટીકાકારોને એક બીજું કારણ થઇ પડે; પરંતુ એવાંબી કેટલાંક-અલબત ઘણાં જુજ-આસામીઓ છે કે જેઓએ આ દોઢસો ઉપરની ઉમર કાઢી ચુકેલા દેવતાઈ પુરૂષને જોયોછે. ગુજરાતનાં નડીયાદ ગામમાં કેટલાંક વરસો ઉપર આ નેપાલીસ યોગી નરે અચરબચ

દેખાવ દીધો હતો, અને એવું સાંભળવામાં આવ્યું છે કે તે વખતે તેણે આગાહીઓ કરી હતી કે અડધી દુનિયા ફના થાએ એવું એક મહાન યુદ્ધ થશે અને તેનો રચનાર જરમન ઝુહાક રહેશે, અને તેનો કઠોર ચેહરાનો રાજપુત્ર, આર્યન જબાનમાં લખાએલાં છસો પુસ્તકો નેપાલથી ઉઠાવી ગએલો કહેવાએ છે, વળી, તે ભાષા ઉકેલવા અને સમજાવવા અડધો ડજન વિદ્વાન નેપાલીઝ પંડાઓને પણ ફોસલાવી લઈ જવામાં આવ્યાછે. આ પુસ્તકોમાં દુનિયાની ઉત્પત્તિ વખતથી થઇ ગએલા મહાન યોગીઓએ જે જાતજાતના હુન્નરો ખોળી કાઢયા હતા તેનાં વર્ણનો કરેલાંછે, તે જાણી અને શીખી લઈ જરમનો પોતાના દેશમાં કિસમ કિસમની કળા કૌશલ્યથી અખૂટ ખઝાનો ભેગો કરશે; અને એ જરમન રાજ્યપુત્ર તરફ ભલા ઇંગ્રેજ અમ્લાઓએ મેહમાનદારીનો હસ્ત લંબાવી તેની પાદશાહી પરોણાગત કરીછે, તેના બદલામાં એ ઇંગ્રેજોનેજ હેરાન કરશે. સચ્ચિદાનન્દ ધર્મોત્તરે જો આ આગાહી કરી હોય તો તે શબ્દે શબ્દ ખરી પડીછે. વળી ૨૭-૪-૧૯૨૦ ના મંગળવારનાં "જામે જમશેદ" માં એ યોગી પુરૂષ માટે Statesman માંથી નોંધ લેવાઇછે; તેમાં તેને સ્વામી સચ્ચિદાનન્દ અથવા "કલમબી બાબા" ને નામે ઓળખાવ્યો છે; તેની ઉમર સાડી ત્રણુસોની છપાઈ છે અને

નેપાલના રાજાઓનો છેલ્લાં એકસોને અગીઆર વરસો થયાં તે અધ્યાત્મિક બાબદોનો સલાહકાર છે એમ છપાયુંછે. યોગથી કેટલી લાંબી ઉમર કાઢી શકાએછે તે તો જાણીતી વાત છે, છતાં, જે લોકો પોતાનાં અપુર્ણ જ્ઞાન સાથે ટીકાકારોમાં ખપેછે તે લોકોનો અવિશ્વાસ તોડવાની તજવિજ ખાતર આ લખાયું નથી; પરંતુ વિદ્વાનો તરફથી આ બાબદમાં કાંઇ વધુ અજવાળું પડે તે જાણવાનું બેશક રસીલું થઇ પડશે.

શેપર બેરૂચ સત્યયુગની શોધમાં છે એટલે એણે દરેક ધર્મનો ઉંડો અભ્યાસ કર્યોછે અને તેમ કરવાથી કુદરતી રીતે તે દરેક દીનને માન આપવા શીખ્યોછે. સર્વે ધર્મો વચ્ચે સરખામણી કરી જોતાં તે ખાતરી પૂર્વક માનેછે કે નામ અને રીવાજ ગમે એટલા જુદા હોય, તોપણ ધર્મ તો એકજ છે. તે કહેછે કે ઝરથુસ્તી ધર્મ જુનામાં જુનો છે. આ પુરાતન પરશિયાના ધર્મ ઉપર છેલ્લાં ત્રીસ વરસો થયાં એટલી શોધખોળનો પ્રકાશ પડયોછે કે તે પ્રમાણે યુરોપિયન સાવાંઓએ બીજા કોઈ પણ ધર્મ માટે કર્યું નથી. Archaeology, Geology, Philology, BiblioalCriticism, Vedantic and Avestic Literature, વગેરેથી તેમજ બધાં કોતરકામ ખોદી કાઢીને અને સ્ટોન રેકોર્ડસ શોધીને આ હજારો વર્ષ પૂર્વના

ધર્મને પુર અજવાળામાં લાવવામાં આવ્યોછે, તેનો એણે પુરેપુરો અભ્યાસ કર્યોછે. એક આસામી પોતે પોતાનોજ ધર્મ સમજે તે કશુંજ નથી સમજતો; જેમ હરેક ધર્મ સમજ્યા વગર કોઇબી એક મઝહબ ઉપર મત આપવા નીકળવું એ ઓછી અકકલનું કામ છે, તેમ બીજાંની દીન તરફ જેને માન ન હોય તેણે તો એક સખુનબી ધર્મ ઉપર ઓચરવાને અધિકાર નથી. મારી વાર્તાનો નાયક હરેક ધર્મની ખુબી દર્શાવેછે અને અસલમાં હરેકની માન્યતા કેવી એકજ હતી તે બતાવી આપે છે. જો હાલમાં તેવી માન્યતા ઉપર આદમીજાત જીવતાં હતે તો મારો ધર્મ ચઢે અને મારી દીન ઉત્તમ, એવું ધર્માધપણું રહેતે નહી, અને જગતમાં ભાઈબંધી વધતે તો આવો કળીયુગ આવતે નહી. હરેક જુદા જુદા ધર્મો, સત્યયુગ વખતે એક આખેર પયગામબરની આમદ થશે એમ માનેછે, પણ તે વખતે એક નવો ધર્મ સ્થપાસે એમ ધારવું આ ચઢતી કેળવણીના શીખેલા સુધરેલા જમાનામાં બનવા જોગ નથી; પરંતુ, સત્યયુગ વખતે જે ખોદાને પ્યારો એક કાસદ આવસે તે આપણુને એક નવો ધર્મ શીખવસે એમ કહેવાએછે, તેનો અર્થ એવોજ કે એક સત્પુરૂષ આપણુને ખરાબીમાં અબડતાં રોકીને ખરા રાહ ઉપર ઉતારસે. એના માટે મોટા મોટા વિદ્વાનો એમ કહેછે કે ચંદ્રુઆમાં

દુનિયામાં એક ધાર્મીક ઉપદેશકની આમદ થશે, તે, સઘળા ધર્મોનું એકત્વ આપણને શીખવસે, યાને કે જુદી જુદી મઝહબમાંથી જે કાંઇ ઉત્તમ શીક્ષણુ હશે તે ભેગું કરીને એક કરસે. હિન્દુ ધર્મમાંથી ઈશ્વરની મોટાઇનો ખ્યાલ લેવામાં આવશે, ઝરથુસ્તી ધર્મમાંથી અશોઈ અને સચ્ચાઇનો, રોમ ધર્મમાંથી કાયદાનો, હીબ્રુમાંથી પ્રમાણિકપણાંનો, ઇજીપશિયન ધર્મમાંથી જ્ઞાનનો, બોદ્ધ ધર્મમાંથી કર્મનો, ક્રીશચિયન ધર્મમાંથી સ્વાર્થ-ત્યાગ અને ભાઈબંધીનો અને ઇસલામી દીનમાંથી એકજ ખુદાનો ખ્યાલ આપશે; આ બધાં ઉપરથી શેપર બેરૂચ બતાવી આપેછે કે ઉંડાણુમાં ઉતરીને જોતાં દરેક ધર્મ સાચ્ચો અને એકજ છે. મતલબ કે આદમજાત તેવી માન્યતા રાખે તો સત્યયુગ આવીને ઉભો રહે.

હિન્દુસ્થાનને શેપરે ખોદાનો પ્યારો મુલક ગણ્યોછે તે એટલાં માટેજ કે આજ એક એવો મુલક છે કે જ્યાં જગતમાં રૂજે અવ્વલથી તે આજસુધીમાં જેટલી ઝબાન બોલાતી, વંચાતી, લખાતી કે વિચારાતી હશે તે તમામ ભાષાઓમાં ખોદાવંદતાઅલાની સ્તુતિ કેયેબી ગવાતી હોય તો તે હિન્દુસ્થાનમાંજ છે. તે માલેકોના માલેકની યાદ માટે જાતજાતની આરાધના મુજબનાં ઉઠાવેલાં અસંખ્ય ધર્મસ્થળો જે છે તે અત્રેજ છે, ત્યારે ધરતીના આ ભાગને

મહત્વ આપવામાં ખોટું કરેલું કહેવાશે નહી.

હું કેવું ઇચ્છુંછું કે આ વાર્તાનું છેવટ કોઈ બીજી રીતે હું લાવી શકી હતે; પરંતુ આ કળીયુગના જમાનામાં તે કેમ બની શકે? છ હઝાર વરસો પૂરે થઈ ગએલા દાનાવોના દાનાવ જામાસ્પ વઝીરની "જામાસ્પી" માં આગાહી હતી કે જયારે પૃથવી ઉપર પાપનો ભાર ઘણોજ વધી જશે, ત્યારે આવી એક નાશકારક લડાઈ જાગશે, જેનાથી અડધી દુનિયા ફના થશે, રાજાઓનાં રાજતાજ ઉડી જશે, નીચ લોકોનો ઉદય થશે, વગેરે, અને તે વખતે છેલ્લા પયગામબર સોશીયંતનો જન્મ થશે. આવીજ આગાહી ક્રીશ્ચિયન બાઈબલમાં પણ થઈછે કે પવિત્ર ક્રાઈસ્ટની પેદાયશ પછીનાં બે હઝાર વરસે આવો બનાવ બનવા પામશે. Revd. Moulton પોતાનાં એક પુસ્તક "Our Religion in Ancient Persia" માં લખેછે કે જરથુસ્તી ધર્મમાંથી ઘણીએક બીનાઓ આપણાં પવિત્ર બાઈબલમાં લીધીછે, એટલે માનવા જોગ કે જામાસ્પ વઝીરની ખુદાઈ બસારતી બાબદ પવિત્ર બાઇબલમાં લેવામાં આવી હોય. હવે તે મોટી લડાઇ તો પુરી થઈ અને જયારે મનુષ્ય જાતે સુલેહ શાન્તી અને સુખ કરારનાં સ્વપ્નાં જોવા માંડયાં, ત્યારે આગળ કરતાં પણ વધુ અશાન્તિ ફેલાઇછે, ફેલાતી જાયછે અને જશે. મતલબ કે હજુર કળીયુગ

દૂર થયો નથી, ત્યારે સત્યયુગ કેમ સ્થપાએ ? એટલે વાર્તાનુ છેવટ હાલ તરત તો આવુંજ આવી શકે. સચ્ચિદાનંદ ધર્મોત્તરના કહેવા મુજબ ધરતી ઉપર વીસ વરસ કળીયુગ નો ભાર રહેશે; તેમજ જો હોય તો ૧૯૩૩ની સબકતી સાલની સુખરૂપ સવાર ઉગે ત્યાંસુધી સત્યયુગની સ્થાપના માટે થોભી જવું પડશે. જો કીરતારની મરજી હશે અને તે વખત સુધી હું જીવતી રહી તો શેપર બેરૂચને મારી કલમથી નવો જન્મ આપી સત્યયુગની શોધનું Sequel લખીશ.

અને હવે છેવટમાં વાંચક વર્ગને વિનંતિ એછેકે મારૂં રહેવાનું ગોધરામા હોવાથી અને આ ચોપડી અમદાવાદનાં છાપખાનામાં છપાવાથી, જે કાંઈ ભૂલો રહી ગઇછે તે દરગુજર કરવામાં આવશે એવી આશા છે.

જરબાનુ મેહરવાનજી કોઠાવાલા.

જમશીદી નોરૂઝ

૨૨-૩-૨૩

મીસીસ કોઠાવાલાનાં છપાઇ બ્હાર પડેલાં પુસ્તકો.

આગલા જમાનાનો દિલખુશ.
ખોરશીદ અથવા જ્ઞાનની સરસાઈ.
શાહ અકબરનો જમાનો.
* The Privilege of a Counsel.
ઈડનના બાગની રાણી.
* નામાંકિત નારીઓ
* સુરજ મહાલની શેઠાણી.
બાગે દિલખુશ–અથવા અકબરની
દરબારમાં ઓલમાઓ.
સ્ત્રી જાતિનો ધર્મ.
મોટે ઘરની માણેક.
સત્ય–યુગની શોધ.
* આવી નીશાનીવાલી ચોપડીઓ તમામ ખપી ગઇછે; બાકીની મંગાવવી હોય તે લેખકને નીચલે ઠેકાણે લખીને મંગાવશોજી.

જરબાનુ મેહરવાનજી કોઠાવાલા.
(પાંચ મ્હાલસ) ગોધરા.

મીસીસ કોઠાવાળાની કલમથી ચાલુ મોટી વાર્તાઓ પેપર તેમજ મેગેઝીન્સમાં છપાઇ ગઇછે તેનું લીસ્ટ.

આ માંહેલી કેટલીક વાર્તાઓનો, પુસ્તક આકારે છાપવા માટે જેઓ હક વેચાતો લેવા માંગશે તેઓને ખુશીથી આપવામાં આવશે. જેનાં ઉપર આવી * નિશાની કરીછે તે લખાણ મલી શકશે નહી.

* વેનીસનાં બેમુળ માણેકો.
* છુપાં ઝવાહીરો.
કિલ્લે ફેરીસ્તાનનો અમીર.
શાખે અલબરૂઝનો સરદાર.
દરીયાઈ ગૌહર.
હેસપીરયા, યાને મગરેબનો સેતારો.
* ચુડેલ.
ત્રણ સુંદરીઓ–અથવા મારવલ મહાલનો વારેસ.
* પહાડી ગુલાબ.
બખ્તાવર બેગમની બ્હાદુરી.
બહેસ્તનો ખઝાનો.
શાહ સોદાગર.
ત્રણ પટેલ બેનો.

સત્ય-યુગની શોધ

પ્રકરણ પેહલું.

" એ ક્યારે આવશે, આજે આવશે કે નહી ?" લીલી એલીવટાયર બેચેનીથી બોલી "મને નહી લાગતું કે આવે."

" કાં વારૂ? તું શા ઉપરથી ધારે છે કે આજે નહી આવે ? " તેના ભાઇએ પુછયું.

" આજની રૂતુ તો જો, કેવી ભયંકર. "

હજુર તો તે આટલું બોલી રહી તેટલાં સખ્ત તુફાનના એક મજબુત સપાટાથી તે ઓરડાની તમામ બંધ કીધેલી બારીઓમાં જબરજસ્ત ખખડાટ થઇ રહ્યો. આ આકાશી ફુંવારા ન ખમાતા હોય, તેમ, પવને ગમનાક ચીક-ચરીઓના ભારે સુસવાટા સાથ કુદરત સામે બંડ ઉઠાવતો હોય એવે મનસુબે, ત્યાંનાં જમાનાઓ સુધી દેમાગ ઉઠાવી

ઉભેલાં પોતાનાં ડાળ પાંખડાં ફેલાવી મુસ્તકીમ થયેલાં પુરાતન ઝાડોનાં સર નીચે નમાવી દીધાં; મગર આ બેગાનત સામે પથ્થરે પોતરૂ શોર મચાવતું હોય તેમ તે સેંકડો દરખ્તો-માંથી ગંભીર અવાજે ઉઠી રહ્યા.

રોબર્ટ મેકીનટાયર જે ચીત્ર દોરવા બેઠો હતો તે પોતાની પીછી બાજુએ મુકી દઇ ઉઠી ઉભો થયો. એક બત્તી પોતાના માંથાં જેટલી ઉંચે ઉંચકી તેણે બ્હાર અંધારામાં ધારી ધારીને જોવા માંડીયું. તેની બેન લીલી, પોતાનું ભરત કામ ખોળા ઉપર પડતું મેલી પોતાના ભાઇ તરફ જોવા લાગી. લગોલગની બત્તીના ઉજાસમાં જવાન રોબર્ટનો ખુબસુરત ચ્હેરો જ્યાદા દીપી રહયો હતો; તેના ભુરા બાલ ઝુલફાદાર, અને માંથું રોનકદાર હતું; તેના ભવાં જાણે કોઇએ પીછીથી એક સરખાં દોરીયાં હોય એવાં કમાનદાર હતાં, જે બતાવી આપતું કે તેનામાં એક કવી ચીતારાની કુદરતી શકતી ઘણાં મોટાં પ્રમાણમાં ખીલેલી હતી. તેની નમ્ર આંખો અને સીધ્ધું નાક તેમજ દમામદાર પેશાની જોતાં ઝટ જણાય કે આ ગબરૂ જવાન ખાનદાની હતો. મગર તેની ટુંકી હડપચી તેના ચહેરાની સુંદરતામાં એક ખામીનો ઉમેરો કરતી. ટુંકી હડપચી એ નબલી મન શકતીની પુરવારી છે અને રોબર્ટ મેકીનટાયર મજબુત કસદનો મર્દ ન હતો એ તેનામાં મોટામાં મોટી એક ખામી હતી.

પરંતુ તેની બેન લીલીની અનુપમ ખુબસુરતી ચીતારવી મહાલ છે. ગોયા પૃથવીની સપાટી ઉપર આકાશી હુર ઉતરી આવી હોય. તે શુક્ર સેતારા સમાન ચમકારા ફેંકતી કાલી ઝમકતી દમામદાર આંખો, નાગણ જેવાં શીહા બાલોનાં મરોડદાર ઝુલફાં, કોઇ દુનીયા વર્ણની મશહુરતા મેળવી ગએલા કુદરતના ચાહક કવી ચીતારાએ સ્વપનવંત હાલતે કોત્રી કાઢીયો હોય તેવો તે લંબગોલ ખામી વીનાનો ચહેરો અને ગુલાબનાં ફુલ જેવી આકર્ષીત દિલજીત ચામડી જોનારની આંખો તરતજ તેણી તરફ ખેંચી રાખતી, અને તે છતાં આ સુંદરતાની પુતલીમાં કાંઇ એક ચીજ બાકી હોય તેવું કોઇ બારીક બીનને લાગતું. સાધારણ લોકોને તે સમજવું મુશકેલ જણાતું કે જ્યારે રોબર્ટ પાસ દોડીને જવા અને તેનામાં સમપુર્ણ વિષવાષ મુકવા તેઓ તરત લલચાતાં ત્યારે આ તોરવંતી સુંદરીથી કેમ તેઓને અલગ રહેવાનું મન થતું ! પરંતુ કુદરત કોઇબી વાર ઠગાતી નથી. કોઇ મસ્તક વિદ્યા જાણનાર આસામીને આ ગુંચવાડા માટે પુછવામાં આવતે તો તે તરતજ પોતાની ફ્રેનોલોજીની સાયન્સ પ્રમાણે ખુલાસો કરી શકતે. લીલીનાં ભવાંની પાસેના મસ્તકનું સ્નાયુ ઘણું ખીલેલું હતું જે બતાવી આપતું કે તેણીને પૈસા મેળવવાનો અભખરો જબરો હતો; વળી તેનાં નાકનાં ફીફરાં ઉંચે ચઢેલાં હતાં, જે અભીમાન અને ગરૂરી બતાવતું. કદાચને આ બાદશાહી ગાદીને દીપાવે એવી સુંદરી પોતાની

અણુહદ ખુબસુરતીને લીધે મુસ્તાક બની હોય; અને જેમ ઘણી કેળવણી અને બાહોશી, માણસ માત્રને અહંકારી શીખવે છે તેમ એકદમ સુંદરતા એક જવાન મગજને અભીમાની કરે તો તેમાં ઝાઝી નવાઇ નથી.

હમણાં તેણી કોઇની રાહ જોતી હોય તેમ ઇંતેજાર અને લગાર ફ્ફડેલી જણાતી.

"હું જાણુંછ કે એ નથીજ આવવાનો." તેણી બોલી.

"જરા ધીરજ તો રાખ, લીલી, અલબત એ આવશેજ" રોબર્ટે કહ્યું.

"પણ આ ભયાનક રૂતુમાં તે કેમ બ્હાર નીકળે.?"

"શું એક બ્હાદુર સેલર બચ્ચો, જેણે આ કરતાં સેંકડો દરજ્જે ઝનુની તોફાનો સામે પાણીની પીઠ ઉપર ટક્કર ઝીલી હશે તે આટલા ગગડાટ અને પવનથી ડરીને ઘર બેસશે? હું માનતો નથી ! પણ જો વહાલી બેન, તું તારી રાજી ખુશીથી એક નેવીના ઓફીસર સાથે અડરાઇછ, તો તેવાં એક જોડાણનાં પરીણામ માટે તારે ધીરજથી તૈયાર રહેવું જોઇએ. તું જાણેછ કે પરણીયા પછીથી તે તુંને કદી પોતાની સાથે સ્ટીમર ઉપર લઇ જઇ શકશે નહી. છ મહીના તેને રજા મળશે ત્યારે તે તારી સાથે ખુશકી ઉપર વસસે અને

બીજા છ મહીના તુંને એકલી રહેવાનું, ત્યારે કેમ કરશી?" તે હેતાલુ ભાઈએ તેને સમજાવી.

"હું તે જાણુંછું, બધું જાણુંછું, પણ હાલમાં જ્યારે એ રજા ઉપર અહીં આવ્યો છે તે જાણી એને રોજ મળવા હું અધીરી પડું તો કાંઇ નવાઇ છે? ઓ રોબર્ટ, નેવીના કાયદા એવા સખત કાં હશે? ખુશકીના લશ્કરમાં એક સોલજર જેવાનેબી પોતાની બાયડીને પોતાની સાથે રાખવાને હક હોય છે, ત્યારે કાફલાના એક ઓફીસર જેવાનેબી તેની મોહરદારને વહાણ ઉપર રાખવાને છુટ મલતી નથી એ કેવો જુલમ."

"એમાંબી દુરઅંદેશી છે, બેન; જો કાફલાના આસામીઓને પોતાની પરણેતરો અને બાળ બચ્ચાંઓ સાથે રાખવાને હક મળે તો કોઇબી ગભરાટને વખતે તેઓ રાજ તરફની કે પોતાના વડાઓ તરફની બધી ફરજ ભુલી જઇ તેઓ પહેલાં પોતાની બૈરી બચ્ચાંને બચાવવા નીકલે; તેટલા માટેજ નેવીના કાયદા સ્રીઓ માટે આટલા સખત છે."

રોબર્ટના આ ખુલાસા ઉપર લીલીએ એક હાય મારી, તેટલામાં બ્હારથી કાંઇ પગલાંના અવાજ જેવું સંભળાયું. સુંદર લીલીના ચહેરા ઉપર સુખની લાલી ધાઇ આવી, પણ બીજેજ પલે તેણી નારાજ નાસી પાસ જેવી થઇ ગઇ.

" આ તો પપા આવતા દેખું, " તેણી બોલી.

બ્હારથી કોર્ટનાં ઘસડાતાં પગલાં હવે લગોલગમાં સંભળાયાં અને બુઝર્ગ મેકીનટાયર અલગો દરવાજો ખોલી અંદર આવ્યો. તેની ઠુમકી લાલ રંગની દાઢી પોણે ભાગે સફેદ થવા આવી હતી અને તેનો ચહેરો ઉતરેલો ભખાએલો નારાજ અને ખાઉં કરડું જેવો હતો. નસીબની બાજી ખેલતાં તે હારીયો હોય અને તનદુરસ્તી તેની હરીફ બની હોય તેવા તે બે ઝનુન જાલેમ ઝપાટા ખમી ચુકેલા જેવું તેના દેખાવ ઉપરથી ખુલ્લું જણાતું. દસ વરસની વાત ઉપર બરમીંગહેમમાં તેનું બંદુક બનાવવાનું ઘણું મોહટું કારખાનું હતું અને મેકીનટાયરે પુષ્કળ પૈસો એકઠો કર્યો હતો; પણ તેવામાં તેની લક્ષમી અવતારની પરણેતર ગુજરી ગઇ અને ગરીબ મેકીનટાયરની જીન્દગીનું અરધું સુખ લુટાઇ ગયું. જાણે તેણી, પોતાની સાથેજ પોતાનું બખતાવર પગલું પણ લેતી ગઇ હોય તેમ મેકીનટાયરને ધંધામાં એક પછી એક મોટી ખોટ જવા લાગી તે એટલા સુધી કે ટુંક વખતમાં આ લખ્ખોપતી સખસને નાદારી કોર્ટનો આસરો લેવો પડયો. આવી વખતે તેને પીવામાં સધ્યારો લેવાની બદબખતી સુઝી અને અફસોસ કે આ એક વારનો ખાનદાની શ્રીમંત પુરૂષ હાલ હીણાએલી મોહતાજ હાલતમાં ગબડી પડીયો હતો. ગરીબ બીચારો, મોટાઇ પછીની મુફલેસીમાં પૈસા માટે ટળવળતો. શરાબમાં સુખ સોધવા જતાં, તેનું મગજ નબળું પડી ગયું હતું; મગર આવી તેની દયાજનક સ્થીતી વખતે

આ મતલબી દુનીયામાં જેમ બનતું આવ્યું છે તેમ તેના દરેક દોસ્તો તેને તજી ગયા અને જો તેના બન્ને છોકરાં-ઓના એક મામા તરફથી તે ભાઇ બેનને વર્ષે ત્રણ ત્રણ હજાર મળતા હતા તેટલું પણ સાધન ન રહ્યું હતે તો ગરીબ એડીનટાયરને રસ્તે ઉતરવું પડતે.

પોતાની આ વર્ષ દિવસની ઉપજ ભેગી કરી તે ભાઇ બેન, શેહેરની તમામ મોટાઇ છોડી, ટેમફીલ્ડનાં ન્હાનાં ગામડામાં પોતાના બાપની સાથે આવીને રહયાં હતાં. આ એકેદમના ફેરફારથી તેઓ ઉપર ઘણી બુરી અસર થવા પામી હતી; ખાસ કરીને રોબર્ટ ઉપર જે હમેંશા પોતાને ભવિષ્યમાં મબલખ પૈસાનો માલેક થનાર ધારી લઇને શેઠાઇ કરવાને ખ્યાલેજ ઉધર્યો હતો, તેને આ પડતી ઘણી કડવી લાગી. તેનામાં ચીતાર તરફનું કુદરતી ખેંચાણ હતું અને પોતાનો જીવ બેહલાવવા તે આ ખુદાઇ હુન્નર શીખીયો હતો, તે આજે તેને પોતાનાં ગુજરાનનાં સાંધન માટે ત ઉપર ભેજું કસવું પરતું. લીલીની મગરૂરીને ઘણો મોટો ફટકો પડયો હતો, તેણી લોકોની ગરીબી જોઇને ટીચકું ચઢાવતી હતી, પણ જયારે ટેમફીલ્ડનાં આ ન્હાનાં ગામડાંમાં આવી એક કોટેજમાં વસવાનું થયું, ત્યારે તેના જીગરમાં ઉઠેલું તુફાન બહારથી કોઇને દેખાડી દેવાય નહી તે માટે ઘણી સાવચેત રહેતી; પણ તેઓને એક વાદનો

ચોટો બળાપો હતો કે તેઓના બાપ પોતાના ગુમાએલા પૈસાનો ચાલુ હાય સોઆશ કરતા, અને યાતો બાઇબલ લઇ વાંચવા બેસતા કે નહીતો દારૂની ડીકેનટર સાથ દોસ્તી સાંધતા !

આ ટેમફીલ્ડનાં ગામડામાં આવીને વસવાની સલાહ આપનાર તેઓના એક જુના મીત્ર રેવરંડ જોન સ્પરલીંગ હતા, જેવણુને ત્યાંના વીકરની જગીયા મલી હતી. તેમના વડા બેટા હેકટર સ્પરલીંગ સાથ સુંદર લીલી અદરાએલી હતી અને તે નેવલ ઓફીસર સાથ પરણવાની તેણી તૈયારીમાંજ હતી, ત્યારે, મેકીનટાયર ઉપર નશીબ તરફનો એકદમ માર તુટી પડીયો. મોટાઇ પછીની આવી પડેલી મોહતાજમંદી છતાં પેલો બ્હાદર સેલર બચ્ચો લેફ્ટનન્ટ હેકટર સ્પરલીંગ પોતાની અદરાએલી સુંદરીને વફાદારીથી વળગી રહયો હતો અને હાલમાં તે જમીન ઉપર રજા ભોગવતો હોવાથી દરરોજ પોતાની લીલીને સાંજ સવાર મલવા આવતો.

"કાંય હેકટર નથી આવ્યો કે?" મેકીનટાયરે ઓરડામાં ચોબાજુ નજર ફેરવતાં પુછીયું.

"નહી, પણ તમે આજે રાતે તેની અહિં આવવાની ફેક પકડી રાખો, પપા ? કાંઈ નહીતો બ્હાર જમીન ઉપર બે ફીટ ઉંડું બરફ જમા થયું હશે." લીલી બોલી.

"નહી આયો, હું !" ત્યાંના સોફા ઉપર અઢેલીને બેસતાં ડોસાજીએ ફફડવા માંડીયું. "એ અને એનો બાપ એ બેજ જણાં હવે બાકી રહયાંછ તે લોકોને કહીએ કે હવે તમેબી હમોને પડતાં મુકો એટલે પછી તમામ શુદ્દ ! ખાધું પેટ ભરીને!"

"તમુને એવો ખ્યાલ બી કેમ સુજ પડેછ, પપા?" લીલીએ ગુસ્સાથી કહયું. "તેઓ બન્ને નકકર સોના જેવા મજબુત અને સાચ્ચા નીવડીયાછ અને તે લોકનાં કાન ઉપર તમારી આ બકવા જાએ તો કેવું ગોજું લાગે."

"હું ધારૂંછ, રોબર્ટ, કે જરા મને એકાદ ટીપાંની જરૂર છે. આ આવી કકરતી ઠંડીમાં મારાં બુઢાં હાડ કકરી જાય છે, એક અંગોઠી ભરાય તેટલો હશે તો પણ ચાલશે."

રોબર્ટે આ બોલવા ઉપર કશું ધ્યાન આપીયું નહી હોય તેમ તેણે પોતાનું ચીતરવાનું ચાલુ રાખીયું; મગર તેના ખુબસુરત ચહેરા ઉપર ધાઇ આવેલી ગમીની વાદલી છુપી રહી નહી. લીલીએ કહયું:—

"પપા, ઘરમાં એક ટીંપુબી બ્રાન્ડી રહયો નથી."

"છોકરી! છોકરી!" તે તટાર બેસતાં બોલીયો. "આ તારી ઘરચલાવવાની રીત કે? હવે તું કાંઇ ન્હાની નાદાન છે? આટલુંબી નહી સમજે કે બ્રેન્ડી વગર કોઇ દહાડો ઘર ચાલે નહી. આવી કકરતી ઠંડી અને તું તારા એક બુરા બાઇને માટેબી ઘરમાં

દારૂનો ખરચ કરવાની કરકસર કરેછ; વળી બીજોબી વિચાર કીધો ? કાંઈ અકસ્માત બનીયો કે એક દમ સીકનેસ આવી પડી, અચખુચ ફીકરૂં ઉભરીયું, કાંઈ કાંઈ તો લાંબો વિચાર કરીયે."

"હું કોઇબી દહાડે એ ચીજની અરાસે જતો નથી, લીલીએ મારે માટે કશી તકલીફ લેવી નહી." રોબર્ટે ટુંકમાં કહયું.

"દારૂ, દવા દાખલ દુખીયાંને કેટલો અકસીર છે તે તું ત્યારે હજુર સમજતો નથી. તમે બન્ને જણ તો એવાંને એવાંજ રહી ગયાં ! ચાલ જરા ત્યારે હું "કીંગ્ઝ ચીજન્સ" તરફ ફેરીયું લઇ આવું." અને ડોસાજી ઉઠી ઉભા થયા.

"મારા વહાલા પપા, ખચીત આવી રાતે તમે બહાર તો નહીજ જશો. જો તમને બ્રાન્ડીની ખરેખરી ગરજ હોય તો હું દાસી મેરીને મોકલું તે લઇ આવશે–" રોબર્ટ બોલવા ગયો, તેટલાં–

ટપ ! એક ન્હાની કાગળની બીંડરી લીલી તરફથી ઉડી આવી તેના હાથ આગળની સ્કેચ બુક ઉપર પડી. ઉઘેરી જોતાં ઉપર લીલીએ ઉતાવળે સુખડ પેનથી લખેલું "જોડાને ખાતર એવાને જવા દે !"

"જો જવુંજ હોયતો બરાબર ગરમ લપેટીને એ દીકરે જજો" તે જવન હવે બોલી પડીયો અને આટલે ઉતાવરે તેણે પોતાનું મત ફેરવી નાખીયું, પણ એક ઓરતના જેવી સીફતથી ધીરેથી ફેરવી તોલીયું નહી એ તેની ભોળાઈ ઉપર લીલીએ કચવાટથી જોયું. "કદાચ આપણે ધારીએ તેટલી બહાર ઠંડકબી નહી હોય, બાકી એટલું સાંરૂ કે "થ્રી પીજન્સ" અહિંથી પચાસેક વારને છેટેજ છે."

પોતાની દીકરીની ઘર ચલાવવાની આવત માટે ફફડતાં ચટકતાં બુઢાજીએ પોતાનો મોટો ઓવરકોટ પાછો લટકાવીયો અને ગરમ ગલપટો ગળે લપેટી તેવણે હુસુક હુસુક ચાલુ મુકીયું. દરવાજો ખુલતાંજ પવનનો જબરો સુસવાટો માહે ધસી આવ્યો, પણ બારણું પોતા પાછળ બંધ કરી તેણે આગળ ચલાવીયુ.

"પપા તો છેકજ ઓતરી ગીયાછે, હડે હાડે મામ તો બગડતો જાય છે" લીલી બબડી.

"ગરીબ બીચારા, પણ આપણે એવણને જવા દેવાં નહી જોઈતા હતા, કોણ જાણે લોકોમાં શું શું બોલતા હશે અને આપણને હલકાં પાડતા હશે."

"પણ હમણાં હેટર આવવાનો છે અને એવ તેની સામે જે તે બોલી દેરેન કરતાં હરૂનો જોગમ લીધેલો સારો." તેણી બોલી.

"ત્યારે તો તેં વખત સહજ જવા દીધો. આ શું બ્હારનો ગેટ ખુલેછે ને આ ભારી પગલાં વાગી રહયાંછે, તારો હેક્ટર આવ્યો."

આ વખતે બ્હારથી બારી ઉપર રેતીની કાંકરીઓ ઉડી આવી અને રોબર્ટે ઉઠીને દરવાજો ખોલીયો. એક ઉંચો કદાવર બાંધાનો જોતાં જીવ ખુશ થાએ તેવો રંગીલો ખુશમીજાજી જવાનીયો માહે ચાલી આવ્યો; તેણે પોતાનાં પહેલવાન જેવાં શરીરને ઉત્તર દક્ષીણ મજબુત ઉપરા સાપરી ઝોંક આપીયા અને તેના ઉનના જાડા કોટ ઉપર વળગેલું ચલકતું બરફ ખર ખર નીચે તુટી પડયું; તેજ પ્રમાણે સરતના ઘોડા માફક પોતાના પગો ઠોકી તેણે પોતાના બુટ ઉપર બાઝેલું બરફ ખંખેરી કાઢીયું અને પછી હસતે ઉલટમંદ ચહેરે તે પોતાની વ્હાલી બેઠી હતી તે ઓરડામાં ધસીયો.

હેક્ટર સ્પરલીંગના ચહેરાની એટકે એક વળણમાં તેનો ધંધો લખાએલો હતો. બ્હાદુર, બેફીકર, બાજ પક્ષી જેવી તીણી આંખો, દુનીયાદારીના દગા કે છળકપટથી નીરાલો, ભોળો ભલો તે જવાન, રોયલ નેવીના ઓફીસર જેવો તે સેહજે જણાઇ આવતો. મીલીટરી કરતાં નેવીને ઘણું વધારે માન હોય છે અને ખુદ આપણા શેહેનશાહ જયોર્જ પણ જવાનીમાં નેવલ ઓફીસર હતા. એ કામજ એવું છે કે હિંમત, વફાદારી

ભય સામે ટક્કર અને ખરી મરદાનગી શીખવે છે. કદાચને જમીન ઉપર વસનારા બીજા પોતાના ભાઇબંધો જેવાં ભણેલા કે સોસાયટીને બરની સભ્યતાથી ભરપુર તેઓ નથી હોતા, પણ સચ્ચાઇ બ્હાદુરી અને પહેલવાનગીરીમ એક સીવીલીયન કે મીલીટરી કરતાં નેવલ ઓફીસર ઘણે દરજ્જે ચઢીયાતો છે એ તો જાણીતી બીના છે. તેની સુંદર બ્લુ આંખો હસતા હોઠ અને હોકમ કરતી ઢબછબ ઘણીજ દીલ જીતી લે એવી હતી.

"લીલી, તું એક ખબર સાંભળી દલગીર થશે, ડીયર" તેના પગ પાસે મુકાએલાં સ્ટુલ ઉપર બેસી જતાં તે જવાન બોલીયો. "મને પાછુ જવું છે. આ વખતે છ માસની રજા આગમજ મને જવું છ; કેપટન સ્ટીવર્સને આદમીઓ જોઇએછ અને મને તેણે વહેલો બોલાવીઓછે; કાલે સાંજે પોર્ટસ્મથથી મારે ઉપડવુંજ જોઇએ." તેણે લીલીના ચાંદી જેવા રૂપાળા હાથો પોતાના હાથમાં લીધા. તે છોકરીએ એક મોટી હાય ફેંકી

"તું ફકર ના કર, લીલી, આ વખતે મને છ મહીના શેકાઇ રહેવું પડશે નહી. હું વેહેલોજ પાછો ફરશ એમ ધારૂંછ. મડીરા, જીબ્રાલ્ટર અને લીસબન થઇને ઘર " તેણે સુચમીજાજે ધીરજ આપી.

" જાણે એવું લાગેછ કે તું ગઇ કાલેજ જમીન ઉપર ઉતર્યો હોય " લીલી ફીકકે ચેહેરે બોલી.

" મારૂં ગરીબડૂં સુફેદ પુલ ! તું ના આટલી દીલગીર થા. જોજે રોબર્ટ, મારી લીલીની તું બરાબર સંભાળ લેજે. મારી ગેરહાજરીમાં એને ખુશ રાખવાનું હું તુને સોંપું છ. અને મારી મીઠી, હવે હું પાછો આવસ ત્યારે જરાંએ થોભનાર નથી, આપણે વેહેલાંજ પરણીને એક થઇશું–"

" પણ હેક્ટર, તુ ભુલી જાએછ, તારો પગાર આટલો–" લીલી બોલવા ગઇ.

" પગાર કે પૈસા મને હવે વધુ વખત તારેથી દુર રાખનાર નથી ! એ કરતાંબી ઓછી કમાણી ઉપર મારા બીજા ભાઇબંધો પરણ્યા છે, તેઓનું કેમ ? આપણુને એકદમ ઘર માંડવાની શું જરૂર છે? તું મારા બુઝર્ગ પીતાજી સાથે મારી ગેરહાજરીમાં રહી શકશે. તું ગરીબાઈથી ડરતી તો નથીની ડીયર ?"

" અલબત નહી. "

"મારા બાવા બસ એકજ બોલ પકડીને બેઠા છે, તે વણુ મને કહેછે કે થોભ, થોભ, થોભ; હું એવણને કેહુ છ કે એક ધર્મગુરૂ કરતાં એવણે એક લશકરના ઉપરી થવું હતું, ત્યાં એવણુની સખ્તીને બધાં તાબે થતે પણ હું તો હવે વધુવાર થોભનાર નથી. તુંબી તારા પપા સાથે વાત કરી રાખજે. લીલી, બસ હું પાછો ફરીયો કે મારાં બેઊ

ચોવીને મારે હસ્તક લેવામાં હવે જરાખી ઢીલ રાખશ નહી જે ડીયર, હમેં કયે કયે પોર્ટ લાંગરશું તે તથા તારીખ સૌ અહીં લખી રાખેલું છે. તારૂં મીઠું કાગલ મને દરેક બારાંમાં મલવું જોઇએ, હં.”

આટલું કહેતાં તેણે પોતાનાં અંદરનાં ગજવામાંથી એક કાગળયું ખેંચી કાઢીયું, પણ લીલીને આપવાને બદલે તેણે ડોળા ફાડીને તે જોયાજ કર્યું.

“બાપ દાદા આવો !” અંતે તે અજાયબીથી પુકાર્યો.

“જો રોબર્ટ, એને તું શું કહે ?”

“બત્તીની સામે ધર, જોવું.” પોતાના કામમાંથી ઉઠીયા વગર ડોકીયું ઉચકીને રોબર્ટે કહયું. “કાં? આ તો પચાસ પાઉન્ડની બેન્ક નોટ છે, એમાં હું કાંઇ અજાએબી જેવું જોતો નથી.”

“નહી તે કેમ ? હું તો અચરતીમાં ડુબી ગયોછ, એ કેમ બને !” તે જવાન બોલીયો “પેલો તો આપેજ નહી.”

“ચાલ, જોવું, હેકટર, એ માટે તુને શું કહેવું છે તે કહી સંભળાવ અને આજે જે એક મોટી અજાએબી મેં અનુભવી તે પછી હું તુને કહીશ. જો મારી હકીકત તારા કરતાં વધારે રસીલી માલમ પડે તો તારે મને એક જોડી ગ્લવ્ઝ ભેટ આપવાં, કબુલ ?” લીલી બોલી.

"ઠીક કબુલ. એ રોબર્ટ, તું સાક્ષી રહેજે." તે જવાનીઆએ ખુશ હલકે કહયું.

"બોલો, એક પછી એક હું બન્નેને સાંભળીને મત આપું." હવે રોબર્ટ પોતાનું ચીતરવાનું બાજુ કરી ઉઠીયો. "લેડીઝ ફર્સ્ટ ! ચલાવ લીલી, તુને શું કહેવું છે, તું પહેલાં બોલ."

"આજે સવારે હું ફરવા ગઇ ત્યારે–અરે પણ હેક્ટર તું સાંભળીને ચીરડાસે તે તો હું ભુલીજ ગઇ;પણ તે બીચારો તદ્દન દીવાનો આદમી હતો એમાં તો શક નહી."

"પણ થયું શું તે તો જરા કહેશે ?" હવે તે જવાનની જીજ્ઞાસા ઉશકેરાઈ.

"ઘણું જ વીચીત્ર. સવારે ફરવા ગઇ ત્યારે રૂતુ ખુલ્લી હતી તેટલામાં એકાએક બરફનું તોફાન નીકલી આવ્યું એટલે આ સામેના પહાડ આગળ પેલો નવાઇ જેવો સુંદર મહાલ બંધાએ છે તેની ઉપર કામ કરનારાઓએ જે છાપરીઓ બાંધી છે, તેમાં મેં તરત આસરો લઇ લીધો. એ મકાન હવે સમપુર્ણ થવા આવ્યું છે અને કામદારોએ રૂખસદ લીધી છે અને મહાલના માલેક હવે અહીં આવીને રહેવાના છે એમ સંભળાય છે, પણ તે છાપરીઓ હજુર ઉખેડી લીધી નથી. હુ એક લાકડાંનાં ખોખાં ઉપર તુફાનના વહી જવાની વાટ જોતી બેઠી તેટલાં એક સખસ આવીને મારી છાપરી હેઠળ આસરો લેતો ઉભો. મુએ મોટ

નો સાધારણ દેખાવનો ફીક્કો ફાંવલો જેવો ત્રીસેકની ઉમરનો હશે. પહેરવેષ સાદો હતો, પણ દેખાવ તદ્દન ગૃહસ્થના જેવો મને લાગીયો. તેણે મને આપણાં ગામડાં અને અહીંનાં રહીશો માટે બે ચાર સવાલો પુછ્યા જેના મેં જવાબ આપીયા એટલે હમારા વચ્ચે વાત ચીતનું ગાડું ગબડવા લાગીયું. વખત એટલો નીકલી ગયો કારણ તેની વાતો ઘણીજ રસીલી હતી, તેટલામાં તેણેજ મારૂં ધ્યાન ખેંચ્યું કે બરફનું તુફાન સમી ગયું હતું, અને હજુર તો હું ત્યાંથી જવાની તૈયારી કરૂં છ તેટલાં તું શું ધારે છે તેણે શું કીધુ? તેણે એક પગલું મારી નજદીકમાં ભરીયું અને ગંભીર દલગીર આંખે મારા તરફ જોતાં કહયું. 'હું અજબ થાઉં છ કે જો હું એક પાઈ વગરનો હોઉં તો તું મારી દરકાર કરે કે?' કેવું વિચિત્ર બોલવાનું, નહી વારૂં ? હું તો એટલી ગભરાઈ ગઈ કે એક સખુનબી બોલીયા વગર તે છાપરીમાંથી ન્હાસી ગઈ. પણ હેકટર શું છે ? એટલો લાલ તુતી જેવો શાનો થઇ ગયો? બીચારો કોઇ તદન હાર્મલેસ આદમી હતો; મારી ખાત્રી છે કે અનાયાસે તેનાથી પોતાના વીચારો મોટે સાદે બોલાઇ ગયેલા હોવા જોઇએ. મને તો લાગે છે કે તે બિચારો અડધા ઘેલા જેવો હતો, જો કે વાતચીતમાં અતિ ઘણો બાહોશ જણાયો."

"હું ! ઘણીક વાર એવા ઘેલા ગધેરાઓને લાતનો સરપાવ મળવે લેજું ઠેકાણે આવી જાએછ" તે જવાન લેફ્ટેનન્ટ દાંતીયાં પીસી બોલીયો, "મે આવી નફ્ટાઇ તો કદી સાંભળી નથી."

"જો મેં નહી કહયુંતું કે તું વગર કારણે ચીરડાસે ?" લીલી તેનાં દમામદાર માથાં ઉપર પોતાનો સુવાલો હાથ ફેરવતાં બોલી. "એ વાતમાં શું દમ હતો ? હું કોઈબી વાર પાછી તેને મલું એવો સંભવ તો છેજ નહી. આ આપણાં ગામડામાં તે તદન બેગાનો હતો; પણ આ મારો આજનો વિચિત્ર અનુભવ છે. હવે બોલ, તુંને શું કહેવું છ ?"

તે જવાને ફરી પાછું અજાએબી સાથ પેલી બેન્ક નોટ તરફ જોયું. "કાંઈબી મોટી ભુલ છે ખરી, મારે તે સુધારવી પડશે પણ તે કેમ સુધારવી તેજ નહી સમજ પડતી તો. હમણાં સાંજે હું મારાં મકાનમાંથી નીકળ્યો ત્યારે અંધારૂં થવા આવેલું, તેટલાં જોઉંછ તો રસ્તામાં એક નાજુક ન્હાની ડૉગકાર્ટનું એક પૈડું બરફના ઉંડા ખાંચામાં અટકી ગયેલું અને તેનો હાંકનાર એક તરફ ઢલી પડવાની અણી ઉપર હતો, તેટલાં મારી કુડકોને મેં તેને ઝીલી લઇ તેની બેઠક ઉપર સીધ્ધો કીધો અને પછી ઝટાકા સમેત તેનું પૈડું બરફમાંથી ઉઠાવી ગાડી છુટી કરી આપી. તે કાંઇ એમજ સમજેલો કે હું કોઇ ખેડુત હોવાસ

કારણ હમારા વચ્ચે ઝાઝા સખુન આપ લે થએલા નહી. ગાડી હંકારી જતાં તેણે મારા હાથમાં આ નોટ સેરવી દીધી, હું સમજીયો કે પોતાના ધંધાની કાંઇ જાહેર ખબર હશે એટલે મેં તે કાગળયું અંધારામાં મારે ગજવે ઉતારીયું અને અહીં આવીને જોઉંછ તો તે પચાસ પાઉન્ડના બેન્ક નોટ છે. હવે શું કરૂં ?"

તે બન્ને ભાઈ બેને અચરતીથી તે નોટ ગમ જોયું.

"જયાં છે ત્યાં એ તારો બેગનો મુસાફર કાઉન્ટ ઓફ મોંટે-ક્રીસ્ટો, અથવા તો બેરન રોથસ્ચાઇલ્ડ હોવો જોઇએ." રોબર્ટ બોલ્યો. "બાકી એમ રસ્તે સેરીએ પચાસ પાઉન્ડની નોટ નજેવાં કામને ખાતર લોકો હાથમાં સેરવી દેતાં નથી. મારે કહેવું જોઇએ લીલી કે તું તારી સરત હારીછ. હેકટરની કહાણીમાં વધારે વિચિત્રતા છે."

"હું સરત હારી તે માટે જરાબી દલગીર નથી, કારણ આ કેવો સારો નસીબો, હેકટર! કેવો ઓરખાણ કરવા લાયક ઉમરાવ દિલનો તે સખસ હોવો જોઇએ!"

"અરે પણ મારેથી એમ કોઇનો પૈસો નકામો લેવાય કે ?" હેકટર બોલી ઉઠયો. "વળી બે પાંચ

શીલીંગ હોય તો સમજ્યા, કે ઘણું તો એકાદ સોવરેન, પણ આય તો હદ થઇ ગઇ: અને બીજું તો શું, કદાચ બીચારાએ ભુલ કીધી હોય, પણ તેમ હોય તો એકાદ સીક્કોજ એ આપતે, નોટ શું કામ કાઢી આપે? હું ધારૂં છ કે મારે તે આસામી માટે જાહેરખબર આપવી જોઇએ."

" કેવો તું વિચિત્ર છે, હેકટર, તેણે ભલાં દિલથી આપી તો તું ભોલાં દીલથી સ્વીકારતો કાંય નથી?" લીલીને આ વાત ગમી નહી. "તેં એ બીગાનાને પડતો બચાવીયો, કદાચ તેં ધારીયું તે કરતાં વધારે જોખમમાં તે હશે અને તે આતબર આસામીને મનસે એટલી રકમ કાંઇ બીસાદની નહી હોય. એ નોટ રાખી લેવામાં હું તો કાંઇ વાંધો જોતી નથી."

" બાપરે ! અને મારી મેસમાં મારા ભાઇબંધો જાણે તો મારૂં નાક નીકલી પડે ! " તે જવાન હસતાં બોલીયો, "નહી નહી."

"પણ કાલે તો તું ઉપરી જવાનો છે." હવે રોબર્ટે કહ્યું. " અને પેલા ભરમભરીયા ઉદાર દીલના આદમી માટે શોધખોળ કરવાને તુને વખતજ કાંહ છે?"

" જો, ત્યારે લીલી, આપણે એમ કરીએ. આ નોટ તું રાખ, જાણે તું મારી નાણાવટી ! અને જ્યારે એનો

જરા માલેક મળી આવે ત્યારે હું તેને તારી પાસે મોકલાવ એટલે તું તેને સંપુરત કરજે; બાકી એ પૈસા મારી પાસે હું જુદાઇએથી રાખી લેવા ખુશી નથી.” આટલું કહેતાં તેણે ઉઠીને લીલીની વર્ક–બાસ્કેટમાં નોટ મુકી. “ અને હવે, મારી લીલી, મારે જવું જોઈએ. મારા પીતાજી ખાણાં માટે મારી વાટ જોતા હશે. તું ખાત્રી રાખજે ડીયર કે આ વખતે હું છ મહીના પહેલાં પાછો આવસ. ગુડબાય મારી મીઠી. રોબર્ટ, ટટા અને ગુડ લક.”

“ બૉ વોયજ, હેકટર.”. રોબર્ટ તેનો હાથ મજબુત હીલાવતાં બોલીયો. તે ત્યાંજ બેસી રહયો જ્યારે પેલાં બન્ને અદરાએલાં ઓરડાની બ્હાર સાથે ગયાં. રોબર્ટને તેઓની વાતચીત વરન્ડા ઉપરથી આવતી પરચશે સંભળાઈ.

“ ગુડબાય, હવે થોડા વખતમાંજ મારી પોતાની થનાર મારી મીઠી! મને જવાનું ઠેવું જીવ ઉપર આવેછે. બોલની, હું પાછો ફરસ કે તું મારીજ થશે કેની ?”

“ હા તારીજ. ”

“ સદાની મારી ! ”

“ સદાની. ”

રોબર્ટે હાપણ વાપરી ઓરડાનો દરવાજો બંધ કરી દીધો. એકાદ મીનીટ પછી તે જવાનનાં ભારી પગલાં બ્હાર બરફમાં વાગી રહયાં અને તેણે જાણીયું કે ડેકટર સ્પરલીંગ ગયો હતો.

પ્રકરણ બીજું.

બરફ વરસવું બંધ થયું હતું, પરંતુ અઠવાડીયું વહી જવા છતાં તેની અસર અને સાબેતી ટાઉનસેન્ડનાં ગામડાંમાં મોજુદ હતી. ઠારે ઠારે સ્નો પીગલીને ન્હાનાં ન્હાનાં કીલ કીલ કરતાં નાલાંઓ અને મરોરદાર સરોવરો ઉભાઈ જતાં હતાં. ઠંડી સખત પડતી હતી પણ ત્યાંનો દેખાવ એટલો દિલપઝીર લાગતો હતો કે એક ચીતારાને તે જન્નતની પ્રતિમા જેવો પ્રીય લાગે.

અને ત્યારે બેશક રોબર્ટ, કે જે બચપણથી કુદરતની બળીહારીની પીછાણ કરતોજ ઉધર્યો હતો, તેને બડી બામદાદમાં ઉઠીને ટાઉનસેન્ડની સુંદરતા નીહાલતો પહાડોની કઠણે ફરતો જોવો એ અજાએબી નથી. આવી વખતે તેની માનીતી પીછી અને કેનવાસ તો તેની સાથેજ બણવાં. હાલમાં તે પોતાના મકાનની સામે આવેલા પહાડ

ઉપર ચઢી, તેની બીજી તરફ ઉભેલાં એક મહાલ જેવાં ગોટાં મકાનને વખાણની નજરે જોતો હતો. કાલાં માણસનો માનવી બી શું શું કરી શકે છે તેનો એક ખુબી ભરીઓ પુરાવો જોવો હોય તો તે મુસ્તકીમ કિલ્લાની રોનક હતી. હિંદુસ્થાનના આગ્રા ખાતેના અસલ મોગલ વંશના બાદશાહે બંધાવેલા દુનીયા વર્ણના તાજમહાલ જેવી ચોખ્ખી, નિરમળ, સુફેદ, પણ સદીઓ સુધી કશી અલવલ ન આવે તેવી મજબુત દિવાલો સાથનો મહાલ કાંઈ સેંકડો બંધ બારીઓ ધરાવતો હતો, જે આજે ચો તરફથી ખુલ્લી મુકાએલી જોઈ રોબર્ટને લાગીયું કે તે નવાં બંધાએલાં મકાનનો માલેક ત્યાં રેહવા આવી ચુકેલો હોવો જોઈએ. તેનાથી સેહજ છેટે એક બીજું મકાન ઉભું કીધેલું હતું, જેની વચ્ચોવચમાં એક મોટી ચીમની પોતાની રાક્ષસી ડોક પહાડના શીખર જેટલી ઉંચે ઉઠાવી ઉભી હતી અને જેમાંથી હાલમાં ઘણુ ધુમાડો ઉડીને હવાઈ વાદલાં જમાવતો હતો.

ટાઉનસેંડનાં તે ગામટાંમાં આ મકાને અજાએબીનો હોહોકાર મચાવી મુકીયો હતો અને હજુર સુધી ત્યાંનાં રહીશો તેના માલેક માટેની તરેહવાર અટકલો ચલાવતાં થાકીયાં ન હતાં. એકાદ વરસની વાત ઉપર પેહલવેહલી ત્યાં ખબર આવી કે ટાઉનસેંડના પહાડની પેલી બાજુની

જ્યુતલ જમીન એક પરદેશી માતબર સખસે ખરીદી લીધી હતી અને તે ઉપર તે એક આલીશાન મકાન ઉઠાવનાર હતો. પરંતુ જે રીતે રાત અને દહાડો સેંકડો તો શું, પણ હજારો કામદારો તે બાંધણી પછવાડે મંડીઆ રહયા, અને અમલા ઉપર અમલા અને ટાવર ઉપર ટાવર ચઢતા ગયા, તેમ તેમ ત્યાંના ગામડીયાઓ તેના માલેકની દોલતની આંકણી કરતા ગયા, અને પહેલાં જેને લક્ષાપતી ધારીયો હતો તેને થોડાજ વખતમાં કરોડપતી અને આજે અબજોપતી ધારવામાં આવતો. દર સવારે સ્પેશીયલ ટ્રેન મારફત ખાસ બરમીંગહેમથી હજારો કામદારો આવતા અને સાંજના બીજી સ્પેશીયલ છુટતી જેમાં રાતપાળીનાં કામ માટે બીજાં માણુસો આવતાં અને સવારવાલાં પાછાં ફરતાં. ચો બાજુ ફરતી કીધેલી ભભુકદાર વીજલીક રોશ-નીમાં આખી રાત કામ ચાલુ રહેતું. તેવીજ બીજી ટ્રેનો ભરીને પોર્ટલેન્ડનો ઉત્તમ મજબુત પત્થર, ચુનો, સીમેંટ રોજીંદાં આવતાં, અને અલાદીનના જાદુઈ ફાનસ મુજબ લોયા આંખ વીંચીને ખોલે તેટલાં જોત જોતામાં તે ભવ્ય મકાન અજબ બુલંદીએ પોંહચી ગયું. એટલુંજ કયાં બાકી હતું ? પછીથી લંડનથી નામાંકિત ઈજનેરો અને નામીચા શીલ્પશાસ્ત્રીઓએ આવવા માંડીયું; તેઓ જાત જાતની નવી શોધોનાં મશીનો અને ભુંગળાંઓ, પૈડાંઓ

અને તારો લેતા આવ્યા અને પોતાનું મહાન બેજું કરી મોટા મોટા એક્ષપર્ટસ યાને પુસ્વીણોએ ત્યાં અજબ જાતનાં સાંચાકામો ગોઠવીયાં. બ્હારથી જોનારને તે કાંઈ દેખાતાં ન હતાં, સિવાય કે ચીમનીઓની ઉંચી ઉઠી થયેલી ગંજાવર ડોક. વાત એમ ફેલાઈ હતી કે આ કોઈ અબજોનો ખઝાનો ધરાવનાર પરદેશી સખસ, એક ગરીબ આદમીની માફક રસાયણી કામો ભઠ્ઠીની આગળ પોતાને હાથે કરવાનો શોખ ધરાવતો હતો અને તેટલાં ખાતર તેણે પુષ્કળ ખરચ કરી જાત જાતની મશીનરી ત્યાં ગોઠ-વાવી હતી. પૈસાનો તો જાણે કશો સવાલજ ન હતો! એક આખું શેહર વસાવતાં આટલો ખરચ નહી થતો હશે. દુનીયાના એક મશહુર શેહરમાં જે કાંઈ જોવા અને ભોગવવા જોગ મોટાઈ હોય તે બધી જાણે આ માલેતુજાર સખસે ત્યાં એકઠી કરી હતી. પણ જ્યારે દિવસની ડજન ટ્રેનો ભરી ભરીને ઉત્તમમાં ઉત્તમ ફરનીચર આવવા માંડીયું અને સેંકડોબંધ ગાડાંઓમાં ભરાઈ ટાઉનસેંડના રસતાઓ ઉપરથી પેલા માતબર મહાલ તરફ જવા લાગીયું, ત્યારે ત્યાંના ગામડીયાઓ બીચારા ડાચાં વકાસી દંગ થઈ ગયા એમ કેહવું સહરાધાતી નથા. બેકિંમતી ગાલીચા, મોંઘાં ડાટ ચામડાંઓ, સંગે મરમરના અબનુસી અને જાતજાતનાં ધાતુઓ સાથે નક્કર ચાંદી અને સોનાનાં ફેર-

નીચર જોવાં, એ ગામડીયાઓને મન આખી દુનીયાના ખજાના જેવું હતું ! જયારે છેવટે બધું ત્યાં ગોઠવાઈ રહયું ત્યારે બસો નોકરોના રસાલાએ પેહલાં ત્યાં આવી તે માતબર મહાલના માલેક મી. શેપર બેરૂચ હવે પધારનાર હતા તેની આમદ પુકારી.

અને જયારે જવાન રોબર્ટ મેકીનટાયરે આજે જોયું કે તે મહાલની એકેક એક બારીઓ ખુલ્લી મુકાઈ હતી, ત્યારે તેણે માનીયું કે શેપર બેરૂચ આવી પુગેલો હોવો જોઈએ. ગએ અઠવાડીએજ પચાસ તેજી સુંદર ઘોડાઓ તે મકાનના તબેલામાં બંધાયા હતા; ડઝનો બંધ ગાડીઓ અને મોટરો ત્યાં આવી પુગી હતી અને નોકરોના કેહવા પ્રમાણે મહાલમાં આવીને વસનાર તેનો માલેક તો એકલો અટુલો હતો. શા માટે ત્યારે આ એક મર્દ પોતાના એકલાનાં સુખ માટે આટલો મબલખ પૈસો ખરચતો હતો ? રોબર્ટના ફીલસુફ મગજમાં તે ઉતરવું મુશ્કેલ લાગીયું. તેણે વિચારીયું કે ટાઉનસેંડમાં તે માતબર આસામી તદન નવો હતો, મગર બરમીંગહેમમાંબી કોઈ જાણતું નહતું કે આ શેપર બેરૂચ કોણ હતો અને તેણે આ અબજોનો ગંજ કેમ મેળવીયો હતો. એકાએક તેની પાછળ પગલાં પડીયાં એટલે રોબર્ટે ફરીને જોયું.

પાદરીના કાલા ઝબ્ભામાં સજ થએલા એક પાતલા આકારને જોતાંજ રોબર્ટે ઝટ ટોપી ઉતારી.

" ગુડ મોરનીંગ, મી. સ્પરલીંગ. "

" ગુડ મોરનીંગ, રોબર્ટ, કેમ છેઓ ? મારે રસ્તેજ આવવુંછ કે ? રસતા કેટલા ચીકણા થયાછ, નહી વારૂં ! " હેકટરના પીતાએ કહયું.

તેનો ચહેરો ખુશાલીથી હસતો હતો, જાણે તેણે કાંઈ ઘણીજ ખુશ ખબર સાંભળી હોય અને તેથી તેનો હર્ષ માયો સમાયો નહી જતો હોય.

" હેકટર તરફથી કાંઈ ખબર આવી કે ? "

" હા, ગયા બુધવારે મારો દીકરો અહિંથી સલામત ગયો અને હવે મડીરાથી કાગલ લખશે. સ્પીટહેડથી ખબર આવી ગઇ કે એ ઉપડીયો, પણ તારે ત્યાં તો છેલ્લામાં છેલ્લી ખબર આપવી જોઈએ. લીલી કેમ છે ? "

" ઠીક છે, પણ હું એમ પુછું, મી. સ્પરલીંગ, કે તમે પેલા નવા આવનારને મલી આવ્યા કે ? " રોબર્ટે પુછીયું.

" હા, હમણાંજ મુલાકાત આપી આવ્યો. " તે પાદરીએ ઉલટમંદ અવાજે કહયું.

" એ પરણેલો આદમી છે કે ? "

" નહી, કુંવારો છે, અને હું નહીધારતો કે એના કોઈ સગાં વહાલાંઓ હોય, મતલબ કે મને તો ત્યાં કોઈ દીસીયું નહી. એક પલટણ જેટલા નોકરો સાથે તે એકલોજ રહેછ; એનો મહાલ એટલો નવાઈથી ભરપુર છે કે મને તદન અરેબીયન નાઈટસ યાદ આવી. "

" અને શેપર બેરૂચ–તે પોતે કેવો છે ? " રોબર્ટે પુછયું.

" એક ફરેસ્તો–ચોખ્ખો ફરેસ્તોજ જોઈ લેવો. આવું ઉદાર દયાળુ જીગર અને આટલું દરીયાવ દિલ મેં કદી આગળ જોયુંબી નથી અને સાંભળયુંબી નથી. એણે મને ઘણોજ ખુશી કીધોછ. "

રોબર્ટે અજાએબીથી તેના તરફ જોયા કર્યું.

" હું સાંભળીને ઘણો ખુશી છું, પણ મહેરબાની કરીને કેહશો કે તેણે શું કીધું ? "

" હા ! આજે ગોઠવણ મુજબ હું તેને મલવા ગયો. મેં એના આગળ આપણાં ગામડાંની જે જે જરૂરીયાતો છે તે કહી સંભળાવી. દેવલનો એક ભાગ કેમ છેકજ બીસ્માર થતો જાએછ તે કહયું. બીચારાં ગરીબ ગામડીયાંઓ

આવી સખત ૠતુમાં કેટલાં હેરાન થાએછે ને કેટલાકો નોકરી વગર કેટલી મોહતાજમંદી ભોગવે છે તે બધું મેં કહયું તે ગુપચુપ બેસીને સાંભળ્યા કીધું. મને તો પેહલાં એમ લાગીયું કે તેના ઉપર કશી અસર થઈ નહી હોય પણ જેવો હું બોલતો મુંગો રહયો કે તેણે એક કલમ ઉઠાવી મને પુછીયું."

'દેવલની મરામત માટે કેટલોક ખરચ થશે ?' મેં કહયું. 'એક હઝાર પાઉન્ડ, પણ તેમાંના ત્રણસો પાઉન્ડ તો મેં અત્યાર આગમજના ભરાવીયા છે.' પછી તેણે પુછીયું 'વારૂં, ગરીબ આદમીયોનું કેમ ? કેટલીએક ફેમીલી એવી મોહતાજ અહીં હોશે ?' મેંજવાબમાં કહયું કે ચારસો અરેખરાં મુફલેસ અહીં છે. તે સાંભળી તેણે કહયું.

'હાલમાં કોલસા ટન દીઠ એક પાઉન્ડની કિમતે મલેછ, દરેકને ત્રણ ત્રણ ટન કોલસા મલીયા હોય તો આ શીયાળાની આખી રૂતુ સુધી એ લોકોને ચાલી રંહે એમ ધારૂંછું. બ્લેનકેટ, કુટુંબ દીઠ પાંચ પાઉન્ડસ જેટલાના અપાવીયાં હોય તો ઠીક, અને ખાધ ખોરાકીના બીજા પાંચ પાઉન્ડ હાલ તરત મુકીયા હોય તો ચાલસે ?' આટલું બોલી તેણે કલમ શાહીમાં બોળીને ત્યાંને ત્યાં મને મોટો ચેક ભરી આપીયો. રોબર્ટ, હું તુને ખરૂં કહુંછ કે

ચોકીક ખત તો મેં એક બેવકુફ માફક તેનું મોઢું જોયા કીધું. ઉપકાર માનવાનીબી જાણે મને સુધ રહી નહી. એકકે તડાકે મને કેવી મોટી મુજવનમાંથી એણે બચાવી લીધો. બોલ ! તેં કોઈ, દહાડોબી આવો ઉદાર આદમી જોયોછ !'

"એ ઘણોજ માતબર હોવો જોઇએ." રોબર્ટે કહયું.

"પણ તવંગરી તો દિલની જોઇએ. એમ તો માતબર કાહફનો આપણે કયાં નથી જોયા કે જાણીયા કે જે લોક પોતાને જીવેબી ખરચી જાણે નહી અને આ તો જાણે હું મદદ માંગવા ગએલો નહી હોઉં અને તે જાણે કાંઈ મારો દેવાદાર હોય તેટલી લાયકી અને નરમીથી વર્તયો. ચાલની, મારી સાથે વીકરેજમાં આવેછ કે, આજે આપણે સાથે નાસ્તો લઈએ."

"માફ કરો, મી. સ્પરલીંગ, હું આવી નહી શકતો. મારે ઘર જઈને મારાં કામ ઉપર મંડવુંછ."

"તે તો તારી મરજી, પણ આજે મારી ખુશાલી માઈ સમાઈ જતી નથી. જેટલો આનંદ આજે મને એ ગૃહસ્થે આપીયોછ તેટલી ખુશનસીબી ખોદાતાલા એને હરરોજ બક્ષે." વીકર ખરાં દિલથી બોલીયો. "વારૂં રોબર્ટ, તું તારૂં પીકચર પુરૂં કરવા ઉપર આવ્યો કે ? ખાત્રી રાખજે

કે આ વખતનું, તારૂં ચીત્ર રોયલ એકેડેમીમાં દાખલ થવા પામસે અને તું તારી મહેનતનો ઘણો સારો બદલો મેળવશે."

" તે માટે લાગવગ જોઇએ, મી સ્પરલીંગ. લાગવગ સિવાય બીજું કશુંજ નહી; બાકી ત્યાંના રાહઘાટ વિષે વધારે નહી બોલવામાંજ શોભા છે. અસલ ચીત્રો કેવી રીતે ચોરાઇ જાએછ, ભલતાં ઠેસવાઇ દેવાયછ, ખરા કીસબી ચીતારાઓ રખડતા થાએછ અને ખુશામતીયાઓ માન ખાટી જાએછ એ બધું મેં મારે જોખમે અનુભવીસુંછ. પેલી એક બહાદુર લેડીએ 'પેરેબેલા'ના પીકચરનું લોપાળું ફોડીયું તે તો તમે સાંભળ્યું હશે ?"

" હા, થોડા વખત સુધી તો પેરેબેલાનાં ખોવાએલાં ચીત્રે સૌ વચ્ચે ખલભલાટ ઉઠાવેલો તે મારા કાન ઉપરથી આવેલું. પણ હવે તો હું જતે, રોબર્ટ. આ નવાં હાથ ધરેલાં કામ ઉપર મારે ઉલટથી મંડીને બીચારા આપણા ગામડીઓનાં સુખ સગવડ ઉપર તાકીદે ધ્યાન આપવું જોઇએ. ગુડ મોરનીંગ."

ડૉકટરનો પીઠ ખુશાલ દીલે આગળ ચાલીયો અને રોબર્ટે પોતાના સ્ટુડીયો તરફ પગલાં ઉંચકીયાં. ઘરમાં તેનો બુઝર્ગ બાપ આખો દીવસ પૈસા અને દારૂ ઉપર

પાણજ આપીયો જતો હતો. અને હેકટરના, જવાથી પેલી ખુબસુરતીની દેવી, લીલી; સૌ સાથે ચીથરાંફારૂ જેવી થઈ ગઈ હતી, એટલે રોબર્ટ તેવી વખતે એકલો બેસીને પોતાનું કામ કરતો. એક ન્હાનું માત્ર બે ઓરડાનું કોટેજ તેણે જુદું ભાડે રાખીયું હતું જ્યાં પીકચરો રંગવાની સામગ્રી અને એકાદ ખુરસી ટેબલ સિવાય વધુ કશું નજરે આવતું નહી. બે ચીત્રો તેણે હાલમાં ચીતારવા માંડીયાં હતાં. ગરીબ રોબર્ટ ! તેના વિચારો અને ઉમેદો ઘણા મોટાં હતાં, અને જોકે બે વાર તેનાં ચીત્રો એકેડેમીના ઉંબરેથીજ પાછાં ફર્યાં હતાં પણ નવી ઉમેદોથી પાછો બીજાં પીકચરો ઉપર મંડતો.

પરંતુ આજ બપોરે તેની ગમે એટલી મરજી છતાં તેની પીંછીએ આગળ ચાલવા સાફ ના પાડીયું. તેનું ધક ધ્યાન બધું આજ સવારે મી૦ સ્પાર્લીંગ સાથે જે વાતો થઇ હતી ત્યાં અને ત્યાંજ દોરવાતું. પેલો કોઈ મહાન સખસ જે આ સામે આવેલી બાદશાહી ઇમારતમાં એકલો અટુલો રહેતો હતો, અને જેના પાસ એટલી શકતી હતી કે એક કલમના ગોદાથી તે સેંકડો નીરાધારોની દુખભરી ગરીબાવસ્થા એકકે તડાકે સુખના સાગરની રેલછેલથી ધોઈ કાઢી નાખી શકતો. હવે તેને પેલી પચાસ પાઉન્ડની નોટની યાદ આવી. બેશક હેકટરે જે આદમીની ગાડી કાદવમાંથી ઉઠાવી

આપવાની મદદ કીધી હતી તે આ કરોડપતિ શેપર બેરૂચ હોવો જોઈએ. હેકટર તેની શોધમાં હતો અને પેલી નોટ લીલીને સપુરદ કરતાં તે તાકીદ આપતો ગયો હતો કે તેનો ખરો માલેક મલી આવે કે તેને પાછી ફેરવવી. હવે તે પોતાનું કામ પડતું મુકીને ઉઠી ગયો. ઘરે જઈ આ નવી ખબર આપવા તે આતુર બની ગયો. બપોરે ખાણાં ઉપર રોબર્ટે આજની મી. સ્પરલીંગ સાથની વાતચીત પોતાના બાપ અને બેનને કહી સંભળાવી અને પચાસ પાઉન્ડની નોટનો માલેક આ અબજોપતિ શેપર બેરૂચ હોવો જોઇએ એવું પોતાનું અનુમાન તેણે જાહેર કર્યું.

"છટ ! છટ ! છટ! એમ કેમ, લીલી ? આ પચાસ પાઉન્ડની નોટની વાત તો છેક હું આજેજ જાણું છ !" બુઢાજી ઝટ બોલી ઉઠીયા. "બૈરાંઓ શું પૈસાની કિંમત કરી જાણે! અરે એ સાડીસાતસો રૂપીયાથી તો હું સાડી-સાતસો ધંધા કરી શકું ! લીલી, એ નોટ મને આપ અને એની જોખમદારીમાંથી હું તુને મુકત કરશ."

"તેમ કદી બનસે નહી, પપા," લીલીએ મજબુતીથી કહ્યું.

"અરે ખોદા, જોયું કે આ દુનીયા કેવી થતી જાએછ તે !" મેકીનટાયર પોતાના હાથો અફાળી બોલીયો "તું

એવી કએ દહાડે હતી ? છોકરી, આ પૈસાથી તો હું મારો સુસ્ત પડેલો ધંધો ફરી પાછો સજીવન કરી શકશ. તુને ગમે તો ચાર પાંચ ટકાનું વ્યાજ લેજે. જામીનગીરી જોઇતી હોય તો તારા બુઢા બાપનો બોલ શું બસ નથી ? લાવ દીકરા, એ નોટ મને આપ અને જોજે કે છ મહિનામાં તો હું તુને વ્યાજ સીકકે એ તારા બધા પૈસા પાછા ફેરવું છ કે નહી."

"એ પૈસા મારા નથી, પપા, હું તો ફકત હેકટરની શરાફ જેવી છું. અને મારેથી કોઇનેબી ઉછીના આપી શકાય નહી. રોબર્ટ, કદાચ તારૂં ધારવું ખરૂં હોય કે આ નોટ આપનાર આ શેપર બેરૂચ પોતેજ હોય, પણ હેકટરની રજા વગર હું એ નોટ તે આસામીનેબી આપનાર નથી."

"એમ તારૂં બોલવું તદન ડાપણભરીયું છે, દીકરી. તે પરદેશીને શાની એ નોટ પાછી આપે ?" બુઢાજીએ પટામણે અવાજે બોલવું ચાલુ રાખીયું. " એ કાંઇ ન્હાની-સુહની રકમ છે કે આપણાં ઘરમાંથી જવા દઇએ?"

રોબર્ટનો જાતી ખવાસ અમીરી અને કુદરતની બાજીહારીના પરસ્તાર જેવો હતો, એટલે આતા બાપ બેટીના કુથલાથી તે હમેશા કંટાળતો. જેવી છેલ્લી ડીશ

પુરી થઇ કે તે તરતજ તેઓને એકલાં છોડી બ્હાર પડીયો. ખુલ્લી હવા અને તે મીનોતુમની સુંદર પેદાયશ વચ્ચે તે સદા ખુશાલી મેળવતો, એટલે નબલાં મગજના તેના પીતાનો પૈસાનો ચાલુ રડાકુટો તે ઘણું દુખ વગર તામોસ કરી શકતો નહી.

તે જવાન ફરી એકવાર સામેનો પહાડ ચઢી વહેતાં નાલાંઓની સરોબરમાં નીચેથી વાંક લેતો બીજી તરફ ઉતરી ગયો. આ વાર તેનાં મગજમાં પેલાં નવાં મકાનના માલેકના વીચારો ઘોલાતા હતા, તેવામાં તેની નજર ત્યાં ઉભેલા એક સખસ ઉપર પડી. તેના મોંહમાં તંબાકુની એક પાઇપ પકડાએલી હતી અને જોરમાં ફુંકાતા પવનના સુસવાટા સામે આડી ટોપી ધરી તે એક મેચીસ સલગાવવાની તજવીજ કરતો જણાતો હતો. તેનો દેખાવ ત્યાંના એક કામદાર જેવો હતો. તેના કોટની બાંહે ઉપર સુધી ચઢાવેલી હતી અને તેનું મોહડું હાથ મેસ અને ધુળથી ખરડાએલાં હતાં. રોબર્ટે જોઇ લીધું કે આ કોઇ કામદારને તંબાકુની ફુંકણીની તલબ થઈ હતી અને તે સખત વાવીજોડાંમાં મેચીસ સળગાવી આપવામાં તેને મદદ કરવા ગયો.

"થેંક્યુ." તે બોલીયો. તે સાધારણ કદનો હતો, પણ તેની ઠીંગણી ડોક ઉપર એક જબરજસ્ત મોટું માંથું હતું.

પોહલું કપાલ, ગીચ્ચ ભવાં, ન્હાની આંખો, મોટા કાન, સરખું નાખ સાથે એક સરખા દાંતો તે ધરાવતો હતો. જોકે તેનો પહેરવેષ કામદાર વર્ગ જેવો હતો પણ નજદીકથી જોતાં તેના ચહેરાના રૂઆબથી રોબર્ટ અજબ થયો. તેણે ધાર્યું કે દેશ દેશાવરથી જે મોટમોટા ઇજનેરો અને કારીગરો ત્યાં આવતા હતા, તેવો તે એક ઇજનેર હોવો જોઇએ. હવે પેલાં નવાં મકાન માટે કાંઇ વધારે જાણવાનું મલશે એમ ધારી રોબર્ટે પેલાની પાઇપ સળગી રહયા બાદ તેના સાથેજ આગળ ચલાવીયું.

" આ નવા મહાલ તરફ તમે જાવોછ કે ? " રોબર્ટે પુછીયું.

"હા" તે આદમીએ થોડોક વિચાર કરીને કહયું.

" કદાચ તેની બાંધણીમાં તમે ભાગ લીધો હશે? "

"હા" તેણે તેજ પ્રમાણે પાછું ધીમે ધીરે અવાજે કહેયું.

" લોકો કહેછ કે આ મહાલ અંદરથી ઘણોજ નવી નવાઇઓથી ભરપુર છે, તેમ ખરેખરજ છે કે વારૂં ? "

" હું નહી જાણુતો કે લોકો એને માટે શું કહેછ. મારા સાંભળવામાં કાંઇ આવ્યું નથી. "

તેની ઠઠ્ઠછબ લાયકી ભરી છતાં તદ્દન ઠંડી હતી. તે બેશક બહુબોલુ તો હતોજ નહી; પણ અવારનવાર તે પોતાની ઝીણી આંખોને છેડેથી તે જવાન તરફ શંકાશીલ નજર ફેંકતો હતો. રોબર્ટની ખાસીયત જીજ્ઞાસુ નહોતી, પણ આ નવા મહાલથી તે એટલો ચકિત થઇ ગયો હતો કે કાંઇ બી વધારે જાણવા તે ઉત્સુક બનીયો.

" ઓહ ! આ રહી તે ઈમારત ! " એક વાંક લેતાં રોબર્ટ ઉભો રહી ગયો. " કેવું ભવ્ય મકાન ! શું મોટાઈ અને દબદબો ! પણ બેશક કોઇ મને પુછે તો હું કહું કે આ બાદશાહી મકાનમાં રહેવાનાં કરતાં હું મારાં ઝુંપડાંમાં વસવાનું વધારે પસંદ કરૂં."

પેલા કામદારે ગંભીરાઈથી તેના તરફ જોતાં પુછીયું: "ત્યારે તમે પૈસાને વખાણનાર નહી હોવા જોઇએ ?"

"નહી, હું છેઉં તે કરતાં એક પાઇબી વધારે માતબર થવાને હું આતુર નથી. અલબત મને મારાં પીકચરો વેચવાનો લોભ છે, કારણ જીવવા માટે થોડું ઘણું કમાવું તો જોઇએ; પણ તેથી જયાદા મને કશું જોઇતું નથી. હું ખાત્રીથી કહુંછ કે મારા જેવો એક ગરીબડો ચીતારો અને તમારા જેવો એક રોજીંદાર, આ સામા મહાલના ધણી કરતાં વધારે સુખી હોઇશું." રોબર્ટે કહ્યું.

"હું ધારૂંછ કે તમે ખરા છો." તે એક મોટો દમ ખેંચી ધીમેથી બોલીયો.

"પૈસા ગમે એટલા હોય પણ ખુદ કુદરતની બલીહારીની પ્રતિમા ઉતારવી અને ચિતારનો હુન્નર સંપાદન કરવો એના જેવું સુખ અને ખુશનસીબી હું બીજાં કશાંમાં જોતો નથી. મારા આ હુન્નરથી હું પોતાને માતબર માનુંછ. અલબત તમે ઘર બાંધી શકોછ એબી વખાણવા જોગ હુન્નર છે, મગર, મારા મત પ્રમાણે કુદરતની ખુબસુરત નકલ કરવી એના જેવી શ્રીમંતાઇ બીજી કશી નથી." રોબર્ટ ખરાં દિલથી બોલીયો.

પેલો કામદાર ચાલતાં થોભી ગયો. તેના ચહેરા ઉપર અજાએબી ખુલ્લેખુલ્લી જણાતી હતી.

" તમને એમ બોલતાં સાંભળી મને ખરેખરી ખુશી ઉપજીછ. ત્યારે દુનીયામાં એવાબી કોઈ છે ખરા કે જે સોનાને પુંજનારા નથી પણ કીસબને વખાણનારા છે. ધન છે, જવાન ગ્રહસ્થ. મને જરા તમુને ચાંપીને શેકહેન્ડ કરવા દેશો ? એવા એક કરોડમાં એક આસામીને મલતાં નેહાયત ખુશાલી મને હાંસલ થઇછે."

રોબર્ટ, આ વિચિત્ર માંગણીથી દંગ થઇ ગયો. તે જરા વાતે ઉતરીયો તો આ કામદાર હવે તેના જેવા

ગૃહસ્થ સાથ એકદમ હસ્તલીંગન કરવા માંગતો હતો. મગર આપણો જવાન ઘણા અમીરી ખવાસનો હતો એટલે પોતાનો લાંબો કીધેલો હાથ તેણે ઝાલીયો.

" તમોને આ મકાન જોવાને ઉલટ હોએ એમ જણાએછે. હું તેના બધા રસ્તાઓ જાણુંછ . આવો મારી સાથે, હું તમને અંદરના કોઈક ભાગોમાં ફેરવી લાવું. "

રોબર્ટને આ તક ચૂકવા ગમી નહી. પરંતુ જ્યારે તેણે પેલા કામદારને આગળને મોટે દરવાજે દાખલ થવાની પેરવી કરતો જોયો ત્યારે તે બોલી ઉઠીયો. " અરે ! આગલી તરફથી નહી, કદાચ શેપર બેરૂચને નહી ગમે. "

" તેની કશી ચિંતા નહી. " તે મોટાં માથાંનો ધીમો ધીરો સખસ એક શાંત હસવા સાથ બોલીયો, "કારણ હું પોતેજ શેપર બેરૂચ છું."

પ્રકરણ ત્રીજું.

આ સાંભળી રોબર્ટે અજાએબીનો આંચકો ખાધો. એક પલ તેને એમ લાગીયું કે તેનો સાથી તેની મશકરી

કરતો હોવો જોઇએ. પરંતુ જે બેફીકરાઇ અને નચિંતાઇથી તે સખસે પેલાં મકાન તરફ પગલાં ઉંચકવા માંડ્યાં અને જે રીતે ડગલે અને પગલે ઉભાતા નોકરો તેને ઝુકી ઝુકીને આદાબ બજાવતા હતા તે જોઈ રોબર્ટની ખાત્રી થઇ કે તે પેલો અબજોપતિ શેપર બેરૂચ પોતેજ હતો. ણેતે એક શાંત હસવાં સાથ રોબર્ટ તરફ ફરીને કહ્યું :–

"માફ કરજો મેં એકદમ તમોને મારૂં નામ નીશાન જાહેર નહી કીધું તે માટે, પણ હું તેમ કરતે તો જે ખુલ્લાં દિલે તમે મારી સાથે વાત કીધી અને તમારામાં કેવાં સારા ગુણો હતા તે પીછાણી લેવાને મને તક મલી, તેમ મલતે નહી. ખાસ કરીને માતબર થવાનો તમોને જરાબી અભખરો નથી, અને ઘણા દોલતમંદો સુખી હોતાજ નથી, એ બધા તમારા વિચારો જો તમે જાણતે કે આ હોલના માલેક સાથે તમે વાત કરોછો તો કદી જણાવતે નહી."

"હું ખરૂં કહુંછ કે આટલી અજાએબી મને મારી આખી જીન્દગીમાં કદી ઉપજી નથી." રોબર્ટ બોલ્યો.

"બનવાજોગ. કુદરતી છે કે તમે મને એક કામદાર જેવોજ ધારો. રસાયણી વિધ્યા પછવાડે હું ઘેલો દીવાનો થઇ ગયોછું અને પેલી મારી લેબોરેટરીમાં દરરોજ એક કલાક કાઢીયા વગર મને ચેન પડતું નથી. તેવી વખતે મારો

અવતાર એક મજુર જેવોજ થઈ જાયછે. કંઇ ખરાબ જહરીઃ ગેસ ઘણી સુંઘવામાં આવ્યાથી હું મારૂં કામ મુકીને બહારની હવામાં નીકલી ગયો અને તમાકુની તલપ થવાથી પાઇપ સલગાવતો હતો તેટલાં તમે આવ્યા અને મારા દેખાવ ઉપરથી તમે મને કામદાર સમજીયા તેમાં જરાણી નવાઇ નથી. પણ હું ધારૂંછ કે હું તમુને નામે ઓળખુંછ. તમે મી. રોબર્ટ મેકીનટાયર છો, નહી વારૂં ?"

"હા, જોકે મને સમજ પડતી નથી કે તમે મને કેમ પીછાણી શકો!"

"વેલ, હકીકત એમ છે કે અહિં આવ્યા બાદ મેં મારા પાડોસીઓ માટે કુદરતી રીતે જરા પરપુછ કીધી અને મને કહેવામાં આવ્યું કે અહિં એક એ નામનો આર્ટીસ્ટ છે. હવે આટલાં ન્હાનાં ટેમફીલ્ડનાં ગામડાંમાં એકથી વધારે ચિતારાઓ તો હોઈ શકેજ નહી, અને તેથી રોબર્ટ મેકીનટાયર તમેજ હશો એમ મેં અનુમાન કર્યું; પણ બોલો, તમોને આ હાલની કારીગરી ગમેછ ? તમારા કવિત્વ શોખને આ પેશ પડતું છે ?"

"આવી પ્રૌઢ સુંદરતા મેં કદી આગળ જોઇ નથી," રોબર્ટ ચોબાજુ અતિ આશ્ચર્યથી જોતાં બોલીયો. "આવું આલીશાન દમામદાર મકાન ખુદ શાહોના શાહને પણ

અદેખાઇ કરાવે તેવું છે ! શું ઉમદા તમારા પોતાના કવિ ટેસ્ટ હોવા જોઇએ! ”

તેને તદન છક્ક અને પરસ્તાર થઇ ગએલો જોઇ શેપર બેરૂચ પોતાની આદત મુજબ હોઠોમાં હસીયો.

“ તમે મને ફોકટ માન આપોછો. એ તો લંડનના બાહોશ શીલ્પીઓ, કારીગરો, ઇંજનેરો મેં ભેગા કરેલા, અને વીએનાથી આરટીસ્ટો બોલાવેલા તેઓએ પોતપોતા વચ્ચે મલીને આ બધું ઉભું કીધુંછે. ” તેને પોતાનાં વખાણ સાંભળવા જરાએ ગમતું ન હોય તેમ તે નરમીથી બોલીયો.

રોબર્ટને ખ્યાલ પણ ન હતો કે તેના પગ નીચે જે મખમલ જેવું નરમ બીસ્તર હતું તે કાંઇ આરબસ્તાની વણાટના ગાલીચા ન હતા, મગર બીસન નામના જંગલી બલદો જે નેપાલનાં ગીચ્ચ જંગલમાંજ માત્ર પેદા થાયછે તેનાં ચામડાં બીછવાએલાં હતાં. તે આયવાનની વચ્ચોવચમાં નવી નવાઇ જેવો ફુંવારો તમામ ચાંદીનો બંધાએલો હતો. તેની અધવચ્ચેથી પાંચ પાણીની સેરો ઉડતી હતી. ચાર તરફના રૂપાલા રૂપેરી છાંટા ઉડીને ચોખંડ ઉભેલાં જલાશયના કુંડમાં પડતા હતા, જ્યારે વચલી ધાર ઉંચે અધ્ધર ઉડી, ગોળાકારના પત્નથી શીતલ હીમ જેવી થઇ નીચે

આવતી. ત્યાં આગળ સરોવરનાં ઝાડો ઉગેલાં જોઈ રોબર્ટની આંખો અજાએબીથી ખુલી ગઈ. હિન્દુસ્તાનના મુલકનાં આ ઝાડો ટેમફીલ્ડનાં ગામડાંમાં જોવાં એ કાંઈ જેવી તેવી નવાઈ ન હતી. રોનકદાર કારીગરીની કમાનો સાથના મુરીશ મહેરાબોવાલું તે અયવાન એટલું દમામદાર લાગતું હતું કે રોબર્ટને તે દુનીયાના કોઇ જુદાજ ભાગમાં હોય એમ લાગીયું. વળી ત્યાંની હવા બી એવી દીલખુશ લાગતી હતી કે દેમાગ તર થઇ જાએ. બ્હાર જયારે દાંતો કકડી જતા ત્યારે આહં આવી સાધારણ ખુશનુમા હવા કેમ થઈ હશે, એ રોબર્ટની અજાએબી તેનો નવો મિત્ર પામી ગયો હોય તેમ તેને કહયું ! “ આ સ્પેઈનના આગલા મુરીશ શાહના મહાલ જગજાહેર અલહમબ્રાની નકલ છે. આ સરવે ઝાડો કેવાં સુંદર લાગે છે? એ આ મકાનની જમીનમાંથી નીચે ઉતરીને ભોંયમાંથી ફુટેછ અને તેનાં મુળયાંની આસપાસ ગરમ પાણીની નળીઓ મુકાએલી છે તેથી તે જાણે ગરમ ઋતુવાલા મુલકમાં ઉગતાં હોય તેવાં ખીલી રહયાંછે. ”

“શું સુંદર આ પીતલનું બારીક કોતરકામ થયુંછ !” રોબર્ટ, ત્યાંના મેહરાબો હેઠળ ગોઠવાએલા પડદાઓની નકસી જોઈ બોલીયો. “ શું એની નાજુક કાંતિ ! સખત

આતુને દોરા જેવી ટીપી કાઢી જાત જાતના પેચો આપવા એ ખચ્ચીત વખાણવા જોગ ખુબી કહેવાય.”

“ આ પડદાઓ કે ? હા, એ કામ ઘણું ઉત્તમ છે. પણ એ કાંઇ પીતલ નથી. પીતલ કાંઇ એટલું મજબુત નથી રહેતું કે આટલી બારીક કોતરણી સામે ટકી શકે; એ તો સોનાના છે. પણ જરા મારી સાથે અહિં આવો. હું હાથ મોહડું ધોઈ સાફ થાવું તેટલાં જરા થોભશો? ” આટલું કહેતાં તે ડાહબા હાથ તરફના ઓરડા તરફ ફરીયો કે ત્યાંનો એક દરવાજો વગર ગડબડ કરવે પોતાની મેળે ખુલી ગયો. રોબર્ટની આંખો સવાલ કરતી ઢબે શેપર એરૂચ તરફ ફરી એટલે તેણે હસીને ખુલાસો કરીયો.

“ હા, દરવાજા આપ મેળે ખુલવાનીજ મેં અહિં ગોઠવણ રાખેલી છે. ઉંબર સુધી આવ્યા કે નીચેનું પાટીયું દબાતાં બારણાંની સ્પ્રીંગ ખસીને આપણને રસતો કરી આપેછ. આવો અંદર, આ મારો પોતાનો ઓરડો છે અને તે મારા ટેસ્ટ અને મારી ખાહેશ મુજબ સંગારેલો-છે. ”

જો રોબર્ટે મબલક મોટાઇનો મહિમા ત્યાં જોવાની વકકી રાખી હોય તો તે ખચીત નાસીપાસ થએલો હોવો જોઈએ, કારણ તે મોટા ઓરડામાં એક લોખંડનું બીછાનું, બે ત્રણ ખુરસીઓ, એક ટેબલ, થોડીએક ચોપડીઓ,

આટલીઓ, કાગળીયાંઓ અને કાંઈક પરચુરણ ન્હાનાં હથિયારો સિવાય તે ઓરડામાં બીજું કશુંજ નજરે આવતું ન હતું. પોતાના પરોણાને ઈસારત કરી તેને એક ખુરસીમાં બેસાડીયો અને દેવાલમાં જડેલા એક ગરમ પાણીના નળને છોડી શેપરે પોતાનું મોંહ છાંટવા માંડીયું.

" તમે જોયું હશે કે મારા પોતાના ટેસ્ટ કેવા સાદા છે "તે બોલીયો. " મારાં આ મોટાં મકાનમાં આ એકજ એવો એક ઓરડો છે જેમાં મને ઘેરવટ જેવું લાગેછે. અહિં હું વાંચું છું, લખુંછું અને ચુપકીદીમાં સ્મોક કરૂં છું. મને મોટાઈ અને દબદબાનો ઘણો અણગમો છે, અને તમારા વિચારોબી મારાને મલતા આવેલા જ્યારે મેં સાંભળ્યા, ત્યારે કુદરતી રીતે તમે મને ઘણા ગમી આવ્યાછ. "

"ખરેખર ? " રોબર્ટ બોલી પડીયો.

" હું ખરૂંજ કહુંછ, પૈસા સંબંધી મારા વિચાર તમારા જેવાજ છે."

" પણ ત્યારે આવી બાદશાહી મોટાઇ ઉભી કરવાનું કાંઇ કારણ તો હોવું જોઇએ ? "

" હકીકત એમ છે કે એક આસામી પાસે પુષ્કળ પૈસો હોય, એટલો કે, વેલ, જાણે ધારોની કે ઘણોજ વધારે, તો

પછી તેને તે દોલત એકલાએ ગાંઠે બાંધીને બેસવા કરતાં દુનીયામાં ચોમેર જુદા જુદા હાથોમાં ફેરવવી જોઇએ કે જેથી બધી કોમને અને ઘણાં આસામીઓને તેથી ફાયદો થાએ. આ દબદબાભરીયો મહાલ બાંધવાની મારી મુખ્ય મકસદ એજ હતી. એમ તો હું પૈસો ખરચવા માગું તો સખાવત કરૂં, પણ તેવી સખાવત હંમેશા સરસ્તે ઉતરતી નથી. ઘણીક વાર તેમાં હરામખોરીને ઉત્તેજન મળેછ, અને ખરાં નિરધનો રખડી જાએછ, ત્યારે સાચી સખાવતનો હેતુ તેમાં સમાતો નથી. જયારે આ કિસમનો મહાલ બંધાય ત્યારે એકકી વખતે રોજીંદા મજુરોથી તે શીલ્પીઓ, કારીગરો, આરટીસ્ટો, ઇજનેરો, વેપારીઓ, ઝવેરીઓ, કનટ્રાકટરો વગેરે કાંઇ હઝારો કુટુંબો મારા પૈસાથી કમાણી કરી શકે. પેહલાં તો મારી મબલક દોલત લોકનાં સુખમાં હું કેવી રીતે વાપરી શકું અને કઇ કીસમની સખાવત સર્વેમાં ઉત્તમ થઈ પડે તેની શોધમાં હું ઉતર્યો, અને તે માટે કાંઇક સેંકડો ધાર્મિક પુસ્તકોનો મને અભ્યાસ કરવો પડીયો હતો. મારી પાસ દુનીઆના તમામ ધરમોનાં જુદાં જુદાં પુસ્તકો છે અને મેં તે માત્ર વાંચીયાંજ નથી, પરંતુ તેમાંની ઘણીએક ખુદાઇ નસીહતો અખ્ત્યાર કરેલીછે; તેમાં અસલ ઇરાનનો એક ખુદાપરસ્ત પયગામબર, જે ઝરાથુસ્તને નામે અમર થઈ ગયો છે,

તે પોતાની એક 'અહુનવર' નામની બંદગીમાં પોતાના ચેલાઓને નસીયત દઇ જાએછ કે 'બેકારોને કામે લગાડો, એ મોટાંમાં મોટી અને ખોદાને પ્યારી સખાવત છે. મેં જયારથી તે વાંચ્યુંછ ત્યારથી તે કીસમની આસ્થા ઉપર મને પ્રેમ બાઝીયોછ અને તે પ્રમાણે હું મારી દોલત વાપરવાનું પસંદ કરૂંછ."

"અજબ જેવું અને ઘણુંજ ડાપણ ભરીયું" રોબટ ધીમેથી બબડીયો.આ પરદેશી મહાન પુરૂશ કયો ધરમ પાલતો હોવો જોઈએ તે જાણવા માટે તે જવાન ઘણો આતુર હતો, પણ પુછવાની હિમ્મત કરી શકીયો નહી.

" તમુને હજુર તો જોવાનું છે કે મેં હજારોને રોજીનાં સાધન મેળવતાં કેમ કીધાંછ. આહં બેસો, હું તમોને બતાવવા માંગુંછ. "

આ વખતે દેવાલમાંથી એકેદમ બે બેઠકો સરી આવી. રોબર્ટ ગુપચુપ એક ઉપર બેઠો. આ પ્રતાપશાળી પુરૂષ હવે તેને શું બતાવવા માંગતો હતો તે જાણવા તે તદન આતુર થઈ ગયો હતો.

" આ બેઠકો એક નવી જાતની લીફ્ટ છે. જુવો અહિં સીટીંગ રૂમ, ડાઈનીંગ રૂમ, વીઝીટીંગ રૂમ,

લાયબ્રેરી, બાવરચીખાનું વગેરે આ પાટીયાંઓ ઉપર જુદા જુદા રંગોએ લખેલુંછે. આ બેઠકો વાળી લીફ્ટ ઉંચે, સીધી, પાછળ આગળ બધે ફરી શકેછે. પહેલાં હું તમને ઉપર લઈ જાવું", એમ કહેતાં તેણે એક સ્પ્રીંગ દાબી.

રોબર્ટને એક સેહજ હવા લાગતી હોય એમ જણાયું પણ સેહજબી આંચકા જેવું કે મશીન કામ કરતું હોય એવું માલમ પડીયું નહી. વગર ગડબડે તે લીફ્ટ ઉંચે ઉંચકાઇ ગઈ અને ઉપર બેઠ્યાનો ઓરડો નજરેથી ગુમ થઇ ગયો. " જુવો આ મારૂં બાવરચીખાનું. આપણે અરધી મીનીટમાં હેંસી ફીટ ઉંચે ચઢી આવ્યા. મને ખાણાનો સોંહરમ જમતી વખત વગર સુંઘવા ગમતો નથી અને તેથી મેં છેક ઉપલા માળ ઉપર બાવરચીખાનું રાખીયું છે. જુવો, હું આ બટન પાછું દાબુંછ અને બોલ બોલતાંમાં આપણે મારા ઓરડામાં પાછા ફર્યાંછ."

"સાયન્સની અજાએબીઓ, જાદુઈ મોજેજાઓ કરતાંબી જ્યાદાછે." તે જવાન કવી બબડીયો.

" હા, મજેહનું સગવડકારક સાંચાકામ છે." તે બાહોશ નરે બેદરકારીથી કહયું. " હવે જરા બીજી તરફ ફરીએ, એવે ઠેકાણે કે જ્યાં જવા તમુને ઘણું ગમશે." તે મોટાં માથાં

ના સખસે ફરી પાછાં એક શાન્ત હસવાં સાથે બોલી બીજું બટન દાબીયું, અને એક મોટા ભવ્ય આરાસ્તા અયવાનમાં તેઓ આવી ઉભા. રોબર્ટને તે જીવતું જીન્નત લાગે તેમાં નવાઈ નહી કારણ તે ચિત્રોવાલો ઓરડો હતો. અને આવી એક દુનીયા વર્ણની આર્ટ-ગેલેરી જોઈ આપણો જવાન જાણે ખાળમાં પડીયો હોય તેવો સ્વપ્નવત થઈ ગયો.

"આહ ! ઓ બખ્તાવર સખસ ! તેં તો આહં દુનીયાનો ગંજ એકઠો કીધેલો દેખાએછ! આહ ! આ રેફ્રીઅલનું સર્વેથી મશહુર ચિત્ર છે. ફ્રેન્ચ ગવરમેન્ટને તે પોતાની લુવરની આર્ટ ગેલેરી માટે જોઈતું હતું, અને તે સોદાની ચાલી રહેલી હરીફાઈ વખતે હું ત્યાં હતો અને આખી ગવરમેન્ટને બાજુ બેસાડે તેવી બાદશાહી રકમે એક ખાનગી ગૃહસ્થ તે ચિત્ર ખરીદીને ઉઠાવી ગયો તે ભાગ્યશાલી નર તો તું દેખું !" રોબર્ટ ખુશાલીથી ઉભાતાં જીગરે તેનો હાથ હીલાવી બોલીયો.

"વાત તો ખરી." શેપર પોતાની આદત મુજબ ધીરે ધીરે બોલીયે.

"અને આ જગવિખ્યાત રૂબીનનું પીકચર છે! એનો ટચકો કદી છુપો રહેજ નહી. મર્દોને ખોદાનું સ્વરૂપ આપનાર અને સ્ત્રીઓને લાલચુની દેવીઓ દાખલ

ધિક્કારનાર રૂબીન ! અરે, આ મારૂં માનીતું સેંટ સીસીલીયાનું ચિત્ર ! ” રોબર્ટ હવે એક બીજી તરફ જોતાં પુકારી ઉઠીયો. “ એ અસલીયાત તમે કેમ મેળવી શકીયા હશો ? આ સાધ્વી જીગરની ફરેસ્તાઇ નારીનાં રૂપેરી આંગલાંઓ વાજીંત્રની ચાવીને અથડતાં જે હવાઈ આકાશી સુરીલો હલક નીકલી રહયો, તે ઉપર ખુદ પરસ્તાનના ફરેસ્તાઓ કુરબાન થઈ એનાં ખુબીવંતાં સર ઉપર બેહસ્તનાં પુલ નરગીસનો નેસાર કરેછ! આહ ! શું એના ચહેરા ઉપરનું ઝલકાટ ભરીયું નુર ! ઓ ખોદાવંદતાલા ! એને સામે દીસ્સે તો મારી નાચીઝ પીછીને કૌવત બક્ષ!” તે જવાન તો જાણે ઘેલો દીવાનો બની ગયો. શેપરે ધીમે નરમ હાથે તેને ખભાં.ાંથી પકડી ફેરવીને બીજી તરફ ઉભો કીધો.

“ જો, સેંટ સીસીલીયાનાં ચિત્રે તારી ઉપર આટલી બધી અસર કીધીછ, તો બોલ, આ પીકચર માટે તુંને શું કેહવુંછ ? ” અને તેણે સામી દેવાલે આંગલી ટાંકી.

રોબર્ટની નજર ત્યાં પરતાંજ તેને ગોથા અકકર આવી ગયા. તેણે પોતાના બન્ને હાથો એકમેકમાં પકડી તે મીનોતુમ માલેક તરફ પોતાની આંખો ઉઠાવી. હવે સ્તુતિના કાંઈબી શબ્દો ઓચરવા તે અશકત બની ગએલો જણાતો.

કુદરતી પ્રેરણાને આધીન થઇ તેણે તે પીકચર આગળ પોતાનું સર નમાવીયું.

"બોલો, ખુદ ખોદાવંદતાલાની યાદ કરાવે એવી આ ફરેસ્તાઇ નારી કોણ છે ?" તેણે ગંભીર અવાજે પુછીયું.

"એ ચિત્ર, મારા આ અયવાનની મગરૂરી છે. લુવરની બાદશાહી આર્ટ-ગેલેરીમાં મેં વીનસ-ડ-મીલોની આકર્ષક સુંદરતા જોઇછ; રેફ્રીઅલની મેડોના જમાનાઓ સુધી વખણાઇ ગઇછ; વેનીસની સેંટ અરસુલાની બીજી જોડ મલવી કઠણ સંભળાએછ; મગર આ બેહસ્તના બાગની પરીઝાદ, પૃથ્વી ઉપર પેદા થએલા ધર્મો માંહેલા એક જુનામાં જુના ધરમની માન્યતા મુજબ, અહુરમઝદ, યાને જેને આપણે Almighty Good કહીએ છૈયે, તેણે ઉત્ત-પન્ન કરેલા ફરેસ્તાઓ અને યઝદો માંહેલી એક નારી યઝદ નામે અનાહીતી છે. ઝરાથુસ્ત નામના ઇરાની પયગામ્બરને માનનારાઓ એને અરદવીસુર અનાહીતીને નામે ઓળખેછે. યુનાઇટેડ સ્ટેટસમાં Lowell પ્રગણામાં માઝદસ્નાન ટેમપલ છે ત્યાં મેં આ ચિત્તભ્રમ કરે એવું ચિત્ર પહેલ વહેલું જોયું અને મનસે કસદ કરીયો કે ગમે એવા ગંજાવર ભોગે પણ મારે તે હાથ કરવું. એ માટે ત્યાંનાં લોકો એક કહાણી

કહેછ. આપણાં જીગર સાથે વાતો કરે એવું આ અનાહીતીનું પીકચર ઘણાજ અજબ સંજોગોમાં દોરવામાં આવ્યુંછ એમ મેં સાંભળ્યું. એમ કહેવાએછ કે એ અમેરીકન માઝદસ્નાન ટોળામાં એક કુમારિકા જોડાઇ અને જ્યારે તેણીએ અરદવીસુર અનાહીતી બાનુ માટે પહેલ વહેલું સાંભળ્યું કે ખુદાવંદની તે એક બહુજ પ્યારી બાનુ યઝદ હતી અને તેથી બહેસ્તનો ખ્યાલ ઉપજી શકે એવી સુંદરતા તેણીને ખોદાએ બક્ષી હતી; ત્યારે તે અમેરીકન કુમારિકા જેણી એક આર્ટીસ્ટ હતી, તેણીને રાતોદીન ચાલુ અનાહીતીની ખુબ સુરતીના વિચારો આવ્યા કીધા, તે એટલે સુધી કે એક રાતે અનાહીતી બાનુ ખુદ-બ-ખુદ તેણીનાં સ્વપ્નામાં આવી તેણીને પોતે દેખાવ દઈ ગયાં. બસ ત્યાર પછી તેણી બેહસ્તના માલેકની મદદ માંગતી પોતાનાં કામ ઉપર મંડી, અને જ્યારે પોતાનાં મગજ ઉપર કોતરાએલી પવિત્રાઈની ફરેસ્તાઇ બસારતી મૂર્તિ તેણીએ કેનવાસ ઉપર ઉતારી, ત્યારેજ તેણીને જપ વળયો." તે અસાધારણ બાહોશ નરે સમજાવીયું.

"અને તે તમે મેળવવા પામીયા ? ઓ, નેકબખ્ત નર, તેં એવાં તે શું ભલાં કામો કીધાં હશે કે તું ખોદાને આટલો પ્યારો છે!" રોબર્ટ હજુર ગાફેલ જેવો પવિત્ર અનાહીતીનાં ઝલકાટ ભરીયાં નુર તરફ જોતો રહી બબડીયો.

" હવે આ તરફ આવ, જવાન, તારૂં ધ્યાન બીજી તરફ ફેરવ અને નહી તો હું તુને બીજા ઓરડામાં ઉંચકી જવસ. આ જો, આ હિંદુસ્થાનના હિંન્દુઓનાં દેવ દેવસ્થાન. આ ત્રણ માથાંવાલા દેવ જોયા? એ શીવ છે. આ એને ત્રિશુળ કહેછ. આ અપસરા જોઈ? એમ કહેવાએછે કે હિન્દુઓમાં એક મહાત્મા હતા, તે વાનપ્રસ્થ થયેલા હતા, યાને સંસાર ત્યાગ કરીને યોગી થયેલા હતા. તે એટલા ધર્મી હતા અને તેમનું તપોબળ એટલું ઉગ્ર હતું કે તે એમને એમ ઇશ્વરને મલી જતે; પણ શેતાનથી તે જોવાઈ નહી શકાયું અને તેણે આ અપસરાને ઓરતના વેશમાં તે તપેશ્વરી આગળ ઉતારી. પરિણામ ઘણું બુરૂં આવ્યું અને શેતાન ઉપર લ્યાનત પડવાને ઠેકાણે તેની ફતેહ થઈ. ઓરતના મોહમાં તે મહાન આત્મા ફસીયો. આ તે નાઝો નખરાં ભરી ઓરતનો ચિતારછે." અને શેપરે તે કેવડાના ફૂલ જેવી રૂપાલી અને લલિત કાંતિની ખુબસુરતીની દેવી તરફ આંગલી ટાંકી. પેલી ફરેસ્તાઇ રૂપસુંદરીઓનાં ખુબી-વંતાં પવિત્ર પીકચરો પછી, આ માણુસાઈ સુંદરતા જોતાં રોબર્ટનાં દિલમાં કાંઇ જુદાજ ઉછાળા થવા લાગીયા; મગર શેપર તેને એક ઠેકાણે ઠરીને ઉભો રહેવા દેતો નહી; હજુર તો તે પેલી અપસરાના નાગણ જેવા કાળા બાલની મરો-ડદાર લટ, તેણીની ખુલ્લી કમર ઉપરથી ઉતરીને હેઠે જતી

જોઇ રહે, તેણીના નગ્ન પગોનાં બદામનાં બીજ જેવાં આંગળાંઓ તપાસે કે વખાણે તે પહેલાં પેલો પ્રતાપી પુરૂષ તેને બીજી તરફ ખસાડી લઇ ગયો.

" આ જો, મારા દોસ્ત ! પૃથવીમાં સર્વથી ઉત્તમ શું છે તે માટે આજ સુધી કોઇ એકમત થયું નથી. કોઈ કહેછે કે હિંદુસ્તાનના મોગલ વંશના શાહજહાને બંધાવેલો તાજમહાલ સર્વથી ચડીયાતો છે, તો ઘણાંકો કહેછ કે Arizona ખાતેનો The Grand Canyon ને આખી દુનીયા ઉપરની કોઈબી ચીજ પુગી વળી શકે નહી. હું તો માનુંછ. આ તેનો ચિતાર જો. "

ગરીબડો રોબર્ટ ! આજે મોટામાં મોટી અજાએબી જોવાનુંજ તેનાં તાલેમાં લખાએલું હતું. તે સો વરસની ઉમર કાઢતે તો આ પ્રમાણે જગની ઉત્પત્તિમાંની નાદરમાં નાદર કરામતો જોઇ શકતે નહી, તે આજે આ એક કલાકમાં જોતો અને અનુભવતો હતો. Grand Canyon નાં પીકચર ઉપર ગોયા તેની ચશમો ચોંટી રહી.

"અરે! એનો ચિતાર હું પીછીથી તો શું પણ જબાનથીબી કેમ દર્શાવી શકું!" તે અડધો બેફામ જેવો બબડીયો, "આનો એહવાલ કહેવા પહેલાં મને વરસો સુધી વાકચાતુર્યનો અભ્યાસ કરવો જોઈશે, દુન્યા વર્ણના કવિઓનાં મહાન પુ-

સ્તકો ઉચ્ચલાવવાં પડશે. ઇસટમબુલના મિનારાઓ અને ગુંબજો ઉપર પડતાં સુર્યાસ્તનાં ઠંડાં સોનેરી કીરણોનો ઝલઝલાટ મેં એક વાર જોએલો અને તે મને ખુદાઇ ચિતાર જેવો સુશોભિત લાગીયો હતો અને તે આજની ઘડી સુધી હું મારા સ્વપ્નાઓમાં જોયા કરૂંછ, તે તો આની આગળ કુચ બીસાદ જેવું હવે મને લાગેછ. કેશમીરની ખીણનું ચિત્ર જોઈ મેં માનીયું હતું કે 'બાગે ઇડન' તે આ હોવો જોઇએ, પણ ઓ માલેક ! આ તો તેનેબી ભુલાવેછ! આહ ! ઓ ગ્રેન્ડ કેનીયોન! તુ કુદરતનો એક ખરેખરો માસ્ટર પીસ છે; હવેજ હમો માનવજાત જોઇ શકીએછ કે તે બન્ને જહાનના માલેક આગળ હમો કેવાં તુચ્છ છેયે! શેપર બેરૂચ! બોલાવો કોઈ નાસ્તિકને અને બતાવો તેને આ ચિત્ર, અને પુછો પછી તેને કે તે ખુદાની હસ્તીને માનેછ કે નહીં ! અરે નાસ્તીક તો શું પણ દુજખનો દેવબી આ જોએ તો આસ્તિક બને ! "

હવે શેપરને લાગીયું કે તે જવાનને ત્યાં વધુ વાર રાખવો સલામત ન હતો. તેનાં હૈયાના હાંફરા અને ઉછાળા જોઇ તેને બીજે કયાંય લઇ જવામાં તેણે સલામતી માની, પણ રોબર્ટને ત્યાંથી ખસવા ગમતું ન હતું.

" હવે આ એક જોઈ રહયા પછી આપણે અહિંથી જઇશું. " શેપર બોલીયો. " તુંને આને માટે શું કહેવુંછ, દોસ્ત ? "

રોબર્ટે તે તરફ નજર ફેરવી અને બીજીજ પલે તેણે પોતાની આંખો મીંચી દીધી. બન્ને હાથોએ પોતાની આંખો મસળી ફરીને ખોલી તે તરફ જોયું. અને આ કાંઇ છેતરપંડી હતી, કાંઈ મોજેજો હતો કે કુદરતની હરીફાઈ કરનાર આદમના હાથની બનાવટ હતી, તે તેને હજુર સમજ પડી નહી. હવે ધીરેથી તેણે એક પોતાની આંગળી ઉઠાવી શેપરને પુછીયું.

"હું એને હાથ લગાડું? એ ફુટી તો નહી જાએ ?"

" તમે એને શું ધારોછ ? "

" દેખીતી રીતે એ એક સાબુનો કુકકો છે. મેં બાળપણમાં ઘણાબી કુકકાઓ ઉરાડીયાછ, અને મારૂં હમેશનું માનવું છે કે આ જગમાં બેહસ્તનો આભાસ કરાવે એવી કુદરતી સુશોભિત રંગોની મીલાવટ કશામાંબી હોય તો તે સાબુના પરપોટામાં છે. આવી આકર્ષીક ચીજ મેં કદી જોઇ નથી. મેં ઘણીબી વાર એવા કુદરતી કલરો ચિતરવા માટે મોહલ્લાના છોકરાઓ ભેગા કરી તેઓ પાસે સાબુના કુકકાઓ ઉરાડીઆછ, પણ હું કદીબી તેનો ચિતાર લેવામાં ફાવીયો નથી. આ એક દેવલના ગુંબજ જેવો મોટો પરપોટો તદ્દન કુદરતી જીવતો કુકકો હોય તેમ ચિતારવો એ ખચિત એ નાદર હુન્નરની માનવીને હાથે અવશ્ય થએલીજ કહેવાય. આને ખરીદવા માટે તો એક થેલી ભરીને કોહીનુર હોએ તોએ ઓછા છે."

" આ ઈટલીના મોં બ્લેં (Mont Blano) પહાડના બારેફનું શિખર છે. જ્યારે આ પહાડ ચઢવા હું ગયો હતો, ત્યારે સુર્યાસ્તના વખતે મેં આવોજ કાંઈ ચિતાર જોયો. દોસ્ત, હું શું કહું ! બીલોરનાં લોલકમાંથી દેખાતાં અસંખ્ય મનોહર રંગબેરંગી સુરખીદાર છાંટવાલાં પ્રતિબિંબોથી બનેલાં, પરીઝાદોના પોષાક વણી કાઢવા લાયકનાં કરોળિયાનાં જાલાં જેવાં નાજુક વાદલાં જોઈ મને એમજ લાગીયું કે ત્યાંથી હું કદીએ ખસી શકવાનોજ નથી. આવા અલૌકિક પ્રકાશિત રંગોની મીશ્ર મીલાવટ આકાશી હવામાં એક પલ અધ્ધર હાલતી તો બીજી પલે સ્થિર થતી, ગુલાબી અને બ્લુ કીરણો એકમેકને ચુમતાં, તો બીજીજ સેકંડે તેમાં કુદરતનો લેબાસ દર્શાવનાર લીલો રંગ ભેળાઈ વળી બીજી બાજુએથી આતશીયાનો ઉમેરો કરી સૂર્ય જેવો ચલકાટ પાથરતાં. આ કરામતી કસબની ઝલેહ એટલી નિરમળ, નાજુક અને પારદર્પક હતી કે બેસીને વિચારતાં મને લાગીયું કે બચપણમાં સાબુના ફુકકામાં કલરોની આવીજ અસાધારણ સુંદરતા જોઈ હતી અને તેથી-તેથી-આ ચિત્ર મેં મારા સંગ્રહમાં ખાસ રાખીયુંછ."

"પણ શું મોં બ્લેંમાં આવાં ચિત્રો મલેછ ? એકથી બીજું આવું ચિત્ર કોઈ પાડી શકેજ નહી. આ એક પીકચર બી પાડનાર કોઇ ખોદાના પ્યારમાં આવેલો ચિતારોજ

હોવો જોઇએ. એનું નામ વટીક અહીં લખાયું નથી! એ કોણ પ્રતાપશાળી— "

"હવે ચાલ દોસ્ત, આપણને અહિં ઘણો વખત થયો. હજુર તો મારે તને બીજું ઘણું બતાવવાનું છે."

"પણ આ મહાન ચિતારાનું ભાગ્યશાળી નામ?—" પણ જે રીતે શેપર બેરૂચે પોતાની આંખો રોબર્ટના ચહેરાથી દુર રાખવાની તજવીજ કીધી અને વાત ઉડાવી, તે ઉપરથી તે જવાન પામી ગયો કે આ અદ્દભુત ચિત્ર ચિતરનાર આ તેની સામે ઉભેલોજ પ્રતાપશાળી પુરૂષ હતો. અને ત્યારે તે આ મહાન ઉસ્તાદ આગળ ધુંટણ ઉપર તુટી પડવા જતો હતો, તેટલાં તો તેણે પોતાને ત્યાંના એક બીજાજ અયવાનમાં આવીને ઉભેલો જોયો.

"અહિંનું ફરનીચર તુંને ઘણું વિલક્ષણ લાગશે." બીજા ઓરડામાં આવી પુગતાં શેપરે કહયું. "નરવાલ નામનાં એક અજબ જાતનાં જાનવરનાં સીંગડાંમાંથી તે બનાવેલુંછે, અને તેને અજબ પેચ દર પેચ આપેલાછે કે જેથી તે જાતજાતના આકાર લઈ શકેછે. તું જાણેછ, દોસ્ત, કે મહા ચીનનો શાહ, યાને ચીનાઈ મેનડરીન તેની પ્રજાને મનસે ઇશ્વરનો બીજા અવતાર છે. અને તે રાજ્ય Celestial

Empire નાં નામે ઓળખાએછે. અસલના વખતમાં એમ કહેવાતું કે મહા ચીનમાં અખુટ ખઝાનો હતો, અને તે વખતે આ નરવાલનાં સીંગડાંમાંથી કીસમ કીસમનાં ફરનીચરો તે આકાશી નામદાર યાને ચીનના શાહને માટે બનાવવામાં આવતાં હતાં. હમણા પોતાના બાદશાહી પેગોડાની મરામત માટે તેણે નરવાલનાં સીંગડાં ભેગાં કરવાને પોતાના વેપારીઓને ફરમાવીયું હતું; પરંતુ તે નામદારને હજુર ખોટી થવું પડશે, કારણ 'જર ને ચાહે સો કર' તે નિયમે મેં તે સીંગડાં તરતજ મોટી કીમતે ખરીદી લીધાં. આ ફરનીચર કાંઇ પાંચેક કરોડનું હશે."

રોબર્ટ ઠસ થઈ ગયો.

"મ્હાર લખીયુંછ કે આ બીલીયડ રૂમ છે તે એમ કેમ, હું તો અહિં તેવું કાંઈ જોતો નથી ?" રોબર્ટે થોડી વારે પુછીયું.

"હા, પણ તેવી એક ટેબલ હમેશાં વચ્ચે નડીયા કરે તેથી મેં તેની જુદીજ ગોઠવણ રાખીછ. આ પુરાણા કાળના બુટ્ટાદાર ગાલીચાઓ જે અહિંની દેવાલો ઉપર નાખેલાછે તે શું ધરાવેછ તે જોવુંછ ?" આટલું બોલતાં તેણે ત્યાંની એક ચાંપ દાબી તો તે સુંદર ગાલીચાઓ ખસી ગયા અને એક અતિ રૈનકદાર કચકડાંની બીલીયર્ડ

ટેબલ વગર અવાજે દીવાલમાંથી બ્હાર સરી આવી; વળી તેણે એક બીજી સ્પ્રીંગ દાબી કે તેવીજ સીફતથી એક બેગેટીલ ટેબલ બ્હાર ઉતરી આવી.

"આ પ્રમાણે બીજી ચાંપો દાબશો કે કાર્ડ-ટેબલો નીકળી આવશે," તેણે કહયું. રોબર્ટની આંખો વખાણથી ત્યાંનાં ફરનીચર ઉપર ફરવા લાગી. કેટલાંક નકકર ચાંદીનાં અને ચોખ્ખાં સોનાનાં હતાં, છતાં આ નરવાલ નામનું સીંગડું તો તે કરતાંબી મુળમાં જ્યાદા ચઢીયાતું અને મુશકેલીએ મલી આવે એવું બેમીસાલ હતું.

" ગમીયું ? "

" ઘણુંજ ! ઘણુંજ ! પણ તમારી આર્ટ-ગેલેરી, તે તરફ જવાનો રસ્તો કયો વારૂં ? "

"ધીરે, ધીરે ! રોબર્ટ મેકીનટાયર! હવે પછીથી તે ફરી અને ફરી જોયા કરવાની તક તમુને ઘણીબી મલશે." તે મોટાં માથાં-પાળાં સખસે હોઠોમાં હસતાં કહયું. "પણ આજે તો હું તમુને કાંઇ બીજુંજ બતાવવા માંગુંછ. પેહલી નજરે ગમી આવતા આસામીઓ માંહેલા એક તમે છેઓ, અને તે સાથે ચેહરા ઉપરથી આદમીની ખાસીયત પીછાણવાનું હું થોડું ઘણું સમજી શકુંછ, અને તેથી તમારામાં એકેદમ વિશ્વાસ

મુકવા હું તૈયાર છું. આવો, મારાં મ્યુઝીયમમાં. મેં પૃથ્વીની પ્રદક્ષણામાં આંહં તાંહંથી કાંઈ કાંઈ ઉંચકી લીધુંછ તે તમુને જોવા ગમશે એમ ધારૂંછ. હું તે કોઈનેબી એમ એકજ મુલાકાતમાં કે થોડા કલાકની ઓળખાણમાં બતાવતો નથી. પણ તમે મને ઘણા ગમી આવ્યાછ અને મેં હમણાંજ કહયું તેમ હું તમારી ઉપર વિશ્વાસ મુકી શકુંછ. વળી પૈસા સબંધી તમારા અને મારા વિચારો એક છે, એટલે તે તમુને બતાવવામાં હરકત નથી. હું તે મારો સંગ્રહ મજબુત ચોકી પેહરા હેઠળ રાખુંછ. માણુસાઈ ચોકી નહી, હોય તે તો બાપડા નોકરોને મોટી લાલચ થઈ પડે; બધાં સાંચા કામના ચોકી પેહરા જાણવા."

વળી પાછો એક નવોજ ઓરડો!

શેપર બેરૂચે પોતાનાં ઘડીયાલને છેડે લટકતી એક કુંચી બ્હાર કાઢી અને ત્યાંની અજબ બનાવટનાં એક કબાટનું ખાનું ખોલીયું. રોબર્ટ દંગ થઈ ગયો. જે પ્રમાણે મખમલના દાબડાઓ પછી દાબડાઓ ઝલઝલ કરતા હીરાઓના તેણે બ્હાર કાઢવા માંડીયા તે કોઈનેબી અજાએબીથી અવાચક કરી મેલવાને બસ હતું. જાણે હીરાની કે મોતીની એકબી જાત બાકી રહી નહી હોય! બીલીયાણ, ઝમરૂદ, લાલ, પોખરાજ, લસણીયા, દુધીયા હીરા, કેરબા, યાકુત, અકીક, સંગે સુલેમાની, વૈદુર્ય મણી, રાજાવરખ, નીલમ,

મોતીઓની સેરની સેર, એ બધું તે સખસે જાણે નિશાળે જતો રમતીયાલ છોકરો કાચના લખોટા પોતાના કોથળામાંથી કાઢીને ટેબલ ઉપર ફેંકે તેમ બેદરકારીથી કાઢવા માંડીયું.

"આ એક અજાએબી કહેવાય કે નહી?" પોતાનાં માંથાં જેવડો એક મોટો ઘેરો પીળો કેરબો ઉઠાવતાં શેપર બોલીયો. "મારા એક એજંટે અરબસ્તાનના નેયાઝ સુલતાન પાસથી ખરીદીને મારે માટે મોકલીયો! એનું વજન અઠાવીસ પાઉન્ડનું છે. આવો મોટો કેરબો મેં કદી સાંભળ્યો ન હતો અને મારે માટે નવી નવાઈઓ ભેગી કરવા મેં જે ઠારેઠાર એજંટો છોડીયાછ તેઓ મને ઘણાં કામે આવેછ. જો કે દસ વરસ સુધી હું હિન્દુસ્થાનના ખુણેખુણાં ફરીયોછ અને દુનીયા વર્ણની ચીજો ભેગી કીધીછે, પણ આવો મોટો કેરબો મેં કદી સાંભળયો પણ ન હતો."

"હં!" રોબર્ટે હુંકારીયું. તેની તો જાણે જબાં તાલવે ચોંટી ગઈ હતી.

"મારા અડધી ડજન આડતીયાઓ હાલમાં ઇન્ડીયાના બધા ભાગમાં ફરેછ, તે માંહેલા એકે મારા માટે આ નાગ-મણી મોકલી આપીયોછે. તે ગરમ તપતા મુલકમાં ઘણા મોટા અઝદાહ થાએછ, જેઓ સો વરસની ઉમર કાઢવા પામેછ તો તેઓનાં મસ્તકમાં આ મણી એટલે હીરો

પાકેછ. શું એનો ચલકાટ છે ! જાણે એ જોવાથી આંખની રોશનીબી ઝાંખી થઈ જાએછ. એમ કહેવાએછ કે ત્રાવણ-કોર નામનાં શહેરના માહરાજા પાસે આવા બે મણી છે, પણ જેની પાસ ત્રણ મણી હોય તો તે આખી ખલકતનો માલેક થઈ શકે. તે મહારાજા, ત્રીજો નાગમણી શોધાવેછ, તો તેના વંશજો કાંઈ ત્રણ ચાર પેઢીના થઈ ગયા, પણ ત્રીજો મણી મલી આવ્યો નથી. ”

“ જો મલતે તો સારૂં કે આપણે જાણી શકતે કે તે કુલ જગતનો માલેક થવા પામેછ કે!” રોબર્ટ હસીને બોલીયો.

“ એ લોકો આ દંતકથા ખરાં દિલથી માને છે અને એમ કહેછે કે જમાનાઓની વાત ઉપર એક ઘણા ધર્મી રાજા પાસ ત્રણ મણી હતા અને તે પૃથવીપતિ કહેવાતો હતો. તેના એકલાના હાથમાં કુલ દુનીયાનો ખજાનો હતો, પછી ખરી ખોટી તો ખોદાને ખબર. ”.

“ પણ કેમ માલમ પડે કે આ એક ચોકકસ સાપનાં મસ્તકમાંજ મણી હશે ? ” રોબર્ટે પુછીયું.

“ હા, એ માટે મેં તે પુર્વના મુલકમાં ઘણી નવાઈ જેવી ખબર સાંભળી હતી. કહેછે કે સાપ સો વરસની ઉમર કાઢે ત્યારે તેનાં મસ્તકમાં આ મણી પાકેછે, ત્યારે તે

અર્ઈશ્રીને લીધે કહો કે ગમે તે સબબે પરંતુ તે સર્પ પોતાની જોવાની શકતી ઘણે દરજ્જે ખોઈ દેછે; હવે જ્યારે તેને પોતાના ખોરાક માટે પક્ષીઓનો ભક્ષ કરવો હોએ છે, ત્યારે જે ઝાડની ઉપર ચરંદાં પરંદાં માળો કરી રાતને વખતે બેફીકર ખાબમાં ગીરફતાર બનીયાં હોય તે ઝાડની હેઠળ જઈ પોતાનાં ગળાં વાટેથી નાગમણી ખેંચી કાઢી બ્હારનાં અંધારાંમાં મુકેછે અને જેમ બત્તીની રોશનીથી પાકુલાં પતંગીયાઓ ચિતભ્રમ બની, ખોદાની તે નુરી ઉત્પત્તિ ઉપર પોતાનો જાન કુરબાન કરવા યાહોમ ધરીયાં આવેછ, તેજ મીસાલ મણીના ઝલઝલાટથી શીહા અંધારી રાત તેજોમય થતાંજ પક્ષીઓ પોતાની જર નિદ્રામાંથી ઝબકી ઉઠી, પોતાનો જાન સદકે કરવા મણીના ઉજાસથી ખેંચાઈને તુટી પડેછે, અને પેલો સર્પ પુરી કરી ચુકેલો અઝદાહ તેમનો ઝટ ભક્ષ કરવાને ચુકતો નથી. "

" પણ તેવાં બીયાંબાન જંગલમાં એક ઝેરી જાનવરનું અમુલ્ય રત્ન ખુંચવી લેવા જનાર માનવીબી જબરો બ્હાદુર હોવો જોઈએ! " રોબર્ટ બોલીયો.

"બેશક બ્હાદર. કહેછ કે આવો મણી જોવામાં આવે અને તેની ઉપર તરતજ પોતાનાં માથાં ઉપરની ટોપી જેને એ લોકો પાઘડી કહે છે–તે ઢાંકી દીધી હોય તો સાપ

આંધલો બની જાએછ, આંહં તાંહં અફાડજીકનાં ફાંફાં મારી પોતાની ચશમોનું નુર બક્ષનારૂં તે રત્ન શોધવાને બહુબી મથેછે, પણ ઉંધી ટોપીનાં અંધારાંમાં છુપાએલો મઙ્ગી મલી આવતો નથી; અને કાં તો તે અઝદાહ પોતાના જાનની સલામતી ખાતર ત્યાંથી ચાલી જાએછે, યાતો તે પોતાનાં બેકિંમતી ગૌહરના ખોહવાવાથી ગાંડો બની પોતાની જીવહત્યા આપેછે; અને પેલો ભાગ્યશાળી પુરૂષ મણી ઉઠાવી લઈ જાએછે."

"ઘણું અજબ જેવું!" રોબર્ટ બડબડીયો.

"જો દોસ્ત, આ ઝલકતો હીરો ઘણો ભયંકર ઇતિહાસ ધરાવેછે," શેપર એક આબદાર નંગ ઉઠાવી બોલીયો. "એ નંગનું નામ 'રાજુના' છે અને તે અસલ ઈજીપ્ટની ઉત્પત્તિ છે. આની ઉપર કલીઓપેટ્રાના વાલીદો મરાઈ છુંદાઇ ગએલા, મોટમોટાં શહેરો વચ્ચે યુધ્ધ જાગેલાં અને લોહીના નેહરો વહેતી થએલી. કલીઓપેટ્રાનો એક વાલીદ ઘણો દાનેશમંદ હતો અને તેણે ધારીયું કે આ નહેસ્ત હીરો એવી રીતે નાબુદ કરવો કે જેથી તેના વંશોના હાથમાં જવા પામે નહી; તેથી તેણે કાંઇ સીફત કીધી અને રાજુના ગુમ થઇ ગયો. પરંતુ જ્યારે તે મરણ પામીયો અને ઇજીપ્ટના નવા શાહે પોતાના ખઝાનાં ખાતાંમાં રાજુના માટે શોધ ચલાવી અને તે નહી મલી આવ્યો, ત્યારે તેણે તે

નંગની શોધ માટે પોતાનું રાજ્ય ઉથલપાથલ કરી નાખવા માંડીયું. તેણે બાદશાહી ઈનામો આપવાને જાહેર કર્યાં. અંતે મરહુમ શાહનો એક કહેવાતો વફાદાર વિશ્વાસુ ગોલામ એ લાલચથી આંધલો બનીયો અને તેણે પોતાના આ નવા શાહને રાજુનાની છુપી જગીયો બતાવી આપી. શું ધાર્યું, મી. મેકીનટાયર ? તે આટલાં વરસો સુધી કયાં હતો ? તે મરનાર શાહનું શબ ત્યાંના રિવાજ મુજબ "મમી" બનાવીને બાદશાહી કબ્રસ્તાનમાં મેલ્યું હતું, ત્યાં પેલો ગુલામ પેલા શાહને લઇ ગયો અને પેલાં "મમી"ની છાતી આગળનું હાડું ઉઠાવી અંદર એક પોલી જગીયો કરેલી હતી તે તેને બતાવી જેમાં આ રાજુના છુપાએલો હતો. પોતાના શાહના મરણ બાદ આ ગુલામેજ તેનાં ફુરમાન મુજબ તેની છાતી કોતરીને આ કજીયાનું કાલબુદ છુપાવીયું હતું; પણ અડધાં રાજતાજના મોહમાં તે આયંદે ફસીયો અને પોતાના મરહુમ શાહના ફુરમાનનું તેણે ઉલંઘન કરીયું. તે ગમે તે હોવો, પણ સદીઓ પછીથી તે મારે હાથ આવવા પામીયોછ. છેલ્લાં તે એક દેવીની આંખોમાં બીરાજેલો હતો, ત્યાંથી મારાં સંગ્રહમાં આવ્યોછે."

રોબર્ટ શું જવાબ આપે! તે ચકિત થઇને સાંભળ્યા કરતો હતો.

"હવે આ એક ગોહર ઘણા પુરાણા કાળની

પવિત્ર દંતકથા ધરાવેછે," શેપરે એક દાડમ જેટલાં કદનો લાલ ઉઠાવતાં કહયું. " આપણાં બાઇબલમાં કહયુંછે કે જ્યારે આપણો ક્રાઇસ્ટ જનમીયો, ત્યારે ઈરાન વતનથી ત્રણ મેજાઈ ખોદાઇ બસારતથી ખેંચાઇને બેથલેહેમમાં આવ્યા હતા. તેઓને આવો ગેબી પવિત્ર પેગામ મલીયો હતો કે પૂરમાં જ્યારે હેસપીરીયા જેવા ઝલકાટનો પરંતુ એક નવોજ સેતારો રોશન થશે, ત્યારે બેથલહેમની એક ગુફાના તબેલામાં વસતી મેરી નામની કન્યા કુમારીને ત્યાં એક ખુદાઈ અવતારનું બાળક જન્મશે, અને તે આપણો સેવીયર નીવડશે. એ મેજાઈ તેટલા માટે કેશર, હીરાબોલ સુગંધી વગેરે તે બાળક ફરેસ્તાને એનાયત કરવા લઈ ગયા હતા તે આપણે જાણીએછ. ઇતિહાસમાં એ માટે કાંઈક મતફેર છે. કેટલાકો કહેછ કે એ ત્રણે મેજાઇ ઈરાની હતા, કોઇકો જણાવેછ કે એક હિન્દુ એક અરબ અને એક યહુદ હતો. પણ અલબતાં તેઓ આર્યનો હોવા જોઇએ. વારૂ, ગમે તે હોવો, પણ આ પુરૂષો માંહેલો એક જે અરબસ્તાનનાં વીકટ જંગલનાં ઉંડાણમાં ઘણું ફરેલો હતો, તેને હાથ આ 'ગોહરે-સબ-અફરૂઝ' લાગીયું. એનો દેખાવ કેવો લાગેછ ! જાણે રોશન કરેલો આતશ, નહી વારૂ ? કેટલાક આરબો હજુરુથી એમજ કહેછ કે ઈરાની પયગામબર ઝરાથુસ્તને હાથ એજ ગોહર લાગેલું હોવું જોઇએ. અને તેને એક

રોશન આતેશ મીસાલ સમજી લોકો અજબ થયાં કે તે પવિત્ર શખસ આતેશ કેમ પોતાના હાથમાં ધરી શકતો હશે, અને તે મોઅજેજાથી અચરત થઇ ઇરાનનાં લોકો આતેશ-પરસ્ત થઇ ગયાં. અલબત, એ અસલ ઝરથુસ્તી ધર્મના દીન-દુશ્મનોનું કહેવું છે એટલે તે માનવું વાજબી નથી, પરંતુ મેં તો એ બધું હેરફેર લખવું જુદાં જુદાં પુસ્તકોમાં વાંચીયુંછ. તેની અસલ સચ્ચાઇમાં કોઇથી સહેલથી ઉતરી શકાવાનું નથી, કારણ હઝારો વરસો પૂર્વેની આ કથાઓ છે. મતલબ કે, રોબર્ટ, આ 'ગૌહરે-સબ-અફરૂઝ' છે અને ઇરાનની મારી મુસાફરી દરમ્યાન મેં એક બાદશાહી રકમે તે ખરીદયુંછે."

"હદ થઇ, હદ થઈ!" રોબર્ટ તો હવે એક બેડક ઉપર બેસી ગયો. આ નેકબખ્ત નરની અદભૂત નસીબબાજીથી તે જવાન છક્ક થઈ ગયો.

" આ મોતીની માળા જોઇ? એ એક વાર એક દુનીયા વર્ણની ખુબસુરત બાનુને ગળે ઓળવાતી હતી. દિલ્લીનો બાદશાહ અકબર જે હિન્દુસ્થાનમાં ' અકબર-ધ-ગ્રેટ નામની મોટાઈ મેળવનાર એકપુરો શાહ થઈ ગયોછે, તેના બેટા સલીમે પોતાની નુરે-જેહાન નામની સુલતાના માટે ખાસ ·મુલકોમુલકથી, આ કબુતરનાં ઇંડાં જેવડાં

મોટાં મોતીઓ ભેગાં કરી બનાવીયો હતો. પહેલાં તો આ સુંદરી, શેર અફ્ઘાન નામના લડવૈયાને પરણી હતી અને સલીમનાં નામનોબી તુચ્છકાર કરતી હતી, પણ વિધવા થવા પછીથી સલીમની મીનતજારીથી તે મનાઈ નહી તે આ અનમૂળ મોતીની માળાથી મોમ મીસાલ પીગળી ગઈ! એ ઘણી સહેલાઈથી મારે હાથ આવી નથી. તૈમુરલંગને જ્યારે ઈંગ્રેજોએ હરાવીયો ત્યારે એનાં ખઝાનાં ખાતાંમાંથી એ હાર ચોરાઈ ગએલો જણાયો. આજ સુધી એક નવાબને હસ્તક આ માળા હતી, પણ જમાનાની ગીરદેશીથી હારી આઈ તેણે તે છુપીથી વેચવા કાઢી અને મારા એજંટે મોંહમાગીયું દામ આપી મારા તરફથી ખરીદી લીધી.”

રોબટ ચલકતી આંખોએ તે પ્રતાપશાળી પુરૂષને જોઇજ રહયો.

“ આ જો, આ તો મારી ખરી મગરૂરી છે. એ ઈરાન સરઝમીનના એક ઘણા નામવર થઇ ગએલા શાહ જમશીદનાં દુનીયા વર્ણનાં‘ જામે જમશીદ ’ માંથી ખરી પડેલું એક ગોહર છે. એ જમાના દર જમાના ઇરાની ખઝાનાં ખાતાંમાં હતું તે છેક નોશીરવાન આદેલના વખતમાં તે શાહે પોતાની એક રોમન પરણેતર રાણીને ભેટ આપીયું. તેણી એ નંગ રોમ લઇ આવી અને તેણીના એક ફરજદાર

ભાઈએ તે વેચી ખાધું. તે બખ્તાવાર ઝવેર ઈરાનથી ગયું કે તે અસલ વતનની પડતી આવવી શરૂ થઈ. હાલમાં એક રોમન સોદાગરને ત્યાંથી મેં એ ખરીદી લીધું અને એને ઘણું નેકબખ્તી ભરીયું નંગ સમજીને હેતથી અને તકેદારીથી હું સાચવી રાખુંછું."

રોબર્ટ, એક કેવા નામવર નરની હજુરમાં હતો તે ખ્યાલથી હવે તેને જરા ડર લાગવા માંડીયો. તેણે અંતે પુછીયું;

"પણ પેલું ઇજીપશીયન 'રાજુના' ઘણું બદબખ્ત કહેવાએછે તે કાં તમારા સંગ્રહમાં રહેવા દીધુંછ ?"

"કારણ હું કાંઈ વહેમી નથી અને મારી ઉપર કદીબી આફત આવી પડે એવો સંભવ નથી" શેપર પોતાનું મોટું માથું હલાવી બોલીયો.

"તેમાં કાંઇ શક નહી. જો ગયા ભવોમાં માની શકાતું હોય તો હું માનુંછ કે આગલા જમાનામાં જે એક પૃથ્વીપતિ થઇ ગએલો હતો એમ તમે કહોછ તે આ ભવમાં તમે છેઓ." રોબર્ટ ગંભીરાઇથી બોલીયો.

તે ગંભીર સખસ હોઠ મલકાવી સહેજ હસીયો. "હોયબી, હું પુન–ર્જન્મમાં માનુંછ. મને લાગેછ કે હું

કારૂનનો બીજો અવતાર તો હોઇ શકુંજ નહી, એટલે પૃથ્વીપતિ હોઈ શકું ખરો!" અને ગમત મળી હોય તેમ ફરી પાછો તે હસીયો.

"આહ! આ આપણું બીબલીકલ ઝવેર છે! પયગા-મબર ડાનીયલના જમાનામાં બેલશઝાર નામનો જે બદ દયાનતનો અહંકારી રાજા થઇ ગયો હતો તેના બેટા નેબુ-શદનઝરના હવાલામાં આ લાલ હતો એમ કહેવાએછે. તેના પલંગના હાથા ઉપર આ લાલ જડેલો હતો કે જેના ભભુકદાર ઉજાસમાં તે રાત્રિની અંધકાર વેળાએ પલંગ ઉપર સુઇને બધું જોઇ શકતો. આ જુલીયસ સીઈઝરની વીંટી છે. આ મોટો જેસીન્થ પત્થર જોયો? એવો બીજો મલવો મુશકેલ છે." તેણે તે વીંટી રોબર્ટના હાથમાં મુકી ફેરવવા કહી, જેમ કરવા જતાં માંહેથી આતશી ચમકારા માફક અંગારાની લેહ ઉડી રહી. તે કાળા પત્થર ઉપર એક મહાકાળીની મૂર્તિ જેવો એક સ્રીનો ભયભિત દેખાવ કોતરાએલો હતો; તેણીનાં સર ઉપર કંચનનું તાજ હતું અને હાથમાં લોહી ઝરફની શમશેર પકડાએલી હતી.

"જુલીયસ સીઇઝર કેલીગુલા જેવો શેતાનીયત શાહ બીજો કોઇજ થઇ ગયો હશે! તેણે પોતાનાં દુજખી કામો માટે જુલીયસ સીઇઝર નેરો (Nero) અને ઇરાનના શાહ

ઝુહાકનેબી બાજુ બેસાડીયા હતા; અને આ વીટી માંહેલી મૂર્તિને તે દેવતાઇ માફક પૂજતો હતો. ”

“ આ નેબુશદનઝરના મહાલનો મૉડલ છે, ” શેપર એક ન્હાની પેટીનાં માપનો દાબડો ઉઠાવતાં બોલીયો. “ તે પરાક્રમી પુરૂષ અખુટ ગંજ અને દેવતાઈ બળ ધરાવતો હતો મગર અહંકારે તેને ખુવાર કીધો. જો આ તેના મહાલની આબેહુબ નકસ ઉતરાવતાં મને એક રાજ્યગાદી ખરીદાય એટલી દોલત ખરચવી પડીએ. ” તે બ્હારથી તમામ ચાંદીની ઝકઝકીત બનાવટ હતી, મગર માંહે આકાશ ઉતારવામાં આવ્યું હોય એવો દેખાવ હતો. આ મહાલની અંદરની સીલીંગ ઉપર બાર કલાક તારા સેતારાઓથી છવાયલું આસમાની આકાશ નજરે આવતું હતું જે પંદર દિવસ ચંદ્રમાનાં રૂપેરી બિંબ ફેંકતું, જયારે બીજા બાર કલાક સોનેરી ઝલકાટવાલો આફતાબ પોતાના પુર બ્હારમાં તેજોમય થએલો જણાતો. “ સૂર્ય અને ચંદ્રમા તેમજ તારા સેતારાઓને પોતાની તેહનાતમાં ખડા કરવા એ ગુમાનીની હદ આવી રહી કે નહી ? ” શેપર બોલીયો. “ અને પછી આવા આસામીની પડતી આવે તેમાં નવાઇ છે ? ”

તે મૉડલના વચલા ખંડમાં એક ચાંદીની ઇટરડી જેવું મુકાએલું હતું તે જોઈ રોબર્ટે તે શું હતું તે જાણવા માંગીયું.

" આ નેબુશદનઝરની ડાએરી માહેલું પાનું છે. તે એસીરોનીયન જમાનામાં કાગળ શાહી હતાં નહી, પણ આવી ઈંટરડી રેકી બનાવટ ઉપર બાદશાહી નામની છાપ મારવામાં આવતી. હું નહી ધારતો કે દુનીયામાં એની એક બીજી જોડી હોય. "

હવે રોબર્ટની નજર એક બોહીમીયન વાઝ ઉપર પડી. તેને ઘણીજ તજુમલથી સાચવીને ત્યાં રાખીયું હતું. તેના ઉપર બે લોટસ કોતરવામાં આવ્યાં હતાં. રોબર્ટની નજરે કમળ પુલનો દેખાવ પહેલવહેલો પડીયો અને સર્વ પુલોમાંનાં આ અતિ ઉત્તમ એશીયન પુલની બેહસ્તનો બાગ દીપાવે એવી સુંદરતા જોઈ તે છકકજ થઈ ગયો.

" આહ ! તમે મારૂં વાઝ વખાણોછો? જે બોહીમીયન કારિગરે એ કોતરીયુંછ તેણે કાંઈ ઓછી અદભૂત કામેલીયત બતાવેલી નહી કેહવાય, કારણ તેણે આ એશીયન પુલ કદી નજરે નજર જોયું ન હોતું અને માત્ર મારે મોંઢેનાં વર્ણન મુજબ તેણે આ હુબહુ કોતરકામ પાર ઉતાર્યું હતું. "

રોબર્ટે દીગમુઢ હાલતે ટીકીયાજ કર્યું. ગોયા નાઈલ સરોવરની કાળી છાતી ઉપર તરતાં તે બેહસ્તના બાગનાં તાજાં ઉગતાં કમળ ફુલંજ હતાં. ખચિત, શેપર બેરૂથ તેને એક પોતાનાં ઝવેરાત મીસાલ સાચવે તેમાં નવાઈ ન હતી.

" આ સુલેમાની ઝમરૂદ જોયું? એ જે કોઇ ધરાવે તે દુનીયાના ગંજનો માલેક થાએ. હું તે માનુંછ, કારણ જ્યારથી ઈસ્ટમમુલ્કના એક જુનાની ઝવેરી પાસથી મેં આ ખરીદ્યું, ત્યારથી મારો સેતારો વધારેને વધારે બુલંદ થતો ગયોછ. તે ઝવેરી ફરઝંદ વિનાનો હતો એટલેજ તે આ ઝમરૂદ પોતાની બુઝગીમાં વેચવાને મન કરી શકીયો."

"પણ એ બધાં પાછળ ખરચેલો ખઝાનો કાંઇ નહી તો કરોડોનો થવા જતો હશે" રોબર્ટ પુકાર્યો.

"હું નહી ધારતો કે તમે કોઇ પણ દિવસે ઝવેરીનાં કામમાં પુરવીણ થઇ શકો!" શેપર હસીયો. "કરોડો! અરે રફીક મારા! આ આટલાં ઝવેરાતો પાછળજ મેં સીતેર અબજ પૈસો ખરચીયોછે. હજુર તો ઠારેઠાર અને મુલ્કેમુલ્ક મારા બીજા આડતીયાઓ ખરીદી ચાલુ કરતા હશે અને બીજાં એકાદ વર્ષમાં એટલાંજ બીજાં ઝવેરાતો હું ખરીદું તો નવાઇ નથી."

" મારા ખોદા! હું ઉંઘુંછ કે જાગુંછ!"

" જાગોછ અને તદન સુદ્ધીમાં છો." શેપર ખુશમીજાજે બોલીયો, "હવે વિચાર કરી જુવો કે આ પૃથ્વીનો ગોયા તમામ ગંજ એક સખસ ધરાવતો હોય તેનું ખુદાવી-

દની ખાહેશ મુજબ પોતાની દોલત દુનીયાના ચોખંડમાં એકથી અનેક હાથોમાં ફરતી કરવી જોઇએ કે નહી? મારો આ એક મહાલ બાંધવાથી અને તેમાં આ જગની નાદર એકથી એક લાખ ચીજો ભેગી કરવાથી, ન્હાનાં મોટાં, ગરીબ માતબર, વેપારી ઝવેરી, કે જાતજાતના કીસબીઓ, એ બધાંને કેટલી રોજીનું સાધન મલીયું હશે, કેટલાઓ નેહાલ પણ થઇ ગયા હશે; છતાં તે માલેકનાં ફરમાન મુજબ મારેથી થઇ શકતું નથી એ રાતોદિનની મારાં જીગરની ફરીયાદ છે; કારણ હું મજબુતીથી માનુંછું કે ખોદાતાલા આપણને દોલત આપેછે તે તેના બંદાઓ પાછળ ખરચવા. પણ ચાલો, તમે બહુ થાકી ગએલા લાગોછ. સ્મોકીંગ રૂમમાં આવો, ત્યાં આપણે કાંઈ રીફ્રેશમેન્ટસ લઇએ. ”

પ્રકરણ ચોથું.

જો રોબર્ટે એમ ધારીયું હોય કે આ અજાએબી-ભરીયા હૉલની બધી નવાઇઓ તે અત્યાર સુધીમાં જોઈ વળ્યો હતો, તો તે ખચિત ઠગાયો હતો. દેશોના દેશો ખરીદી શકાય, ભમરીયા કુવા ભરાય તેટલી દોલત ખરચી જે મ્યુઝીયમ શેપર બેરૂચે પોતાનાં મકાનમાં ઉભું કીધું

હતું તે કરતાં બી જ્યાદા ચમત્કારિક મોજેજાઓ તેને હજુર તો જોવાના હતા.

રોબર્ટે હવે પોતાને એક નવાજ અયવાનમાં જોયો. તેને લાગીયું કે તે ગોયા ઇંગલંડના બાદશાહના દિવાનખાનામાં ઉભો હતો. ત્યાંનું ફરનીચર કદાચને પેલાં ન જોડ મલે એવાં નરવાલનાં સીંગડાંમાંથી બનાવેલું નહી હોવાથી તેટલું બેકિંમતી ન હશે, પણ બેશક મોટાઇ અને દબદબામાં એક શાહના મહાલને દીપાવે એવું હતું. તેના છેડનો દરવાજો કાચનો હતો જ્યાંથી હોટ-હાઉસની લીલા નજરે આવતી હતી. બીજી તરફથી સ્મોકીંગ રૂમની સામગ્રી દેખાતી. બીડીનો ધુંવો ખેંચવો તેમાંબી જાતજાતની ચીજોની શી જરૂર હોય એમ આજ સુધી સાદા શોખના રોબર્ટને લાગીયું હતું, પણ જ્યારે તેણે ત્યાં કિસમ કિસમની પાઇપો અને હુકકાઓ જોયા કે જેની ઉપર તેઓનાં નામ અને ઉત્પત્તિ લખાએલી હતી, ત્યારે આપણા જવાને તે એ ઘડી જોયાજ કર્યું. ઇંગલીશ ચેરીવુડ, ફ્રેન્ચ બ્રાયર, જરમન ચાયના બાઉલ્સ, કોતરેલી મીરશ્યમસ, ઇસટર્ન નરગાઇલ્સ, ટરકીશ ચબુકસ અને સોનાની નળીઓવાળા હુકકાઓ, ત્યાં હારેહાર ગોઠવી મેલ્યા હતા. વળી આરસપહાણની દેવાલોમાં ફાલકાં જડેલાં, જેમાં આખાં જગતમાં મલતા જાતજાતના તંબાકુઓના દાબડા તેનાં નામ નિશાણ સુધાં

મુકેલા હતા, તેજ પ્રમાણે તૈયાર સીગાર અને સીગરેટસના-બી ડુંગર જાણુવા.

"આ દમાસ્કસની બેઠક ઉપર બેસ, દોસ્ત. એ ટર-કીના સુલતાન તરફની મને ભેટ છે. એ ટર્ક લોકો એશ આરામના ઘણા શોખીન હોએછ. એવી માસુમ બેઠકો બનાવેછ કે આખાં શરીરને આરામ મલે. હું એક જબરો બીડી ફુંકનારો છેઉં એટલે અહિં જે માલ છે તે બધો મારી પસંદગી અને શોખનો છે. આપણા મરહુમ કીંગ એડવર્ડ માટે એવું કહેવાતું કે તેઓ જો રાજ્યગાદી ઉપર હતે નહી તો એક તંબાકુ પરખનાર હાબસ્ ઉસ્તાદ નીક-લતે; તેટલીજ સમજ હું બી ધરાવુંછ એમ કહેતાં મને મગ-રૂરી ઉપજેછે. આર્ટનાં ચિત્રોના ટચકા કે કલરોની ખુબી ખામી પારખવાં, પીછાણવાં, વખાણવાં કે ઝાટકણી કાઢવાનું કામ તમારૂં, તેમ સીગાર માટેનું મારૂં મત કાંઇક વજન-દાર થઇ પડે ખરૂં. લેવો, ત્યારે, આ જરૂર અજમાવો, તમુને ગમસે."

અને તેણે એક દાબડામાંથી સીગાર કાઢી રોબર્ટના હાથમાં મુકી. તે જવાને ગુપચુપ લઈ તેને સલગાવી અને દેમાગ તર થાએ એવા તેના સોહરમી ધુંવાનાં જમાવ થતાં વાદલાંઓની વચ્ચેથી, પોતા સામે બેઠેલા તે ન્હાના કદના,

મગર જબરજસ્ત માથું ધરાવતા તે પ્રતાપશાળી પુરૂષ, જે, લોકો જેમ રૂપીયાની ગણત્રી કરે તેમ અબજોની ગણત્રી કરતો હતો, તેના તરફ વખાણની નજરે જોયા કર્યું. તેનો લગાર ફીક્કો ચહેરો, નીચાં વળેલાં ખભાં, અને ન્હાની ગંભીર આંખો ઉપરથી એવું લાગતું હતું કે પોતાનાં સોનાના બોજા તળે તે ગોયા કચડાઈ જતો હોય. બે પાંચ લાખના માલેકો ધરીયા ધરાય નહી કે ડોક ઉપર ધડ ટેડવે નહી, અને આ અખૂટ ગંજ ધરાવનાર પરાક્રમી પુરૂષ, કશીબી તકોબરી કે ગર્વની નિશાળો નીચી ડોકનો અને નરમાસભરી આંખોનો જણાતો હતો.

રોબર્ટ સ્વભાવે ફીલસુફ હતો, એટલે આ અહંકાર વગરના સખસ તરફ તેને પહેલાંથીજ ખેંચાણ થયું. અને તેજ પ્રમાણે શેપર, આદમીઓને તેમના ચહેરા ઉપરથી પીછાણી શકતો, એટલે રોબર્ટ તેને ગમી આવ્યો હતો એ કુદરતી હતું.

"શું લેશો, મેકીનટાયર, કોફી કે રેફલ વાઈન કે ટોકે?" શેપરે ત્યાં એક પ્યાનાના બોર્ડ જેવું કાંઇ હતું તે તરફ હાથ લંબાવતાં પુછીયું. "હું તમુને ટોકે લેવાની ભલામણ કરૂંછું. ઓસટ્રીયાના શાહનશાહને, જે વેપારી ટોકે પુરો પાડેછે, તેની પાંસથીજ મનેબી એ માલ મલેછે.

જોકે તેના કહેવા પ્રમાણે મને અચ્છી મલાહીજ મલેછ, એ પૈસાના ચમત્કાર ! ” અને તે હસીયો.

આંહિં તેણે પ્યાનાની બે નોટસ દાબી. એકાદ મીનીટ નહી થઈ હોય કે એક ‘ કલીક’ કરતા અવાજ સાથે ત્યાંનું એક ફાલકું ખસી ગયું અને એક ન્હાની ચાંદીની ટ્રે ઉપર બે વેનીશીયન ગલાસો વાઈનથી ભરેલાં હાજર થયાં.

“ એ મશીનરી મજેહનું કામ આપેછ ”! રોબર્ટને ચકિત થઇ ગએલો જોઈ શેપરે કહયું. “ એ મારી નવીજ શોધ છે. આ બધી પ્યાનાની નોટસ જોઇ ? એની ઉપર જુદા જુદા વાઇનોનાં નામો છપાએલાં છે. જે જાતનો જોઇતો હોય તે નોટ ઉપર આંગલાં દાબતાં તરતજ ઇલેક્ટ્રીસીટી કામે લાગી જાએછ અને નીચે ભોંયરાંમાં ભરેલાં વાઇનોનાં પીપનો નળ ખુલેછ. એક વાઈન ગલાસ ભરાતાં એક સેકંડનો ટાઈમ ઘણો થયો. આપણને બે ગલાસો જોઈતાં હતાં એટલે મેં બે વાર નોટસ દાબી. નળની નીચે ગલાસો તૈયાર હોએછ, એક વાઈનથી ભરાયું કે તરતજ તે ભારી થતાં નળની નીચેથી ખસી જઇ બીજાં ગલાસને જગીયો આપેછ. બે ગલાસો ભરાયાં કે તે આપ મેળે ખસીને નજદીક મુકાએલી ટ્રેમાં જાએછ, અને ટ્રેમાં ભાર પડીયો કે તે વિજળીક બળથી ઉંચકાઈને મશીનરી વાટેથી આંહિં

આવીને આપણી ખીદમતમાં ખડી થાએછ. પણ કદાચ હું આ બધાં ટાહેલાંથી તમોને કંટાલો આપતો હોઈશ. એ તો મારો ધખારો છે કે સાંચાકામ આટલી હદે પુગાડવું કે આદમીના હાથોથી થતું દરેક કાર્ય તે કરી શકે અને તેબી માનવીના કરતાં સો ઘણે ઓછે વખતે. ”

“ખચિત તમે મને અજાએબીથી છકક કરી મેલોછ!” રોબર્ટ વખાણથી બોલીયો. “મારી જીજ્ઞાસા તમે એટલી ઉશ્કેરી મુકીછ કે હું વધારેને વધારે જાણવાને આતુર બની રહયોછ. મને તો એમજ લાગેછ કે હું કોઈ જીન પરી-યાંની વાત વાંચુંછ; બલકે જાણે મને ઈંગલંડથી કોઇ જીન ઉઠાવીને પરીયાંઓના માળામાં લાવીને મેલી ગયો હોય એવું મને વધારે લાગેછ. મને ફકર છે કે આ બધો સ્વપ્નો છે અને હું થોડા વખતમાં આ બધી મોટાઇમાંથી મુફલેસાઈમાં આંખ ખોલીને જાગૃત થઇસ. તમે કેટલા અસાધારણ બાહોશ છો! એટલે હદ સુધીની માનવીજાત શોધ કરી શકે એવો મને કદીબી ખ્યાલ ગયો હતો નહી!”

“આ તો હજુર કાંઇ નથી. રફીક મારા! મારે હજુર તુંને કાંઇ બીજું પણ બતાવવુંછ. તું મારી તારીફ ગાએછ મગર મારી માફક યંત્રોની શોધ પછવાડે બીજો કોઇબી મર્દ તો ઘણી શોધ કરી શકે. મારી બીજી શોધો

મશીનરીની બાબદમાં કાંઇ જુદીજ અને જોવા જોગ છે તે તમુને હવે પછીથી બતાવસ, તેટલાં જરા અહિં આરામ લેવો અને આપણે બે બોલ વાતબી કરી શકીએ. સીગાર કેવી લાગેછ ? "

" ઘણી ઉત્તમ. "

"લુસીએનામાં જ્યારે અસલના વખતમાં ગુલામગીરી ચાલતી હતી ત્યારે એ સીગારો ત્યાં બનતી હતી. હમણાના વખતમાં આવી મલવી મુશ્કેલ છે. જે આસામી પાસે એ હતી તેને એના ખરી કિંમતની અને ખુબીની ખબર ન હતી; પણ મેં તે પારખી કાઢી. તે તો બીચારો એક એક શીલીંગે વેચવા તૈયાર થયો હતો, પણ મેં તેને એક એક સોવરેન દીઠનું મૂલ આપીયું અને બધી ખરીદી લીધી. એને જમાનાઓ સુધી રાખો તો એનો તંબાકુ કે સોહરમ સુગંધી બગડે નહી એ એની મુખ્ય ખુબી છે. હવે, મી. મેકીનટાયર, મારે તમોને એક અરજ કરવી છે." શેપર એકાએક ગંભીર થતાં બોલીયો.

" બોલો, બેલાશક બોલો, હું કાંઈબી બજાવવા તૈયાર થવસ. "

"તમે આટલા વખતમાં મારા વિચારો તો જાણી શકીયા હશો. હું આ જગીયામાં તદન નવો છું. અને સર્વ સાથે ભેળાવાની મારી ખાસીયત નથી. હું

માતબર આસામીઓથી દૂર રહેવાનું કરૂંછું, કારણ તેઓનું મને કામ નથી. મને જે ફરજ બજાવવાની છે તે ખોદાતાલાએ મને બક્ષેલી આ અખૂટ દોલતની વ્યાજબી વહેંચણી કરવાની છે. હું તે એકલે હાથે યથા-શકિત બજાઉંછું, પરંતુ મને તમારાં જેવા, પૈસાની પરવા નહી કરનારાઓની મદદની જરૂર છે. તમે જોયું કે હું તો એક સાદું બીછાણું અને એકાદ ટેબલ ખુરસી, ચોપડી ચોપાનીયાં અને મારાં રસાયણી કામમાં કુલ દુનીયા સમાએલી જોઉંછું. પણ ત્યારે પેલા સીનબાદ ખલાસીનાં જગ વહેંત્યાં મીસાલ વળગેલી આ દોલતનો દરીયાવ મારે ત્યાં રેહાયોછે; તેના ભાગલા કેમ ઘટારત ઠેકાણે એકલે પાડી આપું? એ કામ શું કાંઇ સહેલું છે ?"

"નહી, જરાબી નહી." રોબટ અજાએબીથી બબડીયો.

"હવે જો મને જે કોઈ સાધારણ આસામી મલે, તેને પાંચ પાઉન્ડ દસ પાઉન્ડની નોટો કાંઈ સહેજમી ન જેવાં કારણે—મારા ઉપર ઉપકાર થયો હોય એવાં બહાનાં હેઠળ—કાઢી આપુંછ તો કોઇ મને દેવાનો સમજેછ; કોઇ ધારેછ કે થોડીક શીલીંગની નોટ સમજીને મેં ભુલમાં પચાસ પાઉન્ડની નોટ આપીછ અને તે લઇને પોબારા આપી જાએછ તે ફરી મોંહડું બતાવતા નથી, અને કેઇકો પ્રમાણિક હોએછ તો મને બીજી વખતે રસ્તે સેરીએ મલતાં

મારી રકમ મને પાછી સપુરદ કરેછ. હવે એ લોકોને હું કેમ સમજાઉં કે ખોદાતાલાએ મને તેઓનો દેવાદાર પેદા કીધોછ અને હું તો ગયા ભવનું મારૂં કરજ દેઉંછ, યાતો આ ભવની મારી ફરજ બજાઉંછ? એ તો કોઈ સાંભળતું માનતું કે સમજતુંજ નથી. વળી મેં એમબી જોયુંછ કે જે લોક સાધારણ સ્થિતિનાં, કમાએ અને ખાએ અને સંતોષી જીન્દગી ગુજારેછ તેવાં હોએછ, તેઓને જરા વધતું સુખ સગવડ મલે એવા ઈરાદાથી તેઓને નાણાંની છુટ કરી આપુંછ તો કાંઈ અજબ રીતે તે સુખી કુટુંબમાં કડવાસ પંથરાએછ, વધતાં અસંતોષી બનેછ, પૈસાની વહેંચણી માટે કજીઆ કંકાસની થાએછ; ત્યારે કરવું કેમ? ન્હાનાં ઝુપડાંમાં વસનાં મોહતાજમંદો કાંઈ બધાંજ પૈસાની મદદ ખુશીથી સ્વીકારતાં નથી. તેવાંઓ માંહેલાં કેટલાંકોને અપમાન જેવું લાગેછ અને તેઓની લાગણી દુખાએછ, અથવાતો મોંહ ઉપર આવેછ કે પૈસા તે તમેજ જોયાછ કે, અમે કાંઈ ભીક્ષુક છૈયે કે, અમારાં ખભાંની મુસ્તાકી હમોને ઘણીછે વિગેરે. હવે બોલો દોસ્ત, ત્યારે હું મારી ફરજ કેમ બજાવી શકું?"

રોમટંને અકડવકડ થવા લાગી. આ મહાઆત્મિક સખસની હઝુરમાં ફરાગતથી અરડાઈને બેસવું કે ગુંઠણીએ પડીને નમવું તે તેને સમજ પડી નહી.

શેપર, પોતાની ટુંકી દાઢીના બાલ ચમટીમાં મસલી ગંભીર વિચારમાં હોય તેમ લાગતો હતો.

" પણ અફસોસ કે મોટે ભાગે જોવા જશો તો પૈસા હાથમાં આવી પડીયા કે તેઓની દયાનત ફરી જાએછે. ભલતાં ભલતાંઓને ગીરદેશીમાં પડેલાં દાખલ ઉભાં કરેછે અને અપ્રમાણિક રીતે મારી પાસેથી નાણા લેવાનું કરેછે, અને તેના જેવું પાપ હું બીજું કશું સમજતો નથી. " શેપરે ગંભીરાઈથી કહયું.

" ખરૂં કહયું. પણ એ ચલકતી ચીજજ એવી છે. એની ચાઇચાઈથી મોટાંઓ પોતાનો દરજ્જો ભૂલી જઇ નીતિનું શીક્ષણ બાજુએ બેસાડે તો ગરીબના શા આશરા!" રોબર્ટ બોલીયો.

" ત્યારે તમે મને હવે બરાબર સમજી શકોછ; મી. મેકીનટાયર, જ્યારે મારા ખ્યાલ મુજબ હું મોટાઓથી દૂર રહું અને ગરીબો તરફ અવિશ્વાસથી જોઉં, ત્યારે હું તો જાણે એકલો અટુલો પડી જાઉંછ. જોકે એકાંત અને એકલું એ તો મારા સ્વભાવને પેશ પડતુંજ છે; પણ તેમ થવાથી મારી અખૂટ દૌલતની વહેંચણી લાયક આસામીઓમાં કરી શકાતી નથી. આજેજ તમારાં આ ટેમફીલ્ડ ગામડાંના વીકર, કોઈ મી. સ્પરલીંગ નામના,

મને મળી ગયા અને તે બુઝર્ગ આદમી મને ભરૂસા લાયક જણાયા. મને હમેશાં બુઢાં આદમીઓ ગમેછ; ગમે તે, પણ, દુનીયામાં મકકરકુંદી અને હેવાનીયત ગુજારવા-ના તેઓના દહાડા ભરાઇ રહેલા હોવાનું તેઓ સમજેછ, એટલે કુદરતીજ તેઓ સારા ગુણ તરફ ઢલેલા રહેછ. મેં મી. સ્પરલીંગ મારફતે અહિંના ગરીબો તરફ મદદનો દસ્ત લંબાવવાનું સાધન શોધ્યું છે; એજ પ્રમાણે તમારી મારફતે મને કામ લેવા દેવાની રજા આપશો ?"

"બા ખુશી, મી. બેરૂચ, હું મારાં સરોચશમથી તમુને મદદ આપીશ," રોબર્ટ ઘણી ઇંતેજારીથી બોલી ઉઠીયો.

આ માગણી રોબર્ટને ઘણીજ રૂચતી લાગી, કારણ તે બ્હાને તો તે અહિં વારંવાર મહાલમાં આવી શકે અને તેની માનીતી આર્ટ-ગેલેરીમાં કલાકો કાઢે. એના કરતાં બીજી વધારે ખુશ ખબર તેણે કવચિતજ સાંભળી હોય !

"હું આટલા અરસામાં તમોને બરાબર ઓળખી શકીયોછ. જેમ મને સુડીસર તંબાકુ અને બે વખતનું સાદું ખાણું સાથ મારૂં રસાયણી કામ કરવાનું મલે, અને તે હું દુનીયાની પાદશાહી સમજું તેમ તમુનેબી સારીજ માફક ગમે, ફરક માત્ર એટલોજ કે રસાયણી પ્રયોગશાળાને ઠેકાણે આર્ટ-ગેલેરી, કેમ બોલીયા નહી, તો તમેબી ઇંગલાંડના રાજા !"

તેઓ બન્ને હસીયા.

"તમે જોયું હશે કે પહેલાં હું એકદમ તમારા સાથ ભેળાયો નહી, તમારી તરફ મેં શકથી જોયા કર્યું, પણ થોડાજ વખતમાં મેં જોઈ લીધું કે તમે પૈસાના પુંજારી ન હતા, અથવા મને ઠગો તેવાબી ન હતા. હું લોકોથી એટલો ઠગાયોછ કે હવે જાણે મારો સ્વભાવજ ચકીલો થઇ ગયોછ, પરંતુ તમારી ઉપર હું પુરેપુરો ઈત-બાર મુકવા તૈયાર છું. તમે જો મને મલેલા બધા જાત-જાતના અનુભવો સાંભળો તો ખચિત મારી દયા ખાવો. એક દહાડો એક જવાન બાનુને ગોધાએ ઘેરી, તે અને તેણી માએ કલ્લા પુકારા કરી મેલ્યા. હું ડાંગ લઈને દોડીયો, ગોધાને મારી હડાડીયો અને તે બેભાન થએલી બાનુને તેણીની માના હવાલામાં સોંપી, પણ તે એટલી થરથર ધરૂજતી હતી કે પોતાની દીકરીને કાંઈબી મદદ કરવાને અશકત થઇ ગએલી, એટલે મને પેલો બેફામ આકાર ઉંચકીને તેઓનાં ઘર તરફ જવું પડીયું. શું કેહું, દોસ્ત, તે તો બધો પહેલાંથી રચાએલો ટાગડો નીકળ્યો! ગોધો તો તેઓનું ઘરનું પાળેલું જાનવર હતું. એ તો માત્ર મને ઘેરવાની તે મા દીકરીની પેરવી અને કાવતરૂં હતું અને આ રીતનું 'ઇનટ્રોડકશન' કીધેલું ! પણ જવા દેવો.

આદમી જાત તરફનો તમારો ભાવ અને વિશ્વાસ હું ખોખરો કરી નાખું એ ઠીક નહી. અત્યારમાંજ તમે તો અણગમાનો આંચકો ખાધો હોય એમ લાગેછે! કદાચને ત્યાર પછીથીજ હું કમલાની આંખોએ દરેક બાજુ તરફ જોતો હોવસ. હવે દોસ્ત, બહારની દુનીયા સાથે કામ લેવામાં તમે એક મારા આડતીઆ થશો? મને ફક્ત તમારા વિચારો અને સલાહ-વાની વહેંચણીમાં તમારી મદદ જોઈશે."

"બેશક બોલો, કે મારે શું બજાવવું. અને હું ખુશીથી તેમ કરવા તેયાર છું. અને બારીગ્રહેમાં રહીએ છીએ, પણ અહિં આવ્યા પછી અહિંના આસામીઓ સાથે આપોને ઠીક ઓળખાણ પડેલી છે અને હું લગભગ દરેકના ઘરખટલાની હકીકત જાણું છું કે તેઓ કેમ પોતાનો ગુજારો કરેછે."

"મને તેજ જાણવું છે. પૈસાથી ઘણું ભલું કામ થઇ શકેછે, તેમજ એજ ચીજ ખરાબીનું મુળ થઈ પડેછે. વારૂ, ત્યારે એ કામ હું તમુને હવે પછીથી સોંપશ. તેટલાં તમે મને કહી શકશો કે અહિં એક હદ બહારની સુંદરતા ધરાવનારી જવાન બાનુ છે, તે કોણ છે? કાલી, નરગીસના ફુલનાં જેવી ચલકતી આંખો, તેવાજ કાલા બાલો અને ઘણોજ વટમારો ચેહરો! અહિં આ તમે અશ્યન પુતલાં

જોયાંછ તેવો લંબગોલ ચહેરો ! તેણીએ બ્લુ ડ્રેસ પહેરેલો હતો અને હાથમાં ફીકકી બ્લુ રેસમી ઝાલરની પેરેસોલ હતી. ”

રોબર્ટ હોઠ મલકાવી હસીયો.

“ આ ડ્રેસ અને પેરેસોલ હું સારીકાની ઓળખુંછ અને એટલુંબી હું જાણુંછ કે તેણી ઘણી સુંદર છે, પણ એકેદમ ક્રીશ્યન પુતલાં જેવી મારી બેન લીલી છે તે મને ખબર નહી. ” રોબર્ટે હસીને કહયું.

“ તમારી બેન ! ખરેખર ? અરે હા, તમે મારૂં ધ્યાન ખેંચીયું ત્યારે મને લાગેછ કે ચહેરાનો નકશો તમોને કાંઈક ભાગે મલતો આવેછ. મેં તે બાનુને એક દહાડો વરસાદમાંથી બચવા એક છાપરી હેઠળ ઉભેલી જોઈ હતી અને મને અજબ લાગીયું કે આ ન્હાનાં ગામડાંમાં આવી દમામદાર બાનુ કયાંથી આવી હશે ! બેશક, તે પણ તમારી સાથે રહેતાં હશે ? ” શેપરે ઘણીજ ઉલટથી પુછીયું. તે ગંભીર સખસની સુસ્ત જેવી દેખાતી આંખોમાં આ પહેલીજ વાર કાંઇ દીલ ખુશ થયું હોય એવો ચલકાટ રોબર્ટે જોયો. આ અબજોના ગંજે તેને જે સુખ બક્ષીયું ન હતું, તે આ એક ખુબસુરતીની પુતલીની યાદથી મલી ગયું હોય એમ જણાતું.

"હા, તેવણ, હું અને મારા પિતાજી એ ત્રણમાં અમારૂં કુટુંબ સમાઇ જાએછ." રોબર્ટે કહયું. "અમે એલમડીન ખાતે રહીએછ."

"એલમડીન! તે તમારૂં, મકાન છે? મને ત્યાં કોઈ વાર આવવાની રજા મલશે?" હજુર તેવાજ સુખમય ચલકાટથી ઝલકી રહેલી આંખોએ શેપરે પુછીયું.

"બાખુશી, તમે ઘણાજ મુબારક છેઓ. અમારાં ગરીબડાં ઝુંપડાંને માન મળેલું સમજીશું."

શેપર નમીયો.

"તમે સીગાર પુરી કીધી? જે ખરેખરા સ્મોકર હોયછ તેઓને પાઇપ વગર બીજાં કશાંમાં લેહઝત મલે નહી! એક પાઇપ લેશો? નહી,? ઠીક ત્યારે, હું બોહસ નહિ કરતો. હવે આપણે કાંઈ નવું નવું જોઈએ. મારી પાસ ઘણાં જુનામાં જુનાં હથિયારો છે તે હું તમુને કોઈ વાર બતાવસ. મારાં પુસ્તકખાનાંમાં લાખની લગોલગ પુગે એટલી કેતાબો છે, મેં તે કેટલેક ભાગે વાંચેલીછે, અને ઘણીએકનો અભ્યાસ કર્યોછ. મારી સાત વરસની વયથી હું ચોપડીનો કીડો કહેવાતો હતો. પાંચમી સદીમાં લખાએલું 'Visigoth bible' મારી પાસ છે અને તે

હું સર્વેમાં કિંમતી ગણુંછ. તે કરતાંબી પુરાણા કાળનું મારી પાસ 'Biblia Pauperum' છે જે ૧૪૩૦ની સાલમાં સેંતુરનાં પાંદડાં ઉપર લખાએલું હતું, અને જેની બીજી નકલ આ દુનીયામાં છેજ નહી. મારી પાસ ભગવત ગીતા છે, એ હિન્દુસ્થાનના વતનીઓનું બાઈબલ કહેવાએછ, વેદ પુરાણ પણ છે. મને પારકા ધર્મોનો અભ્યાસ કરવાનું ઘણું ચેટક છે. ઈરાનના ગબર લોકોની અવસ્તા પણ છે. એમ કહેવાએછ કે એલેકઝાનડર-ધ ગ્રેટ જ્યારે ઈરાન ઉપર ચઢાઈ લઈ ગયો, ત્યારે ત્યાં, દારા નામનો બુજર્ગ ઈરાની શાહ રાજ્ય કરતો હતો. એલેકઝાનડરે દારાને પરાગંદ કીધો, અને ઈરાનીઓ, જેઓ હમેશાં ફ્નેડસંડ હતા અને જેઓ પોતાને સદાના ફીરોઝીગંદ અને અજીત માનતા હતા તેઓની તકોબરી તોડી. દારા શાહને ઘણી નામોશી લાગી અને તે મરવા સુતો ત્યારે તેણે એલેકઝાનડર આગળ કબુલ કર્યું કે તે તો તેની એક રાનીની ખોકરદારનો બેટો હતો, અને બેટાને હાથેજ બાપ મરતો હતો! હું તુને આ વાત એટલાં માટેજ કહુંછ કે જો હું એ આતેશ પરસ્તોને એમ કહું કે એઓનાં પવિત્ર એકવીસ નુસ્ક, યાને અવસ્તાનાં અસલ જરાથુસ્ત પયગામબરને હાથે લખાએલાં પુસ્તકો માંહેલું એક હું ધરાઉંછ તો તેઓ કદીબી માને

નહી. મગર મારી હકીકત ખરી છે.* એલેકઝાન્ડર જેવો મહાન, ખોદાપરસ્ત યોધ્ધો કદીબી બીજાંના ધર્મનાં પુસ્તકો બાળી નાખે નહી, તેમાં ખાસ કરીને જ્યારે તેણુ જાણીયું કે તેની રોમન કહેવાતી રગોમાં તો ઈરાની બાદશાહનુ તોખમી ખુ લોહી વહેતું હતું, ત્યારે તે કદીબી પોતાના બાપની દિનની કેતાબો બાળી નાખે નહી. મારી ખાતરી થાએછ કે એ અવસ્તાના એકવીસે એકવીસ નુસ્કો તો નહી, પણ તેમાંનાં જેટલાં મલી આવ્યાં હશે તેટલાં એલેકઝાન્ડર રોમ ઉઠાવી લાવીયો હોવો જોઈએ. બીજા મુલકોમાંથી તે જીતીને અખૂટ ખજાના ઉઠાવી લાવતો હતો, મગર ઈરાન વેજના શેહરે તેહરાનમાંથી તે આ અમૂલ્ય પુસ્તકો લાવીયો. એ પેગામબર જરાથુસ્તની ખોદાઈ બસારત પ્રમાણે લખાએલી કેતાબો ઉપરથી આપણાં ધર્મ પુસ્તકો રચાયાં હોય એમાં નવાઈ નથી, કારણ અવસ્તાને મોટે ભાગે મલતું આવતુંજ આપણાં બાઈબલનુંબી શીક્ષણ છે. રોમની બાદશાહી પુરાણી લાયબ્રેરીમાં હું મહિનાઓ

---

* આપણા જાણીતા પારસી ઈતિહાસીક લેખક ''મુરનજી'' ૧૧ મી અકટોબર ૧૯૨૦ નાં જામે જમશેદનાં આ-યુરોપ ગએલાં સોધી પડેલાં પારસી ધર્મ પુસ્તક (ઈ. સ. ૧૭૨૩) માટે ઈતિહાસને આધારે ઘણું સારું લખેછે. " ઓદીયીય કેતાબખાનામાં લોખંડી જંજીરમાં જકડાએલો પુરાણો વંદીદાદ તે કાં નહી આ હોય?"

સુધી રોજીંદો ભટકયોછ, ત્યારે એક અવસ્તાનું પુસ્તક ઘણી મહેનત અને મબલક કીંમતે મારે હાથ આવવા પામીયુંછે. જો હાલના એ ઈરાની ઓલાદના પારસીઓ, જેઓ મોટે ભાગે હિન્દુસ્થાનમાં જઈ વસીયાછે, અને ત્યાંના મારા લાંબા વસવાટ દરમ્યાન હું ઘણાકોના સમાગમમાં આવ્યો હતો, તેઓ જો જાણવા પામે કે તેઓના ધર્મની એક અસલ કેતાબ હું ધરાવુંછું, તો તેઓ શું એક ઉથલપાથલ કરી મુકે !"

"પણ તેઓ શું એટલી માતબર કોમ હશે કે આવી બેકિંમતી ચોપડી તમારી પાસથી ખરીદી શકે ? " રોબર્ટે પુછીયું.

" માતબર તો ખરા, મગર તેઓની પોતાના અસલ ધર્મ તરફની ફીદાગીરી અને જાનફેશાની ખાતર આ અવસ્તા મારી પાસથી માંગે તો હું પૈસાનો સવાલ સદંતર બાજુએ મેલું; પરંતુ તે વાતજ કયાં છે. છેક તે દરીયા પારના દૂરના મુલકમાં વસ્તી તે મુઠીભરની ઈરાનથી નાહાસી છુટેલી જાત શું જાણવા પામવાની હતી કે શેપર બેરૂચ, તેઓના ધર્મનું કાંઈક છ હઝાર વરસનું પ્રાચીન ન્યારૂં પવિત્ર પુસ્તક ધરાવેછે! "

" મને તો તમારા નસીબાની અદેખાઈ આવેછ, બેશક તમે ખોદાને પ્યારા છો. "

"મારી પાસે એક જુનાની હકીમાની કેતાબ છે. તે

જમાનામાં અદ્દભત કાગળની શોધ ન થઇ હતી, એટલે ચર્મપત્ર ઉપર તે બધા તબીબી ફકરાઓ લખાએલાછે. તેનું અંગ્રેજીમાં ભાષાંતર કરવાને હું મથીયોછ, પણ તે માંહે વગુવેલા જડીબુટીઓ શોધી કાઢવી મુશકેલ છે. તે એરીસટોટલને હાથે લખાએલું છે. જો તે મહાન તબીબના ઓસડના ફકરાઓ આપણી સમજાતી જબાનમાં લખાઇ રહેશે તો આ દુખી દરદી જમાનામાં તે કુલ દુનીયાંની દોલત કરતાંબી જયાદા ઉપયોગી અને આશિષ ભરેલી થઇ પડશે. હું માત્ર એકાદ મીનીટ તમોને મારી લાયબ્રેરીમાં લઇ જઇશ. હાલમાં તો મારે તમુને કાંઇ બીજુ બતાવવાનું છે. વરસાદના દહાડા જયારે તમારૂં રંગવાનું કામ ન ચાલે, ત્યારે બેલાશક મારી લાયબ્રેરી તમારી પોતાનીજ હોએ તેમ વાપરજો."

આ વખતે રોબર્ટે પોતાને એક જુદાજ ઓર- ડામાં જોયો.

જેમ આગ્રાના જગજાહેર તાજમહાલની સંગેમરમરની દીવાલો ઉપર મ્હોમેદનોનું આખું "કુરાને શરીફ" લખાએલું છે, અને નીચે જમીન ઉપર ઉભું રહેલું એક આસામી સેંકડો વારની ઉંચાઈએથીબી તે વાંચી શકે, તેજ પ્રમાણે તે પાંચ સાત મજલા જેટલી ઉંચાઇએથી ઉભેલાં તમામ મેહોગનીનાં સ્ટેન્ડો ઉપર ગોઠવાએલાં પુસ્તકોનાં નામો નીચે ઉભેલાં આસામીઓ વાંચી શકતાં. દરિની સમાન

ચપાટીએ વાંચી શકાય એવા હરફોથી નામો લખાએલાં, અને જેમ જેમ સ્ટેન્ડો ઉંચાં થતાં જાએ તેમ તેમ હરફો મોટા કોતરાએલા, એટલે વગર હરકતે સો વાર ઉંચે મુકાએલાં પુસ્તકોનાં નામો પણ નીચેથી વાંચી શકાતાં. અલબત ત્યાં ચાંપ ગોઠવાએલી અને જે સ્ટેન્ડ ઉપરથી પુસ્તકો જોઇએ તેટલી ચાવીઓ દાબતાં નીચેનાં સ્ટેન્ડ દેવાલમાં ગરક થઇ જઈ પોતાનાં મથાલાંનાં સ્ટેન્ડને નીચે ઉતરી આવવાને જગીયો કરી આપતાં.

"હવે આપણે અહિંથી જઈશું." શેપર બોલીયો. "હું તમુને મારી એક નવી મોટી શોધ બતાવવા માંગુંછ. આ ઓરડાના છેડેના સોફા ઉપર મારી પાસે બેસો."

આ દુનીયા વર્ણની બાહોશી ધરાવનાર સખસ હજુર બીજું તેને શું નવું ચમત્કારિક બતાવનાર હતો તે માટે જવાન રોબર્ટ ઘણો આતુર બની ગયો અને પેલા સોફા ઉપર ગુપચુપ બેઠો. તેણે જોયું તો તે તમામ બીલોરમાંથી કોતરી કાઢીયો હતો. શેપરે પણ રોબર્ટની પાસે બેઠક લઈ માથાં ઉપર લટકતી એક સોનેરી દોરી ખેંચી તો તેઓના તે સોફાની ચોબાજુ બીલોરી, ચોખંડ પરદાઓ ઉતરી આવ્યા. તે એટલા પારદર્શક હતા કે જોનાર થોડા વખતમાં ભૂલીજ જાએ કે તે એક ફરતા કાચના દાબડામાં બેઠો હતો. અંદર હવાની આવજાવજુ માંથાં ઉપરથી

તદન ખુલ્લી હતી. આ કાચનાં ઘરમાં કેટલીએક સોનેરી દોરડીઓ લટકતી હતી. શેપરે તેઓ તરફ હાથ લંબાવતાં પુછીયું.

"ઓહો, દોસ્ત ! તમોને કયાં બેસીને તમારી સીગાર ફુંકવીછ ? હિન્દુસ્થાન કે ઇજીપ્ટ કે ચાયના કે— "

"સાઉથ અમેરીકા" રોબર્ટ હસીને બોલીયો. "યુરોપની સર્વેથી ખુશનુમા જગીયા તે છે, પણ તમે મને ત્યાં કેમ લઇ જવાના હતા ?"

પવનનો એક સહેજ ઝપાટો અને રોબર્ટની અજાએબીથી ખુલ્લી ગએલી આંખો આગળ જાતજાતના દેખાવો એકાએક આવીને ઉભા. જયાંબી તે નજર ફેરવતો ત્યાં પામનાં મરોરદાર ઝાડો, ખુશનુમા ઝાડીઓ, સુગંધી વેલાઓ અને આંખો ઠંડી રહે એવા માઇલોના વિસ્તારવાળા ફુલ ફળના બગીચાઓ દીસવા લાગીયા. સ્મોકીંગ રૂમ, લાયબ્રેરી, ઇંગલંડ બધું નજરેથી ગેબ થઈ ગયું અને રોબર્ટે પોતાને એમેઝોનનાં જંગલમાં આવીને ઉતરેલો દીઠો. એ કાંઈ માત્ર નજરેની છેતરપીંડી હોવી જોઇએ, એમ તે જવાનને લાંગીયું, બાકી હજારો માઇલને છેટે તે એક પલક વારમાં અવાતું હશે ! અને તે છતાં તે દેખાવ કેવો અસલીયાત જેવો હતો, આ શું હશે ? તેણે અચંબાથી જોયું કે ખીલખીલ કરતાં વહેતાં જતાં નાળાંનો રળીયામણો અવાજ

ઝગમગતો હતો. પાંદડાં ઉપર બાઝેલું દર મોતીના દાણા જેવું ઝળકતું હતું, અરે ખુદ એના સરની ઉપર ટંગાતી ડાળીની ઉપર સપસપ કરતો સર્પ વીંટ ચઢી જતો તેણે જોયો, અને તેથી જાણે ગાભરો બની ગયો હોય તેમ એક લીલો પોપટ ડરીને ઉડી જઈ બીજાં ઝાડ ઉપર ।
રોનાર્ટે અજાએબીથી દંગ થઈ જઈને આ બધું જોયું. તેને ગભરાટ છુટેલો જણાતો. ફીકકેફચ ચહેરે તેણે હવે શેપર તરફ નજર ફેરવી, જાણે તેની આંખો એમ કહેતી હોય કે આ નજરબંદી હતી, જાદુઈ હતી કે ખુદાઈ મોજેજો !

શેપર પામી ગયો. તેની ગંભીર આંખો મલકાઇ.

"અસલના વખતમાં એને પા ભાગેબી કોઈ કરામત કરતે તો તે આસામીને જાદુગર દાખલ જીવતો બાળી નાખવામાં આવતે, નહી વારૂં ?" તે મોટાં માથાંના પુરૂષે હસીને કહયું. "કેમ, એમેઝોનની હવા ચાખી રહયા ? હવે ઈજીપ્ટ તરફની સહેલઘાહ કરવીછ ?"

પાછો એક વરરર કરતો સહેજ અવાજ, પવનનો લગાર ઝપાટો, ગાયબ થતા દેખાવો, અને સાઉથ અમેરિકા તરફની લીલાં લહેરની બલીહારી પછી એકેદમ સુકકું રેતાળ રણ આવીને ઉભું ! કાલી જાતની ભયંકર ઘલોડીઓ ડોકાં હલાવતી પથરાઓ ઉપર બેઠેલી જણાતી. દૂર દષ્ટિમર્યાદા સુધી નજર ફેરવતાં સફેદ રેતીના ઢગલા સિવાય બીજું

કશું નહી! વળી, ગરમ અગ્નિ જેવો પવન વાતો હતો તે જુદો. આ નજરની છેતરામણ કેમ કરી હોઇ શકે?

"મી૦ શેપર બેરૂચ, મને સમજ પડતી નથી!" રોબર્ટ બોલી ઉઠીયો. "તમે ખચિત મને ગભરાવી મારોછ!

તે જવાને પોતાના સોફાનું બીલોરી મુઠ્ઠું મજબુત પકડી જોયું. આહ! તેઓ હજુર પેલી બેઠક ઉપરજ બેઠા હતા, એટલે ઇજીપ્ટનાં રેતાલ રણમાં ભૂલા પડેલા તો હોએજ નહી.

"જરા એકદમ બીહક લાગે તેવું ખરૂંજ તો." શેપર બોલીયો. "પણ આ રેતીનું રેણ મારૂં ઘણું માનીતું છે, માંણસની તો શું પણ હવામાં રહેતી અધ્વર વસ્તીનો પણ અહિં અણસારો નથી; અને જયારે હું ઇજીપશીયન તંબાકુ ફુંકતો હોઉંછ, ત્યારે મને આ દેખાવો જોવા ઘણું ગમેછ. ચાલો, હવે ચાયના આવોછ?"

"નહી, નહી, ખોદા ખાતર હવે બસ કરો, મારૂં મસ્તક ભિસાઇ ગયુંછ. હવે મને મારે ઘેર એલમડીન પાછો ફરવા દેવો; પણ આ તપતાં રેતાલ રણમાંથી હું મારાં ઘરનો રસ્તો શોધી શકશ ત્યારે કે! પણ મી. બેરૂચ, આ બધું કેમ બનવા પામેછ તે જરા મને સમ-

જાવીને મારાં મગજ ઉપરની ગભરામણ ઓછી કરશો ! ” રોબર્ટે હાકલુકીથી માંગી લીધું.

“ ઘણીજ સહેલાઈથી, મી. મેકીનટાયર, આ તો ફકત એક રમકડું છે એમ કહું તો ચાલે. મુખ્ય ખુબી જોવા જાવો તો સાંચાકામની. મારાં મકાનની પાછલી તરફ માઈલોના વિસ્તાર જેટલાં હોટ હાઉસો અને લીલી કુંજર જેવી ફુલનરીઓ બનાવેલીછે. તે દરેકમાં જુદા જુદા મુલકોને પેશ પડતી ઠંડી ગરમી સરદી મેં સાચવેલીછે. કોઇક ઠેકાણે જમીનની હેઠળ ગરમ પાણીની નળીઓ, તેમ વળી બીજે, શીતળ બરફના કુંડો કરાવેલા છે, એટલે હિન્દુસ્થાન કે ચીન કે ઇજીપ્ટ કે સાઉથ અમેરીકા જેવે ઠેકાણે જવું હોય તેને બરની રૂતુ થઇ શકેછે. આ આપણે જે બારી મકાનમાં બેઠેલા છૈયે તે એક ટ્રામવે જેવાં મશીન ઉપર ઉભેલુંછે, અને આ જુદી જુદી દોરડીઓ ખેંચતાં જ્યાં જવું હોય ત્યાં પલકારામાં વિજળીક બળથી ચાલતાં પૈડાં આપણને ખેંચી જાએછે, તે આપણને માલમ પણ નથી પડતું. જે કુદરતની બધી લીલા તમે જોઈ તે મોટે ભાગે તો ચિતારાની પીંછી અને રંગની મીલાવટની કરામત હતી, પણ તેવે ઠેકાણે થોડાંક જીવતાં પક્ષીઓ, ઝેરની કોથલી ખસાડી કાઢેલા સાપ વગેરે એવું એવું રાખી કુદરતી દેખાવો આપેલાછે. ફુટ ફુળના બગીચાઓ,

ઠંડી ગરમ રૂતુના અકુદરતી વસવાટમાં પણ કેવા સરસ ખીલી રહેછે, તે તો તમે જોયું હશે. કેમ, શું ધારીયું, સાઉથ અમેરીકાનાં ઝોપાળાં માટે ?" અને તે અજબ બાહોશીવાળો મોટાં માથાંનો તે મકાનનો માલેક ગંભી-રાઈથી હસીયો.

"પણ ઇજીપ્ટનું રેતાલ રણ ? તે કેમ બનીયું હશે ?" રોબર્ટે પુછીયું.

"એ બધો બ્હારના દેખાવનો લોભાવનારો ઠમઠમાટ જાણુવો, દોસ્ત, બાકી ભીત્તરમાં તો પોલમપોલ ! એ માટે એક ફ્રેન્ચ ચિતારાની મેં ખાસ મદદ લીધી હતી કે જે આરટીસ્ટ દાખલ પૃથવીમાં પેહલે નંબરે આવેછે. તેણે એટલી સીફતથી એક માઇલ જેટલી લંબાઈ સુધી દેખાય એવું રેતીનું રણ ચિતરી કાઢીયુંછ કે ગમે એવાં બારીક-બીનથી પણ પકડી કઢાય નહી કે તે અકુદરતી છે."

"પણ ત્યારે આપણે આ કાચનાં ઘરમાં કાં બેસીએ ?"

"પેહલું કારણ તો એ કે આ બધા મોજેજાઓથી ઉશ્કેરાઇને કોઇ એકદમ ઉઠીને ઉભું થઈ ફુલ ફળના બગી-ચાઓમાં દોડી જવા માંગે તો માત્ર રંગબેરંગી પરદાઓ સાથ અફળાઈને તે પાછો આવે અને બધાં મારાં સાંચા-

કામનો ભરમ ખુટી જાએ; અને બીજું તો એ કે જાતજાતની ઋતુમાં મને મારાં પરોણાંઓને ફેરવી લાવવાનાં, એટલે એકદમ સરદી કે તરતજ પાછી ગરમી એ બધાંમાંથી બચાવવા, આ કાચના હાબડામાં બેસાડવાં પડેછે. પણ શું તમે ખચિત ઘર જવા માંગોછ? લેવો ત્યારે, આ આપણો સ્મોકીંગ-રૂમ આવ્યો. હું ઈચ્છુંછ કે આ તમારી મુલાકાત છેલ્લી ન હોય. મેં તો તમારી ઉપર ઘણી આશાઓ રાખીછ, અને તમારી મદદ ઉપર ઘણી ઈમારતો ઉઠાવીછે. ત્યારે હું કોઈ દહાડો એલમડીન આવું તો તમે ખુશી થશો એમ તમે કેહતા હતા, નહી વારૂં?"

"હા, મી. બેરૂચ, તમારા આવવાથી અમો સર્વને ઘણીજ ખુશી ઉપજશે, પણ હાલ તો મને જવા દેવો."

અંતે રોબર્ટ તે નવાઈ જેવાં મકાનમાંથી બ્હારની કકડતી ઠંડીમાં ઘરે જવા નીકળ્યો, ત્યારે તેનું મગજ બેબાખરૂં પડી ગયું હતું. આજે આ બે કલાકમાં તેણે આખી પૃથ્વીની પ્રદક્ષીણા કરી હોય એમ તેને લાગતું હતું. તેનું મસ્તક હજારો વિચારોથી ઘેરાઈ ગયું. આ અજબ કિસમનો બખ્તાવર પરાક્રમી નર કેટલી સત્તા ધરાવતો હતો, પોતાની બેસુમાર દોલતથી કુલ દુનીયા સાથે સોદાગરી કરી શકતો હતો, છતાં, કેવો ધીમો, ધીરો,

ચીરો; કેવો સાદો દેખાવ, કેવી ગંભીર નીચી નમેલી આંખો, પણ કેવી પોષાક પેશાની સાથનું જબરજસ્ત માથું!

રોબર્ટને લાગીયું કે તેમાંજ બધી ખુબી હતી.

પ્રકરણ પાંચમું.

તે રાતે ખાણાં બાદ રોબર્ટે પોતે જે કાંઇ જોયું હતું તે બધું પોતાના બાપ અને બેન આગળ જાહેર કર્યું. આ બધી નવાઈઓથી તે એટલો ઘેરાઈ ગયો હતો કે કોઇ આગળ જાહેર કરવાથી તેને કાંઇક આરામ મલીયો. પોતાનાં મગજની શાન્તી ખાતર તેણે શેપર બેરૂચની અસાધારણ દોલત, તેનું મ્યુઝીયમ અને એક સોવરેનને ઠેકાણે એકે લાખથી વાત કરવાની લોકોને છક કરીનાખનારી તેની રીત, એ બધું તેણે પોતાનાં આ અતલગનાં બેશીઓને કહી સંભળાવ્યું. છેવટમાં તેણે, તે મહાલના માલેકે તેની ઉપર વિશ્વાસ મુકી પોતાની મદદમાં બોલાવીયો હતો તે ઘણી ઉકમાઇથી કહયું.

આવો અખૂટ ખજાનો, પૃથ્વીના ચોખંડમાંથી ભેગાં કીધેલાં અપૂર્વ ઝર ઝવેરાતો, કદી આગળ ન શોધ થએલું સાંચાકામ અને બીજા હાતમતાઇ જેવું સખાવતી દરીઆવ દીલ, એ બધી સાવસ્તર કહાણીથી રોબર્ટનાં બન્ને

સાંભળનારાંઓ ઉપર તદન જુદીજ અસર થઈ. બુઝુર્ગ મેકીનટાયરની ઝીણી આંખોમાં અજબ પ્રકાશ દેખાવા લાગીયો. અને જે રીતે તેનું હાસ્યું વધાયું થઈ ગયું તે જોઈ તેનો બેટો લગાર ખીજ્યો. પણ લીલી ! તેણીએ આતુરતાથી પોતાના ભાઈનો એકેએક સખુન સાંભળ્યો હતો અને આ અચંબાભરી ખબરોથી તેણીના રૂખસારા ગુલાબનાં ફુલ મીસાલ ખીલી રહ્યા. રોબર્ટને લાગીયું કે તેની બહેન કદીબી આગળ આટલી સુંદર દેખાઇ હતી નહી.

"પણ આ આદમી છે કોણ ?" અંતે બુઢાજીએ પુછીયું. "એણે બધો પેસો પ્રમાણિકપણે મેળવ્યો હોય તોજ આપણને કામનો ! હું તો ધારૂંછ કે છુપે વેષે કોઈ પ્રીન્સ હોવો જોઇએ; અથવા તો દેશબદલ થએલો કોઈ શાહાનશાહજ કાં નહી હોય, હં. ત્યારે રોબર્ટ, એ પોતાની દોલતની વહેંચણી કરવા માંગેછ તો સવારના પહોરમાં જઇને કહેજે કે હું કેટલા ઉપકારથી તે કબુલ રાખસ તે ! મારો એક વારનો ધંધો પાછો ખીલસે; શોભ, જોવું વારૂં, મને અડધો મીલીયન હશે, એટલે જે પાંચ લાખ રૂપીયા, તો બસ થશે !"

"પણ એ ખરેખરો હશે કોણ, રોબર્ટ?" લીલીની અંતે જબાન ઉપડી. "ઓહ, હું ત્યાં હતે તો મને એ બધાં ઝવેરાત જોવામાં કેવી મજાહ મલતે ! કાળા આંખ-

વાળાંને ઝમરૂદ બહુજ દીપી નીકળે, અને તું કેહેછ કે તેણી પાસે ઝમરૂદનો તમામ આખો સેટ હતો!"

"બનું જ હતું, શું નહી હતું તે સવાલ છે!" રોબર્ટ બબડીયો.

"ઓ! જરા મને પાછું પેલાં મ્યુઝીયમ માટે કહે. ઝવેરાતોનો સંગ્રહ મને પાછો જરા કહી સંભળાવ." તેણી બોલી.

"સીતેર અજબના દાગીના!" બુઢાજી બબડીયા, "અને તેના ભાંગલા કરવાના, ત્યારે મારે ફાલે કેટલું આવે? હું ફક્ત અડધો મીલીયંનજ કાંય લેઉં? રોબર્ટ, તારી સાથે તો વળી ખાસ દોસ્તીબી પડીછ, એટલે દોઢ મીલીયન મારે ફાલે મુકાવજે—"

"જે લોક કમાઈને ખાઈ જાણેછ તેવાંઓને પૈસા આપી આળસુ અને અસંતોષી તે કરનાર નથી. આપણને ખોદાએ જેટલું આપીયુંછ તે આગળ કરતાં ઓછું હોવા છતાં આપણાં પેટ પુરતું છે, અને આપણને તો તે પોતાનાં બરોબરીયાં ગણેછ, એટલે કાંઇ પૈસા મંગાએ કે, બાવા?" તે બેટાએ કહયું.

"અરે અરે, શું વાત લાવોછ! બરોબરીયાંને બરોબરીયાં ગણેછ તો કહીએ જે અડધો અડધ દોલત કાહી

આપ. થોસો, 'મારાં બંદુકનાં કારખાનામાં એક ઇજનેર હતો, તેનું નામગ્રી બેરૂચ હતું, તે તો એ નહી હોય ? પણ તેની પાસે એટલાં પુટીયાં કાંહથી આવે ! હવે ત્યારે આશુ સીતેર અગજના દાગીના છે તો મારે ફાલે તેમાંથી શું આવે--?" અને બુઢાજીએ કાગળ અને સુખડ પેન લઇ તે ઉપર ગણુત્રા કરવા માંડી.

"રોબર્ટ, તુને એમ મી. બેરૂચે કહયું કે તે મને એટલે કે આપણુને મલવા આપણે ત્યાં આવનાર હતા ?" લીલી સુરખ મારી ગએલે ચહેરે બોલી. "એ કયારે આંવવાના હશે ? જો એટલો ડાહયો દીકરો થઇને મને એક કલાક આગમજથી ચેતાવજે. કાલે આવનાર છે કે ?"

"તે હું કેમ કહી શકું."

"ઓ! મને એ આદમી સાથે પીછાણુ પાડવા ઘણુંજ ગમસે-ઘણુંજ ગમસે," લીલી ખુશાલીથી ધરૂજતે અવાજે બોલી.

"ઓહો! તારી ખુરસીના હાથા ઉપર કાગળ છે; એવા ફોરેન સ્ટેમ્પ ઉપરથી એ હેકટર તરફથી આવ્યું હોય એમ લાગેછ. શું લખેછ એ!" રોબર્ટે પુછીસું.

"કોણુ જાણે, તારી વાતમાં હું એટલી મશગુલ થઇ ગઇ હતી કે એ ખોલીને વાંચવા મને વખતજ મલીયો

નથી. ગરીબ બિચારો હેક્ટર! હું, ત્યારે મી. બેરૂચ પાસે સીતેર અબજનાં ઝવેરાતો છે! હેક્ટર લખે છે કે એની સ્ટીમરને તોફાન નડેલું" તેણી તે કાગળ ખોલીને મોટા હરફે લખાએલાં ચાર પાનાં ઉપર નજર ફેરવતાં બોલી-"પણ હાલમાં બધું સમાધાન છે. અને મી. બેરૂચ પાસે બધાં ચોકખાં મોતીની સેરની સેરો હતી! મારા ખોદા! ઓ, મેં તે જોયાં હતે! મારા કાલા બાલમાં મોતીઓ કેવાં શોભી રહે! જાણે કાલા ડુંગર ઉપર જમેલાં દવ! હેક્ટર લખે છે કે એ ઘણુંખરૂં માર્ચમાં પાછો આવસે. હું, અને તું કહી શકતો નહી, ભાઈ, કે આ તારાં પરીયાંના માળા જેવા જાદુઈ કિલ્લાના માલેક ક્યારે આપણને મલવા આવશે?" આ બધું હેરફેર લીલીનું બોલવું સાંભળી રોબર્ટ મુછમાં હસીયો. બુઢાજી તો હજુર દસ પંદર લાખ ઉપર આવીને અટકેલા હતા. સીતેર અબજની ગણત્રી સુધી પહોંચતાં તો રાતની એવી ડજન સવાર થવાની અને તેમનું પોચું ભેજું પુરૂં માવો થવાનું એમ રોબર્ટને લાગીયું એટલે તે વચ્ચે પડીયો:

"બાવાજી, તમે હવે સુવા જાવો-"

"મને ઉંઘ નહી આવે, દીકરા. આપણાં પડોશીનું આપણે ભલું કરવુંજ જોઈએ. આવી મોટી રકમ હસ્તમાં અમસ્તી બીચારાને ત્યાં પડી રહી છે એટલે મારી ફરજ

( )

કે મારાં બ્યાજે રોકવાનો એને રસ્તો બતાવું. એને કેહજે, દીકરા, કે બંદુકના વેપારમાં હમણા કેટલો તડાકો છે, અને વીસ ટકાની તેરીખ ઉપજાવવી હોય તો મારી સલાહ લે. કાંઇ બધોજ પૈસો એમ હરડાગીના અને ચોપડીઓના કમરામાં રોકી નાખસે તો પછી ખાસે શું? એ કાલે આપણે ત્યાં આવવાનો છે ત્યારે જરા તું આગળની વાત કરી રાખજે."

"મી. શેપર બેરૂચ ક્યારે અહીં આવનાર છે તે હું નકકી જાણતો નથી, પપા, અને કદી કાલે આવે તોપણ એમની દોસ્તીનો લાભ લઇ હું આપણી મતલબને પેશ પડતું કદીબી કાંઈ બોલીશ નહી."

"આપણે તેનાં બરોબરીયાં કહેવાઈએ, પપા, ઈજ્જત આબરૂમાં આપણે તેની સાથે એકજ પંકિતનાં છૈયે, અને તમે શું હાથ હારીને મુફલેસીપણું બતાવી તમારાં છોકરાંઓને એમ લગાડયો?" હવે લીલીએ નયનો ફેરવી નાંખીયાં. "તમુને એવા વિચારો કોણ જાણે કેમ સુજ પડેછે?"

"એવા વિચારો નહી સુજ પડીયા હોતે તો આજે તમુને આવી ઉંચ કેળવણી મળી હોત કે, લીલી બાનુ?" [illegible] ઉપડીયા અને બાપ બેટી વચ્ચે ચીંગારી પડેલી

જોઈ તે ભડકો લઈ ઉઠે તે પહેલાં આ ગરીબ જવાન ઓરડા બહાર નીકળી નહાઠો. માળ ઉપરના પોતાના ઓરડામાં પોતાનું માનીતું કામ ચલાવતાં તેના કાન ઉપર હજુર, તેના નરમ પડતાં જતાં ભેજાંના કમનસીબ બાપનો અવાજ અને વીલીની ગુસ્સાની કીકીયારીઓ આવતી હતી, અને પૈસા સંબંધી રોજીંદી આ કુટુંબી તકરાર એકથી અનેક કારણે તેઓનાં ન્હાનાં મકાનમાં થતી તે ઉપર તે જવાને હાથ ફેંકી.

બીજે દિવસે સવારના હજુર તો નાસ્તો તરતનો પુરો થયો હતો તેટલાં બહારના દરવાજા ઉપર કોઈનો બીહકણ જેવો ધીમો ઠોકવાનો અવાજ આવ્યો. રોબર્ટે જોયું તો ચેપર બેરૂચ ઓસકાતો જેવો ત્યાં ઉભો હતો. તે જવાને ઝટ બહાર દોડી જઈ તેને ઘણાં માનથી મકાનમાં દાખલ કર્યો.

“મને ફીકર છે કે હું ઘણો વહેલો આવ્યો છું, પણ નાસ્તા પછી હું મારા રાબેતા મુજબ ફરવા નીકળું છું,” તે પોતાના ધીમા ધીરા અવાજે બોલીયો. આ વાર તેનાં અંગ ઉપર એક મજુર જેવો પહેરવેશ નહતો. તે એક ગૃહસ્થના સાદા, પણ ખામી રહિત પોશાકમાં સજ થએલો હતો.

"તમે ગઇ કાલે મારી આગળ તમારાં ચિત્રો માટે બોલ્યા હતા. હું તે જોવા માગુંછ, જો તમારી રજા હોય તો."

રોબર્ટની ખુશાલી માઇ સમાઇ જતી ન હતી. આર્ટનો આ મહાન મુરબ્બી તેનાં ચિત્રો જોવા આવ્યો હતો એ કેવી ખુશનસીબી! બીચારા ભોળા રોબર્ટને ખ્યાલ પણ ન ગયો કે મનુષ્યના હુન્નરની ખુબી વખાણવાના ખ્યાલ કરતાં, ખુદાઈ બનાવટની સુંદરતા નિહાળવા તે દોલતમંદ જવાન સવારના પહોરમાં ત્યાં ચાલી આવ્યો હતો.

"જગતમાં વિખ્યાતી મેળવી ગએલા મહાન આર્ટીસ્ટોનાં પિકચરો તમે જોઇ ચુકેલા એટલે મારાં સાદાં પીકચર તમોને ગમશે કે તે મને ઘણું શકભરીયું છે. આવો, મી. બેરૂચ, મારા પિતાજી અને બેન સાથે તમોને ઓળખ કરાવું."

બુઢાજી જમીન સુધી વાંકા વળીને નમીયા, પરંતુ લીલી તો અજાએબીથી દંગ થઇ ગઇ. એક દિવસે તેણી વરસાદમાં સપડાઇ ગઈ હતી ત્યારે છાપરી હેઠળ ઓથ લેતાં જે વિચિત્ર સખસનો ભેટો તેણીને થયો હતો, તે તો આ અબજોપતિ શેપર બેરૂચ નીકળ્યો! બેરૂચે નજદીક આવી ઘણી અદબથી તેણીને શેકહેન્ડ કરી.

"આપણે આગળ મળીયાંછ, મીસ મેકીનટાયર, પેલા ધોધમારના વરસાદમાં આપણે બન્ને--"

"હા, અને તે વખતે મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે હું ખુદ મહાલના માલેક સાથે વાત કરતી હતી." લીલી મીઠાસથી બોલી.

"હું હમેશાં વિચાર કરતો કે તે બાનુ કોણ હશે, પણ ગઈ કાલે તમારા ભાઈ સાથે વાત કરતાં મને માલમ પડીયું. કેવું ખુશનુમા ન્હાનું મકાન! ગરમીમાં ઘણુંજ રળીયામણું લાગવું જોઇએ. ઓ! જો સામેનો આ પહાડ ન હોય તો મારા મહાલની બારીઓમાંથી સીધું તમારૂં મકાન દીસી શકે."

"હા, અને અમે તમારો દબદબા ભરીયો મહાલ જોઇ શકતે," લીલી બોલી. "આજ સવારેજ મને વિચાર આવ્યો કે આ પહાડ આંહિ નહી હતે તો કેવું સારૂં."

"ખરેખર, તમારે ખાતર આ પહાડ આંહિથી જમીનદોસ્ત કરાવવાને મને બહુ ખુશી હાંસલ થશે." શેપર ઉલટથી બોલીયો.

"મારા ખોદા! અને તમે આંહિથી આ પહાડને કહાં લઇ જશો?" લીલીએ પોતાની આંખો અજાએબીથી ખોલીને પુછીયું.

"વાતમાં કાંઇ ઘણું દમ નથી. બે ચાર હજાર મજુરો કામે લગાડીયા હોય, તેમજ ન્હાની રેલ્વે લાઇન અહિં નાખી દીધી હોય, તો એકાદ બે મહિનામાં પહાડ ખોદી કહાડી વેગન ભરી ભરીને અત્રેથી બધું મટોડું પત્થર દૂર કરી શકાય, અથવા ઘર બાંધવા માટે કનટ્રાકટથી વેચી નાખી શકાય."

"પણ ત્યાં આગળ વીકર મી. સ્પરલીંગનું મકાન આવેલુંછે, તેનું કેમ ?"

"તેનું કાંઇ નહિ. બરાબર એજ પ્રમાણેનું ઘર એક બીજું હુ એમને બંધાવી આપું. તમારા ભાઈ જાણેછે કે ઘર બાંધવાનાં કામમાં મને કાંઈ થોડી ઘણી સમજ છે ખરી; તમે જો ગંભીરાઈથી કહેતાં હોવો, મીસ મેકીનટાયર, તો કાલથીજ હું આ પહાડ જમીનદોસ્ત કરાવવાનું શરૂ કરાઉં."

"નહી, મી. બેરૂચ, ગમે એટલી સગવડને ખાતરબી હું એવું નહી ઇચ્છું. એમ તો હું આખાં ટેમ્પ્લીન્ડનાં ગામડાંના રહીશો તરફ નગુણીમાં ઠરૂં, કારણ આ ટેકડીથી તો શીયાળામાં બચાવ થાએછે, પવનના સુસવાટા અહિં કમતી આવવા પામેછે; તેમજ જ્યારે પહાડની પેલે પાર વરસાદ ધોધ માર પડતો હશે તો આડું આ પહાડી પરદાને ખાતર ઓછો આવશે. આ તો ગોનાગરીબોને બચાવતી

એક હાલ સમાન છે. હું ખુશી છું કે તમોને આ અમારૂં ન્હાનું મકાન ગમેછ”

“અરે ન્હાનો બંધિયાર દાબડો, તે તે વળી તમુને ગમે! તમારાં આવાં મોટાં આલીશાન મહેલ જેવા મકાન પછીથી આહંતો તમે ગુંગલાઇ જતા હશો” બુઢાજી બોલી ઉઠીયા. “મારા દીકરાએ તમારી દોલતના ઢગલા અને તમે જે બધા ભાગલા પાડીને અમારી સાથે વહેંચી લેવાના છેવો, તે બધું કહયું, અને હું તમુને મોટાં બ્યાજનો રસતો બતાવવાનો છેઉં. બરમીંગહેમમાં બંદુકનું કારખાનું—”

“પપા ડીયર, વળી તમુને તમારો ધંધો યાદ આવ્યો!” અને લીલીએ ડોસાને વચ્ચતો બોલતાં અટકાવવા તેના ગળાં આસપાસ લાડથી હાથો વીંટાળ્યા, પણ તેમ કરતાં તેણીએ એક એવી ચચરાવીને ચમટી ડોસાની પાતલી, લટકતી થએલી ગરદનની ચામડી ઉપર લીધી કે તે બાપડાએ દુખના ઝટકાની બરાડ અટકાવવા મોટેથી ખાંસવા માંડીયું.

રોબર્ટે આ માજરૂં જોઇ લીધું અને રખે શેપર બેરૂચનું ધ્યાન ખેંચાય કરીને તે ઝટ વચ્ચે પડીયો:

“ આપણે ઉપર જઈએ ? મારો ગરીબડો સ્ટુડીયો તમુને બતાવવા હું ઇંતેજાર છું. મેહરબાની કરીને આવશો!”

પેલાં બાપ બેટીને એકલાં છોડી તેઓ ઉપર ગયા.

મી૦ બેરૂચ લાંબો વખત સુધી રોબર્ટનાં એક ચિત્ર Signing of the Magna Charta આગળ ઉભો રહયો. તેણે પોતાની ઝીણી, ભારી પાંપણોવાળી આંખો ચુંચી કરીને તે પીકચર બારીકીથી તપાસીયું. તે જવાન આરટીસ્ટ ઇંતેજાર બનીને ઉભો હતો, એક સખુનબી તે બોલીયો નહી. અંતે શેપરે પુછીયું:

"અને તમે આ પીકચરોની શું કિંમત રાખીછ?"

"જયારે મેં આ ચિત્રો લંડન મોકલીયાં હતાં, ત્યારે એક એકની કિંમત મેં સો સો સોવરેન ઠેરવી હતી."

"હું ઇચ્છુંછું કે ખોદાતાલા ચંદરોઝમાં તમોને એવો એક વખત બતાવે કે આ તમારાં પીકચરો તેનાથી દસ ઘણી વધારે કિંમતે તમે પાછાં ખરીદી લઇ તમારે ત્યાંની ગેલેરી દીપાવી શકો. હું જોઉંછ કે તમારો ટચકો ઘણો ઉત્તમ છે. રંગની મીલાવટ તદન કુદરતી છે, પણ હું એમ કહું તો મને માફ કરજો કે જરા ડ્રોઇંગ સ્થિર અને સરખું છે તેથી તે લગાર અકુદરતી લાગેછ. હવે તમોને વાંધો નહી હોય તો હું તમારી સાથે સોદો કરવા આવુંછ. તમે તમારી મુલાકાતની શરૂઆતમાંજ મને કહયું હતું કે તમુને પૈસો વહાલો નથી, પણ તેમ

જીવવા માટે થોડું ઘણું સૌએ કમાવું તો જોઇએ. હું આ તમારાં બે ચિત્રો તમોએ માંગેલી કિંમતે ખરીદવા માગુંછ. એવી સરતે કે જ્યારે તમુને બની આવે ત્યારે તેજ દામે તમે તે પાછાં મારી પાસથી ખરીદી શકો."

"તમારો ઘણોજ આભાર થયો, મી. બેરૂચ, જે દિવસે હું આ પાછાં ખરીદી લેવસ તે રોઝ મને ઘણોજ ભાગ્યશાલી લાગશે." રોબર્ટ ખરાં દિલથી બોલીયો.

"ત્યારે હું હમણુંજ ચેક લખી આપુંછ. આ રહી શાહી અને કલમ. હું પછીથી મારા એકાદ બે હજુરીયાઓને મોકલી આપસ, તેઓ સાથે આ ચિત્રો મહાલમાં મોકલજો. મારી ખાતરી છે કે જ્યારે તમે આર્ટમાં નામના મેળવશો અને પુષ્કળ કમાસો ત્યારે આ તમારાં શરૂઆતનાં સબકતાં ચિત્રો તમોને પાછાં ખંડી લેવા ગમશે, અને ખાતરી રાખજો કે તેટલો વખત હું તે સાચવીને મારી આર્ટ ગેલેરીમાં રાખીશ."

"તમારી ઘણીજ મહેરબાની થઈ, મી. બેરૂચ," રોબર્ટ પેલો બસો સોવરેનનો ચેક પોતાની નોટ બુકમાં મુકતાં બોલીયો. "મારી અથાગ મહેનતનું આ પહેલવહેલું હું ફલ ભોગવુંછ."

હવે શેપરે ત્યાં વધુ વાર થોભવાની શાન્તી બતાવી નહી. તેને નીચે જવાની ઉતાવળમાં જોઈ, રોબર્ટ પોતાનાં ચિત્રો ઉપર પરદો ઢાંકી બ્હાર નિકળ્યો.

"હું ઈચ્છું છ, મીસ મેકીનટાયર," નીચે આવતાં શેપરે લીલીને કહ્યું, "કે તમે તમારી ફુરસદે મારે ત્યાં પધારવાની તકલીફ લઈ મેં જે કાંઇ એકઠું કર્યું છ તે સંગ્રહ જુવો. તમારા ભાઈ તમુને લઇ આવશે, કદાચને તમારા પિતાજીને પણ ત્યાં આવવા ગમશે."

પણ બુઢાજી સમમ બકમ થઇને ખુરશીમાં બેઠા હતા. રોબર્ટ પામી ગયો કે લીલીએ મોટું જેવું લેકચર આપેલું હોવું જોઇએ, એટલે ડોસા ખભરીને ઉંટ જેવું લાંબું ડાચું કરીને મુગા ગગરી રહ્યા હતા. રખે કાંઈ તે બાપડા બોલી ઉઠે તેના ચાલુ ધડક ધુજારામાં રોબર્ટનો ચહેરો ઈંતેજાર જણાતો, પણ લીલી હવે બુઢાજીને બોલવાની તક આપેજ શું કામ! તેણી ઝટ બોલી ઉઠી:

"તમારાં આમંત્રણ માટે ઘણી મહેરબાની થઈ, મી. બેરૂચ. હું ખુશી સાથે કોઈ વાર આવીશ, પણ હાલમાં તો અહિંનાં બીચારાં ગરીબ ગામડીયાંઓ ઠંડી અને ભુખમરાની સામટી હાડમારીથી પીડાયછ તેઓનાં દુખડાં ટાળવા માટે મારેથી જે કાંઇ થઈ શકે તે કરવામાં મારો ઘણો વખત રોકાઇ રહેછ"

રોબર્ટે તે ઘણી અજાયેબીથી સાંભળ્યું. લીલીએ આ પરમાર્થી કામ ક્યારથી ઉપાડી લીધું હતું તે તે જાણતો નહતો. બલકે આજ સુધી તે એમ જાણતો હતો કે ગરીબની ઝુંપડી અને નિર્ધન હાલત તરફ લીલીને ભારે સુગ હતી; પરંતુ શેપર બેરૂચની આંખોમાં પેલોજ સુખકારક પ્રકાશ રોબર્ટને દીસવા લાગીયો.

"મારો ભાઈ, તમારાં બધાં ઘણાંજ નવાઈજેવાં હોટ-હાઉસીઝ માટે કહેતો હતો. હું કેવું ઈચ્છું છ કે એકાદ તેવાં ગરમી આપનારાં હોટ-હાઉસમાં અહિંનાં બીચારાં મુફલિસોને લઇ જઇ રાખું કે જેથી કકરતાં હીમ અને બરફ જેવી ટાઢની મુશકેલીમાંથી તેઓ બીચારાં બચી જાએ."

"ઓહ! તે માટે મારી પાસ બે હોટ-હાઉસીઝ છે," શેપર બોલીયો. "ઈજીપ્ટનું રેતાલ રણ અને હિન્દુસ્થાનનાં કાઠીયાવાડનું જંગલ. ત્યાં ખળખળતાં ગરમ પાણીની પાઇપ મને ચોવીસે ચોવીસ કલાક ચાલુ રાખવી પડેછે, કારણ ઉનાળામાં કાઠીયાવાડમાં રાતને વખતેબી એકસોને દસ કે તેથી પણ વધારે ગરમી રહેછ. તમારે જરૂર આવીને તે જોવું જોઇએ."

"મને ઘણુંજ ગમશે." લીલીનું મન તો એવું કે આજ બપોરેજ શેપર બોલાવે તો જવું. પેલાં દુનીયા વર્ણનાં ઝવેરાતોમાંથી જે ચાહે તે ઉઠાવીને પોતાની ગુલછડી જેવી ગરદ-

ને લટકાવી, પોતાના શીહા બાલો ઉપર ગોઠવી, દિલ ખુશ કરે એવાં મીઠાસભરીયાં હસવાં સાથ આ અબ્જોપતિ તરફ જોઈ તેનું ચિત્ત ચોરવા તે કયારની હવે ટપુ ટપુ થઇ રહી હતી.

"હિન્દુસ્થાન જોવાનું તો મને મારી જીન્દગીનાં એક સુખી સ્વપનાં, એક મોટાંમાં મોટી હોંસ જેવું છે. મેં તે બાબે કેટલું કેટલું વાંચેલું છે, ત્યાંનાં દેહરાંઓ, મોટી નદીઓ, ગીચ્ચ જંગલો, સરોવરનાં ઝાડો અને જોરેમંદ વાઘો. તમે માનશો પણુ નહી કે મેં આજ સુધી જીવતો વાઘ જોયો નથી સિવાય કે પીકચરમાં." અને તેણી ઘણીજ મીઠાસથી હસી.

"તે તો તમે સહેલાઇથી જોઈ શકશો," શેપર પોતાના ધીમા હલકથી બોલીયો. "તમુને એક જીવતો વાઘ જોવા ગમશે?"

"ઓહ ! ઘણોજ."

"હું એક મોકલાવી આપશ. જોઉં, હમણાં લગભગ બાર વાગાછ, મારો તાર એક વાગતાંમાં લીવરપુલ પુગી જશે અને વાઘ રાખનાર તે સખસ તાકીદેથી મારો હુકમ બજાવે તો અલબતાં કાલ સવારે અહિં આવી પુગે," તે અડધું મનસે અડધું મોટે બબડીયો. "ગુડ મોરનીંગ, ત્યારે, મીસ મેકીનટાયર, તમે વહેલાંજ મારે ત્યાં પધારશો એવી વકકીમાં હું રહેવશ. મને હવે મારી લેબોરેટરીમાં જવું છ.

હું નિયમિત વખતે મારૂં દરેક કામ કરવાનું પસંદ કરૂં છ." તેણે ત્રણે જણના હાથો ઘણા ભાવથી હલાવીયા અને પોતાની પાઇપ સળગાવી ત્યાંથી ચાલ્યુ મુકીયું.

"કેમ, હવે એને માટે તમોએ શું ધાર્યું ?" રોબર્ટે પોતાની બેન અને બાપને ઘણી ઉકમાઇથી પુછીયું. પેલો અસો સોવરેનનો ચેક તેનાં ગજવામાં હતો એટલે કુદરતી રીતે તેનો ચહેરો ખુશાલીથી ખીલી રહયો હતો. એમજ થાએછે, પોતાનાં ખભાંની કમાઇ હમેશાં ઘણી મીઠી હોએછ. પાસે ગમે એટલા પૈસા હોય, છતાં, પોતાની પીંછીથી કે કલમથી કમાણી કરવાની હોંસ ઘણી હોએછે. પોતાના હુન્નરમાંથી પેદા થતા જુજ પૈસા, બીજી મોટી રકમો કરતાંબી જયાદા ખુશ કરનારા થઈ પડેછે.

"ધુર ને ઘેફર ધાર્યું !" ખુદાજી બખાલીયા. "એક ન્હાનાં બચ્ચાંના હાથમાં ઉલટા પૈસા વધારે સલામત રહી શકે, પણ આ તો કોઈ અકકલનો ઓથમીર લાગેછ ! હું તો એનું ટાહેલું સાંભળીને કંટાળી ગયો. પહાડ ખોદાવવા માંગેછ અને વાઘ ખરીદવા નીકલ્યોછ, પણ બીચારા પ્રમાણિક આસામીઓ, થોડાક હજાર રૂપીયા વગર એની સામેજ તવલતા પડીયાછ અને કેવા મજેહના ધીકતા ધંધા ખોરબે પડીયાછ તે તો જાણે એ જાણતોજ નહી ! નહી, નહી, એમ નહી ચાલસે; એરે છોકરી, બે બીજી

વખતે તેં મને ચુપ બેસી રહેવા કહયુંછ તો તારી વાત તેં જાણી."

"ઓ રોબર્ટ ! કેવો નેકબખ્ત બાદશાહી દિલનો ગૃહસ્થ !" લીલી પોતાના બાપ તરફ પીઠ ફેરવી રોબર્ટને ખભે હાથ મુકી બોલી. "ગમે તો આજે બપોરેજ અમોને મહાલ તરફ લઇ જા. એ પોતે ંબી અમુને વહેલાં આવેલાં જોવાને આતુર દેખાએછ. હું, ભાઈ, આજે સાંજેજ જઇએ ? "

" સારૂં નહી લાગશે, લીલી, તું એ કામ મારી ઉપર છોડ, હું બધી ગોઠવણ કરશ. હમણા તો મને મારાં કામ ઉપર બેસવા દે, હવે મારામાં સો ઘણી વધારે ઉલટ આવીછે."

તેજ દિવસે રાતે રોબર્ટ પોતાના ઓરડામાં સુવાની તૈયારી માટે જતો હતો ત્યારે તેનાં ખભાં ઉપર એક હાથ પડીયો. બારીમાંથી આવતી ચાંદણાના ઉજાસમાં જોએછ તો લીલી, જે પોતાના ઓરડામાં કયારની સુવા ગઇ હતી તેણી ત્યાં ઉભી હતી, ખભાં ઉપર શાલ લપેટાઇ હતી અને તેણીના ઝલકતા શીહા બાલોનાં ઝુલફાં કમરની હેઠે સુધી લટકતાં હતાં. દેખીતું હતું કે તેણીએ સુવા જવાની અડધો અડધ તૈયારી કરેલી હતી.

" રોબર્ટ દીકરા, હું કાંઈ તુને કહેવા માંગુંછ." તેણી પોતાના ભાઇના કાન ઉપર પડી ગુસગુસીયા અવાજે બોલી.

"આજ બપોરથી હું તુંને કહેવા માંગતી હતી, પણ પપા બધો વખત વચ્ચે આવ્યા કીધા એટલે કહેવાયું નહી. મને ખુશી કરવા તું એક ચીજ જરૂર કરશે, નહી વારૂં ?"

" અલબત, મારી બેન, શું છે? મને બેફીકર કહે."

" છે તે-એમ છે કે-મારે લગતી વાતો લોકો કરે તે મને જરા થઇને ગમતું નથી. જો કદી મી. શેપર બેરૂચ મારે લગતું તુંને કાંઇ પુછે તો મહેરબાની કરીને હેકટર માટે કશું કહેતો ના. હં, રોબર્ટ, મારા વહાલા ભાઈ, તારી ન્હાની બેનને રાજી રાખવા એટલું કરશે કેની ?" તે છોકરીએ મીઠાસથી કરગરતે અવાજે કહ્યું.

"તારી મરજી નહી હશે તો નહી કહેવશ. જોકે હેકટર જેવા જોરેમંદ ખુબસુરત જવાન સાથ અફરાવાની ખુશનસીબી કબુલ કરવા તો જવાન છોકરી કુદી રહે, પણ જેમ તારી મરજી."

" કેવો મારો ભલો, વહાલો ભાઇ! " અને તેણીએ ટીંગાઇને તેનાં કપાલ ઉપર એક કીસ લીધી. "હું તારો ઉપકાર કદીબી નહી ભુલસ." અને તેણી ત્યાંથી સપસપ ચાલી ગઈ.

ભોલા ભટ રોબર્ટને સમજ પડી નહી કે આવી માંગણી છુપીથી અને એક અરજ દાખલ તેની બેન શામાટે

તેની પાસે ફરવા આવી હતી અને વળી તેમાં આટલો આભાર માનવા જેવું શું હતું તે તો તેની સમજમાં જરાએ ઉતર્યું નહી. અફસોસ કે માનવી જાત ભવિષ્ય વાંચી જાણી શકતું નથી અને નહી તો રોબર્ટ આ વચન આપવા પહેલાં સો વાર વિચાર કરતે.

આ તરફ લીલીબાઈ કેવાં ઉંડાં પાણીમાં હતાં તે ચંચળ સ્રી વર્ગને ચેતી જતાં વાર લાગશે નહી. જ્યારે રોબર્ટ સ્વપનામાં પોતાનાં ચિત્રોના બદલામાં ચેક પછી ચેક મેળવતો હતો, ત્યારે લીલી, ઝમરૂદના હાર પછીથી મોતીયાણુનો નેકલેસ લટકાવતી હતી ! ફક્ત બુઢાજી બંદુકનાં કારખાનાં પડત પડેલાં જોઈ ઉંઘમાં હાય સોસારા ફેંકતા હતા !

પ્રકરણ છઠું.

શેપર બેરૂચની મુલાકાત પછીને બીજે દિવસે મેકીનટાયર ફેમીલી નાસ્તાની ટેબલે બેઠી હતી, તેટલાં બ્હારથી કાંઈ જબરજસ્ત મોટા અવાજો આવવા લાગીયા; જાણે આખું ગામડું સામટું શોર મચાવવામાં સામેલ થયું હોય તેવી તે અસાધારણ કલાબકોર હતી. આગળ અને આગળ તે ગડગડભરી ધમાલ અને ધમાધમી, આવતી ગઈ, તેટલાં

બે મોટા ઘોડા જોડેલું એક ગાડું ત્યાં ગબડી આવતું જ-ણાયું. ઘોડાઓ દહેશત ખાધેલા જેવા, ઉંચા ઉભા કીધેલા કાનો સાથે, જાણે પાછળ કોઈ પીશાચ વળગ્યો હોય તેમ નાઠેલી ખાધેલી અદાએ, ડોકીયાં ફેરવી ફેરવીને પોતાની પાછળ જોડેલાં ગાડાં તરફ જોઈ યાહોમ દોડતા હતા. બે મજબુત બદનના સખસો ઘોડાઓને એલમડીનનાં મકાનની બ્હાર ઉભા રાખવા માટે જબરી ઝેહમત કરતા જણાતા હતા; પણ તે અબોલાં જાનવર ધરીયાં ધરાતાં હતાં નહી. હજુર તો મેકીનટાયર કુટુંબ આ શું વિચિત્ર મામલો હતો તે જોવા જાણવા પામે તે પહેલાં તેઓની દાસી મેરી ઉજરી વાઘ જેવી ખાણુંના ઓરડામાં ધસી આવી.

"મીસ, તમુને માલમ થાએજે તમારો વાઘ આવી પુગેલો!" તેણીએ ચીચીયારી પાડી.

"મારા ખોદા!" રોબર્ટ પુકારી ઉઠીયો અને અડધું પું કીધેલાં કોફીનાં કપ સાથેજ તે બ્હાર ધસીયો. "આ તો હદ થઇ ગઈ!"

અને ખચિત ટેમ્પફીલ્ડનાં ગામડીયાંઓને મનથી તો હદજ વળી ગએલી! ગાડાં ઉપર મુકેલાં જબરજસ્ત લોખંડી પીંજરામાં તે વિકાળ લોહી તરસ્યાં જાનવરને ગ-જુની બરાડા પાડતું અને ફાડી ખાએ એવા તિક્ષણ જેરીલા

દાંતો બતાવતુ જોઈ,તેઓ અજાએબી અને ગભરાટથી ત્યાં બધાં દોડીયાં આવ્યાં હતાં.

"અરે સાફ દિવાનો, સરીઆમ ગાંડો, મેં એની આંખ ઉપરથીજ જોઈ લીધેલું, પણ મારૂં કોઈ માને ત્યારે કેની!" બુઢાજી આ રમખાણ જોઈને હવે બબડીયા. "એટલાજ પૈસામાં તો હું મારૂં બંદુકનું કારખાનું પાછું પગભર કરતે તે બધા ઢગના ઢગ પૈસા એ દીવાનાએ આ ભયંકર જાનવર ઊપર ફેંકી દીધા! પરિણામ શું! આખાં ગામડાંની કલેજી ઉડી ગઇ તેજ કેની! એઈરે આદમીઓ! લઇ જાઓ એ જાનવરને પોલીસ ચોકી ઉપર!"

"તેમ કશું બનશે નહી." હવે લીલી એક શાહાન શાહ બાનુના તોરથી ઉઠી ઉભી થઈ બહાર ચાલી આવી. તેણીની ડોકનો તોર અને ચહેરાનો ઠસ્સો બે ઘડી જોવાજોગ હતો. આ બધું તેણીને ખાતર થયું હતું એ વિચારથી પેલાં બધાં ગામડીયાં બોચને દંગ કરવા તેણી બહાર ચાલી આવી.

"મી. શેપર બેરૂચે આ વાઘ મારી ખાહેશથી અહિં મોકલી આપીયોછ, રોબર્ટ," તેણી સર્વે સાંભળે તેવા મોટા પણ ટેકાવદાર અવાજે બોલી. "એ કેવી તેવણની મોટી અહેરબાની!"

"મેડમ, પ્લીઇઝ," હવે તે ઘોડાઓને ધરી ઉભેલા અસામીઓ માંહેલા એકે નમનતાઈથી કહ્યું. "આ તુફાન ઉપર ચડેલા ઘોડાઓને સીધા ઉભા રાખતાં અમારાં હાડકાં તુટી ચાલીયાં. તમે જોઈ રહ્યાં હોવો તો અમે પાછા ફરીયે."

લીલી પાંજરાં સુધી ગઈ. નકાનું મોટું ગામડીયું આ જવાન નાઝનીનની હિંમતથી દંગ થઈ ગએલું લાગતું. પોતાની પીલી આંખો ઝનુનથી લીલીનાં રૂપાલાં નાજુક બદન તરફ ફેંકી તે વિકાલ જાનવરે પોતાની પુંછડીના ઝપાટા પાંજરાંના સળિયા સાથે અફાલવા માંડીયા.

"તમુને શું વરદી મલેલીછે ?" રોઝે ગાડાંવાલાને પુછીયું.

"લીવરપુલથી સ્પેશીયલ ટ્રેનમાં આજ સવારે વાઘ આવ્યોછ, સાહેબ, અને એને પાછો લઈ જવા, ટ્રેન બાજુની સાઇડીંગમાં ખોટી થાએછ. કોઈ બાદશાહી કુટું-બીઓ માંહેલું એક મુસાફરી કરે તો તેનેબી એટલી સંભા-ળથી લઈ જવામાં આવતું હશે નહી. સાહેબ, ખરૂં કહુંછ કે આ ઘોડાઓને શાન્ત ઉભા રાખતાં અમારા હાથો એના ગોખલામાંથી હવે તો તુટી જવાના."

"હવે એને જવા દે તો સારૂં," તેણીના ભાઇએ કહ્યું. "બીચારાં આ આદમીઓ અને ઘોડાઓ ઉપર ઘણી જફા પડેછ."

" કેવું સુંદર બ્હાદુર જાનવર ! " લીલીબાઈ બોલીયાં "લોકો શું કામ એનાથી ડરતાં હશે તે મને સમજ પડતી નથી! "

" અરે, મેડમ, એનેન મંથી ઉતારીયો ત્યારે મારો દોસ્ત પાંજરાંથી ખાસ્સો એક વારને છેટે હતો, તોબી આ કિલ્લની જાનવરે અજિયામાંથી પોતાનાં ઝેરી નખુનનો પંજો બ્હાર કાઢીને એની ઉપર તરાપ મારવાનું કીધું હતું. એ તો વખતસર મેં ખેંચી નહી લિધો હોતે તો અત્યારે બાપડો સ્વધામ પુગીબી ગયો હોતે."

" મેં એના જેવું બીજું સુંદર જાનવર કદી જોયું નથી. " લીલી, જાણે તે અમગુ આદમીને સાંભલતીજ નહોય તેમ તોરથી બોલી. " એને જોઈને મને ઘણીજ ખુશી ઉપજેછ, અને રોબર્ટ, તું જરૂર મી. બેરૂચને મલે ત્યારે એત્રણુની આ મહેરબાની માટે મારા તરફથી ખુશી જાહેર કરજે. "

" હવે તું એને જવા દે તો સારૂં." રોબર્ટે કહયું. "બીચારા ઘોડાઓ ઘણી ધાસ્તી ખાઈ ગએલાછે. "

તેણીએ ઠસ્સાથી હવે વિદાયગીરીનો હુકમ આપીયો. તરતજ ગાડાંવાલાએ ધ્રુજતા ઘોડાઓને પાછલી તરફની વળણુ આપી ફેરવીયા, અને એક વાર પાછું તે ગાડું પોતાના

ઝનુની બોજા સાથે, છુટી નાહડેલા ગાભરા ઘોડાઓની દોડથી ગભડતું થયું કે પેલું ટાગુંબી શોરબકોર કરતું પુઠે દોડીયું.

"અજબ જેવું નથી કે પૈસો શું ચીજ કરી શકેછે!" લીલી પોતાનાં શુઝ ઉપરથી રનો પખોડતાં મકાન માંહે પાછી ફરતાં બોલી. "જાણે એવી એકબી ઉમેદ ન હોય કે જે મી. બેરૂચ બાર નહી લાવી શકતા હોય!"

"તારી ઉમેદો, એમ કહેની," બુઢાજી ફરફરી ઉઠાયા. "પણ તેજ છોકરીને ઉધારીને મોટી કરનાર બાપની સાથે તો તે જુદીજ રીતે વર્તેછ. જાણે ઝઈફ થયા તે ગુન્હો કીધો! પહેલીજ નજરે પ્યારમાં પડવું તે એનું નામ!"

"અરે, અરે, પપા, તમે શું બકોછ?" લીલી ઠપકા રૂપે એમ બોલી ખરી, મગર તેણીની આંખોમાં ઝલકી નીકલેલો ચમકારો અને હસતા હોઠો બતાવી આપતા કે બુઢાજીનાં બોલવાંએ તેણીનું જીગર ખુશીથી ભરી નાખીયું હતું.

"બાપરે! સમાલજે, હં, લીલી, પહેલાં તો મને કાંઇ સમજ નહી પડી, પણ હવે મને લાગેછ કે પપા જે કહેછ તે ખરૂં છે." રોબર્ટ બોલીયો. "તું જાણેછ કે તું કાંઇ છુટી નથી અને શેપર બેરૂચ સાથે રમત કરવી એ ઠીક નહી થઈ પડે. એ આદમી જુદીજ કિસમનો છે એટલું યાદ રાખજે."

" મારા વહાલા ભાઈ, તું એ વાતમાં શું સમજે ?" લીલી નજદિક જઈ ધીમેથી બોલી. "તું તારૂં પેઇનટીંગનું કામ કરીયો જા, અને–અને કાલે રાતે તેં જે મને વચન આપીયું હતું તે યાદ રાખજે, એટલે બસ."

" એ પ્રોમીસ કીયુંરે. ?" ડોસાજી જેવણુના કાન કસારી જેવા તિક્ષણ હતા તેવણે ઝટ પુછીયું.

" તેનું તમારે શું, પપા ?" તેણીએ તોરથી કહ્યું. પછી રોબર્ટ તરફ ફરી તેણી બોલીઃ " જો તું તે તારૂં વચન તોડશે યા ભૂલી જસે તો યાદ રાખજે, રોબર્ટ, હું તુને કદીબી માફ કરીશ નહી."

હજુરબી તે જરા.ને નહી સમજ પડતી હોય તેમ ડાકીયું ધુણાવીયું.

પ્રકરણ સાતમું.

જેમ જેમ અઠવાડીયાંઓ વહેતાં ગયાં તેમ તેમ શેપર બેરૂચનું નામ ચોબાજુ નામાંકિત થતું ગયું. ફકત ટેમફીલ્ડનાં ગામડાંમાંજ નહી પરંતુ એક તરફ બરમીંગહેમ અને બીજી તરફ વોરીકશરથી સ્ટેફર્ડશર સુધી આ મકાનની જીન્દગી ભોગવવાની વખાણવા જોગ નીતિ

રીતિ, તેનો મબલગ પૈસો બીજાનાં સુખ સગવડ માટે કેમ વાપરવો તે તેની ઉદાર મનોવૃત્તિ, અને શાહોના શાહનાં ખઝાનાં ખાતાં એકકે તડાકે ખરીદી લઇ શકાય એટલી મોટાઇ છતાં તદન સાદાઈ, એ બધાંની તારીફ થવા લાગી. ન્હાનાં મોટાં દરેકને મોંઢે તેનું નામ રમી રહ્યું હતું અને હઝારો આસામીઓ તે કોણ હતો, કયાંથી આવીયો હતો, આટલો પૈસો કેમ મેળવ્યો હતો તે જાણવા અને શોધવાની તજવીજ કરતાં; પણ સર્વ વ્યર્થ. કોઇ કહી શકતું નહી કે અસલમાં તે કયાંનો રહીશ હતો, તેનું ખાનદાન કેવું હતું અને આ ગંજાવર દોલત તેણે કેમ મેળવી હતી.

એક દિવસબી એવો પસાર થતો નહોય કે આ બીજો હાતમતાઇ જેવો, ખોદાને પ્યારો નર, કાંઈ કાંઇ સખાવતી કામો કરી પારકાં કુટુંબોના આશિષો ન લેતો હોય. ટેમ-ફીલ્ડના વીકર મી. સ્પરલીંગ અને રોબર્ટની તેને ચાલુ મદદ હતી, એટલે ખરાં ગરજાઉને આશરો મલતો. કુદરતનો કાયદો છે કે માનવી ભુખાં ઉઠે મગર તે બારે હક તાઅલા તેઓને ભુખે સુવાડતો નથી, અને જયારથી આ મોટાં માથાંનો પ્રતાપશાળી પુરૂષ તે ન્હાનાં ગામડાંમાં આવ્યો હતો, ત્યારથી ત્યાંની બધી કમનસીબીઓ જાણે ધોવાઈ ગઈ હતી. પેહેલાં તો ઠંડીમાંથી બચવા ગરીબોને ઘેર

ઘેર કોલસા અને બ્લેનકેટ વહેંચાયાં હતાં, ત્યાર બાદ મજબુત બનાવટનાં ન્હાનાં મોટાં બુટ, ફ્લેનલનાં ખમીસો અને સુપના બાટલાઓ આવવા લાગીયાં, ત્યારે ગામડીયાંઓએ ધારીયું કે આ કોઈ ખોદાનો લાલ ખરો. પણ તેટલાંમાંજ કાંઇ પુરૂં થયું નહી. જયાં વખતા ગરીબી અને હાડમારી ત્યાં છુપીથી નોટનાં પરબીડીયાં ચાલી આવતાં, આપનાર અને લેનાર બન્નેના આંખો કદીબી એક મલતા નહી, એટલે એવી તે ખરાં દિલની ઉદાર સખાવત પેલાં આબરૂદાર પણ હાંદેસાનાં મારેલાં કુટુંબને ઘણીજ લાયક થઈ પડતા.

ત્યાંનાં ગામડીયાં બાળકોને સવારથી સાંજ સુધી શીક્ષણ આપતો બાપડો એક ફીકકા ચહેરાનો સ્કુલ માસ્ટર જે ન્હાના પગાર ઉપર પોતાનાં ભેજાંનું દહીં કરતો હતો અને ટુંક કમાણીમાંથી જેમ તેમ પોતાનો નિર્વાહ કરતો હતો, તે એક સવારે ઉઠીને જોએછ તો ટપાલ મારફતે તેના ઉપર એક ટીકીટ આવી હતી. સધરન યુરપમાં મુસાફરી કરવાની તે એક પાસ હતી. ઠેક ઠેકાણેનાં હોટેલોની આગમજથી ભરેલી ફી સાથની તે ગોળાકાર ટીકીટ તરફ પહેલાં તો તે બાપડા થાકેલા ગરીબડા પુરૂષે નેયાજ કર્યું; પણ અંતે તે સમજીયો કે આ પેલા અબજોપતિ શેપર બેરૂની ઉદારતા હોવી જોઇએ; અને તેણે ખરાં દિલથી ખોદાવંદની જનાબમાં, આવા એક ફરેસતાઇ નરને પેદા કરવા

માટે સર ઝુકાવીયું. સારો વખત જોઈ ચુકેલાં મીસ સ્પાર્ક જેવણ હાથે સીવી ભરીને પોતાનો ગુજારો કરતાં હતાં તેવણ માટે તદન નવી ગોઠવણીનો સુંદર સીવવાનો સાંચો કોઈ છુપાં નામે મુકી ગયું. જોન હૅકટ નામનો સાહસિક ખેડુત, નવી જાતનાં ઓજારો પાછળ પોતાનો એકઠો કરેલો પૈસો ખરચી નાખી, ત્યાં એક જમીન ખરીદી ખેતી કરવા આવીને રહયો હતો. બે ત્રણ વરસ બીચારાએ ઘણી મુશ્કેલીથી નભાવીયું, પણ અંતે વરસાદ બરાબર ન આવવાથી ચાલુ માર ખાતાં તેની સદંતર પડતી આવી, અને હાંલ્લાં ડાબરાં ઉઠાવી જવા જ્યારે તેના માંગનારાઓ આવી ઉભા ત્યારે તે પોતાની સ્ત્રી અને બચ્ચાંઓને ગોદમાં લઇ પોતાના કમનસીબી ઉપર અફસોસ કરતો ખુણામાં ઉભો હતો, તેટલાં આઇનની ઘડીએ વીકર મી. સ્પરલીંગ, મોટી રકમની નોટોના ચોરા સાથે ત્યાં આવી ઉભા, અને જોન હૅકટ અને તેનાં બાળ બચ્ચાં રસતે રખડી જતાં બચી ગયાં. જોકે રોબર્ટ અથવા તો વીકરને હાથે ઘણી ખરી મદદો મલતી હતી, છતાં લોકો જાણતાં હતાં કે કોણ પ્રતાપી પુરૂષનાં દરીયાવ દિલના હુકમથી તેઓ ભુખમરા અને નામોશીમાંથી આઈનની ઘડીએ બચી જવા પામતાં હતાં. તેઓ બધાં, તે ભવ્ય મકાન અને માઈલોના વિસ્તાર સુધીનાં તેનાં અજબ હોટ-હાઉસીઝ તરફ દૂરથી જોઇને, જેમ, કુદરતની જનાબમાં

ખુદાઇ સબકોની બંદગી કરે, તેમ,તેઓ માંહે વસતા તેના નેકબખ્ત માલેક માટે દુવાઓ ભણતાં. તેઓને મનથી ત્યાં કોઈ ખોદાનો એવો લાલ વસતો હતો કે જે આ કળી-યુગને સત્ય-યુગમાં ફેરવી નાખવા તે મહાનામી સાહેબ તરફથી આવ્યો હતો.

કોઈકિજ વખતે શેપર બેરૂચ જાતે મદદ કરવા બ્હાર પડતો. એક વાર બઠી બામદાદમાં ફરતાં તેને રોબર્ટ સાથ આમન સામન ભેટો થયો. આપણા જવાનને ઘણો ગંભીર જોઈ શેપરે કારણ પુછીયું.

" મેં તમારી આગળ પેલાં રૅાસ મા બેટી માટે કહયું હતું, મી. બેરૂચ, તે તમોને યાદ છે ?"

"હા, પેલી બેટી ઘણી બીમાર છે અને ગરીબડી વિધવા માતા દમડી વગરની સ્થિતિમાં છે તેજ કેની ?"

" હા, હા, મને ફકર છે કે મારી ગમે એવી વખત-સરની મદદ છતાં તે છોકરી બાચારી મરવા સુતીછ. હમણાં હું ડૅાકટરને બોલાવવા જતો હતો—"

" ચાલો, મને ત્યાં લઇ જાવો, " તે થોડા બોલુ સખસે આટલું કહી રોબર્ટને રસ્તે ચલાવીયું.

તે મકાન ન્હાનું હતું પણ નવુંજ અને ઘણું સુઘડ હતું. અલબત શેપરની ઉદારતાથી બંધાએલાં ઝુંપડાંઓ માં-

હેલું તે એક હતું અને ત્યાં રોબર્ટે તે મા બેટાને લાવીને રાખીયાં હતાં. દુધ જેવી ચાદરનાં બીછાણું ઉપર એક તવાએલો આકાર ઍાં ઍાં કરતો પડીયો હતો, અને બાજુમાં બેઠેલી એક ગમગીનીનાં પુતલાં જેવી જવાન વિધવા બાઈ અંગુરનો રસ ગલાસમાં કાઢતી હતી. છોકરી ભાગ્યેજ બાર વરસની હોય, પણ ન્હાનાં પાંચ વરસનાં બાળક જેટલી ઝુમાઇ ગએલી લાગતી હતી. રોબર્ટ સાથ એક પારકા પુરૂષને માંહે ચાલી આવતાં જોઇ તે બાઈ ઉઠીને ઉભી થઈ અને તે બાળકે પોતાની મોટી વાયોલેટ રંગની આંખો ઉંચકી તેઓ તરફ જોયું. શેપરને લાગીયું કે જો તેજ બાળકીને બરાબર વખતસર તરદુદનું ખાનપાન મલીયું હતે અને ચોકખી હવામાં ઉછરી હતે તો એક ખુબસુરતીનાં રમકડાં જેવી તેણી ઉછરી આવી હતે. તેણીના કંતાએલા હાથો પસવારી શેપરે ધીમેથી તેણીની નાડી તપાસી. ઍાંખલો અવાજ, દબાઇ ગએલી છાતી, લાલ હોઠ અને પારદર્શક ચામડી, એ બધું બતાવી આપતું હતું કે ગોલાબની કલી મીસાલ ખીલવાને વખતે તે બાપડી બુચી કરમાઇને ઝુમી પડવા ઉપર આવી હતી. આ ગરીબડી વિધવા માતાને કેમ કહેવાય કે તેણીનું એકલું રહેલું આ જગતનું સુખ, થોડા વખતમાં જાલેમ જમને હાથ ઝુટવાઇ જવાનું હતું ! શેપરની આંખોમાં પાણી ખેંચાઈ આવ્યાં અને તે છુપાવવા તે બાજુની

દેવાલ તરફ ફરી ગયો તો ત્યાં એક જોરમંદ ખુબસુરત જવાનીયાની સબી ટંગાએલી તેના દીઠામાં આવી.

"આ કોણ ! આ તો મારો મિત્ર જીરાલ્ડ રૅાસ છે!" તેણે પુકાર્યું.

"હા, એ મારા પપા," તે બાળકી હેત અને દલગીરીથી તે સબી તરફ જોઇ બોલી.

"પણ એવણ જો તમારા ધણી હોય તો તમે વિધવા અવસ્થામાં કાંય છેઓ ?" શેપરે પુછીયું. "એવણ કયાં છે ?"

"જીરાલ્ડને બહેસ્તના બાપને ત્યાં જવાને દસ વરસ થઇ ગયાંછે." પેલી કમનસીબ ઓરત ડચકું અટકાવતાં બોલી. "મારો કેવો ભલો ધણી!"

"અરે, પણ એ કેમ બને!" શેપર ઘણીજ અજાએબીથી પુકારીયો. "જરા તમે મને વિગતે કહેશો? માફ કરજો, મેડમ, હું કાંઇ ખાલી જીગ્નાસાથી પુછતો નથી."

હવે રોબર્ટ વચ્ચે પડીયોઃ

"મીસીસ રૅાસ, આ એનગુ મી. શેપર બેરૂચ છે."

પોતાના મદદગાર ફરેસ્તાને ત્યાં ઉતરી આવેલો જોઇ તે વિધવા માતા દંગ થઈ ગઇ. તેણીએ ધારીયું હતું કે

કોઈ નવો ડૉક્ટર હશે; પણ જ્યારે તે નેકબખ્ત સખસને પોતાનાં ઝુપડાંમાં ચાલી આવેલો તેણીએ જાણીયો, ત્યારે ધોધમાર આંસુઓ ચાહોમ તેણીની સુંદર પણ ગમીથી ભરેલી આંખોમાંથી ઉતરી આવ્યાં.

"બેસો સાહેબ, બેસો, અને હું સભ્યતા પણ ભુલી ગઇ માટે માફ કરજો." તેણીએ એક ખુરસી ખેંચી પણ શેપરે તેણીને વધુ તકલીફ ઉઠાવતાં રોકી. "તમે એમ કહયું કે જીરાલ્ડને ગુજરવાને દસ વરસ થયાં?"

"લગભગ તેટલાંજ. પરણીયા પછી બે ત્રણ વરસ તો અમે ઘણું સુખમાં કાઢીયાં, પણ પછી મારી દીકરી એલીસ જ્યારે બે વરસની હતી, ત્યારે અમારી ઉપર એકાએક આફત ઉતરી આવી. મારા ધણીની પેઢી પડી ભાગી, એના ભાગીયાએ દગો દીધો અને જે કાંઇ રોકડ હતું તે ઉઠાવીને ન્હાસી ગયો, ત્યારે બીચારો જીરાલ્ડ દુખથી અડધો ઘેલા જેવો બની ગયો. મેં ગમે એટલી મીનતગુજારીથી વિનવીયો કે ઘણાબી ધંધાધાપા થઇ શકશે, પણ તેણે મારૂં માનીયું નહી, અને જ્યાં તેણે પાંચ પૈસા કમાઇને મોટાઈ વાપરેલી ત્યાં એવી બતંગ હાલતે રહેવા સાફ ના પાડીયું, અને જે કાંઈ હતું તે બધું વેચી સાટી રોકડ રકમ, મારા અને મારાં બચ્ચાંના ગુજારા માટે મને સોંપી તે કેનેડા તરફ સોનાની ખાણની શોધમાં નીકલી ગયો. અરેરે,

તે બરગસ્તે દહાડો ! તે પાછો કદી આવવા પામીયોજ નહી. જે સ્ટીમરમાં તે ગયો તે ખરાબે અથડી એમ દુખથી ફાટી જતાં જીગરે મેં ત્યાર પછી વાંચીયું અને જવાનીમાંજ હું રખડી—"

"પણ તમે એમ કહેવા માંગોછ કે જે પાંચ વરસ થયાં પેપરે પેપર મીસીસ જીરાલ્ડ રૅાસ અને તેણીની બુચી એલીસના પત્તાની જાહેરખબર છપાતી હતી તે તમારા વાંચીયામાં આવીજ નથી?" શેપરે પુછીયું.

મીસીસ રૅાસ ઘણી હેરત થએલી લાગી. "નહી, નથી વાંચી, પણ અમો મા બેટી માટે કોણ જાહેર ખબર આપતું હશે? વળી સાહેબ, હું તે કયાંથી વાંચી શકું? એક મીશનરી લેડી મને અને મારાં બાળકને કંગાળ હાલતમાં સપડતાં જોઇ,દયા લાવી, અમુને પોતાની સાથે હિંદુસ્થાન લઇ ગઇ. સાત વરસ અમે, ત્યાં, તે તપતા મુલકના પંચમહાલ્સ ખાતેનાં ગોધરા ગામનાં એપીસકોપલ મીશનમાં અબઇ વહીતરૂં કરવામાં કાઢીયાં. દુકાળનો હીંગામ એટલે ત્યાંનાં બીચારાં ઈનડીયનોનાં ભુખે મરતાં બચ્ચાંઓને પાળવા ઉછેરવામાં મારો વખત ગયો; અને ત્યાંથીજ મારાં આ એકનાં એક ફરઝંદને કાંઇ બીમારી લાગુ પડી, તે ઉઘરતો ખીલતો ગુલાબ કરમાતો જતો જોઇ મારા ઉપર દયા લાવી તે અમેરીકન મીશન બાનુએ અમોને ફરી પેસેજ આપી

અહિં મોકલી આપીયાં અને આજે ત્રણ મહીના થયા અમો અહિં રહેલાં છીયે."

"તેથીજ જીરાલ્ડે આટલી જીવતોડ મહેનત પોતાની વહાલી પરણેતર અને ફરઝંદની શોધ માટે કીધી તે છતાં તે ફાવીયો નહી. બાનુ, આ ખુશ ખબર તમોને આપતાં મારૂં જીગર હરખથી ઉભાઈ જાએછ. તમારો ધણી સલામત છે, એટલુંજ નહી, પણ તે સીરીયા નીવેડાથી પુષ્કળ સોનું કમાઈ લાવ્યોછ અને બે ત્રણ મહીના ઉપર મેં તેને લંડનમાં જોયો હતો. હું આજને આજ તેને તાર કરી આ શાદમાનીભરી ખબર પુગાડીશ."

આનંદથી લગભગ બેફામ બનતી મીસીસ રૉસને નરમીથી ધરી લઈ શેપર્ડે તેણીને આરામ ખુરસી ઉપર બેસાડી દીધી અને તેણીના આશિષો સાંભળવા માટે થોભીયા વગર તે ત્યાંથી નીકલી ન્હાઠો. રોબર્ટે ડોક ફેરવીને જોયું તો નરમ દિલનો તે નેક સખસ રૂમાલ વડે પોતાની આંખો લુછતો હતો.

બીજેજ દિવસે પેલો લાંબા કાળથી મરણ પામેલો ધારવામાં આવતો ધણી અને બાપ પોતાના વિખુટાં પડેલાં વ્હાલાંઓની ગોદમાં દોડી આવ્યો, અને પોતાનાં ફરઝંદને ઘણીજ સંભાળથી સ્વીટઝરલેંડની પહાડી હવામાં રાખવા

તેઓ ત્રણે ત્યાંથી, શેપર બેરૂચનાં હઝારો હેશાંન માનતાં વિદાય થયાં.

આવી રીતે પૈસા કરતાંબી જયાદા સુખ તે અટુલી પડેલી વિધવાપણું ભોગવતી, પણ ખરેખરી સૌભાગ્યવંત બાઇને શેપરને પ્રતાપે મલીયું તે ટુંક વખતમાં આખાં ટેમ-પ્રીલ્ડે જાણીયું.

" આજે મેં બેપટીસ્ટ લુસીને બીજા અવતારમાં લેયો." એક દહાડો શેપરે રોબર્ટને કહયું.

" તે શુ ? મને સમજ નથી પડતી." પેલો આરટીસ્ટ અજબ થયો. " પૈસાથી ઘણા ચમત્કાર થઇ શકેછ, પણ ગયા ભવનાં આદમીઓને આ ભવમાં ઓળખી કાઢવાં એ પૈસાના જોરે બનેછે એમ હું જાણતો નહોતો. "

શેપર આ સાંભળા પોતાની આદત મુજબ ગંભીરા-ઈથી હસીયો.

" સવારે હું આ પહાડની પાછળ ફરતો હતો, તેટલાં મેં એક ઘણોજ સુરીલો મીઠો હલક સાંભલ્યો. મેં સ્પેનીશ ડાનસીંગ બ્યુટિઓને ઘણા મીઠા અવાજે ગાતાં સાંભળીછ, મગર આ તો એટલો હદ બહારનો દિલ ખુશ કરે એવો સા-રંગીના તાર જેવો શીરીન અવાજ હતો કે હું બે ઘડી ઠસ થઈ ગયો. જોઉંછ તો એક છોકરો, ઉમરમાં હજુર બચ્ચું,

નીચે ઘાસમાં બેસીને ઇશ્વર સ્તુતિ ગાતો હતો. જે પ્રમાણે સદી આગમજ બેપટીસ્ટ લુલી, પેલો પ્રખ્યાત મ્યુઝીશીયન બાળપણમાં ભીક્ષુક હાલતમાં મોહલે મોહલે વાયોલીન વજાડી પોતાના દિલજીત હલકે પેટ ભરતો હતો, તે પ્રમાણે આ છોકરાને જોતાં મને સમજી લેવું સહેલ પડીયું કે તે પોતાના હલકથી માંગી ખાતો હોવો જોઇએ. પુછતાં માલમ પડીયું કે તે અહિં નજદિકમાંજ પોતાનાં અપંગ બાપ અને મા સાથ રહેતો હતો. હું તેઓને ઘર ગયો, તેઓ મારાંજ એકાદ ઝુંપડાંમાં રહેતાં હતાં—"

"તમે અપંગ આલફ્રેડ અને તેના બેટા રેજીનોલ્ડ માટે કહેવોછ કે મી. બેરૂચ?" રોબર્ટ બોલીયો. "પણ અજબ કે હાલમાં હું તે તરફથી આવ્યો ત્યારે મેં તે ઝુંપડું ખાલી જોયું."

" હા, કારણ આજ બપોરેજ મેં રેજીને ઇટલીની મ્યુઝીકની કોલેજમાં અભ્યાસ કરવા મોકલી આપીયો, અને તેનાં માબાપે પણ સાથે જવા ખુશી બતાવી એટલે તેઓનેબી મોકલીયાં. ઈટલીમાં મારા એજંટને તાર કરીને એઓના દસ વરસના ગુજારા અને એ છોકરાની કેળવણીનો તમામ બંદોબસ્ત કરાવી દીધોછ. જોજે, રોબર્ટ, તું મારા કરતાં વધારે વાર જીવસે, એટલે આ છોકરાને બેપટીસ્ટ લુલી માફક નામના મેળવતો તું જોવા પામે, ત્યારે મારો બોલ

યાદ કરજે. ચાલ, આવ દોસ્ત, મહાલ તરફ આવ, તારાં બેન કેમ છે ? ”

“ તદ્દન સારીકાની. તમારે ત્યાંની જે નવી નવાઈઓ એ જોઈને ગઈછ, ત્યારથી તે અને તેજ વાતો એનાં મોંહડાંમાં રમી રહીછ. ”

“ હું ઇચ્છુંછ કે એવણ મારાં ઇજનની વાટ જોયા વગર પોતાનુંજ મકાન હોય તેમ અહિં આવે જાએ.”એક ન્હાનાં શરમાલ છોકરાં માફક અચકાતાં અને ચહેરામાં લાલ થતાં શેપરે ધીમેથી કહયું.

તેઓ લાયબ્રેરીના રૂમમાં જઇને બેઠા. શેપરે એક બટન દાબીયું કે તે દિવસનો ટપાલ એક મોટી ટ્રેની ઉપર ગોઠવાએલો બેમાલુમ હાથીએ યાને મશીનરીની ખુબીએ તેના પાસ આવી લાગીયો. મહાલના માલેકે એક પછી એક કાગલો ઉઠાવીને બાજુએ મુકવા માંડીયાં. તે બધાંમાં એક ઘણું મોટાં કદનું પાકીટ હતું અને તેના ઉપર દૂર દેશાવરનો સ્ટેમ્પ હતો તે તેણે પહેલાં ખોલીયું.

શેબર્ટે જોયું કે તેની ઝીણી આંખો, તેનાં ભારી પોપચાં હેઠળથી તે કાગળ ઉપર સપસપ ફરતી હતી. પુરૂં થતાં તે પોતાની આદત પ્રમાણે મુછમાં હસીયો.

“મી. મેકમેહોન, હું કાંઈ ન્હાનું બચું નથી, હો !” શેપર અડધું મોટે અડધું મનસે પટપટીયો. “તમારી એ

તાલતલાવટ મારી આંખોથી છુપી રહેવાની નથી. હોય, દુનીયા છે, બધાંજ આદમી કાંઈ સરખાં હોતાં નથી. રોબર્ટ, મારી બકબકથી તમે અજબ થએલા લાગોછ; તમે જોઈ લીધું હશે કે હું વહેમી પુરૂષ છું. હું એકદમ કોઈ ઉપર વિશ્વાસ મુકતો નથી. જે પ્રમાણે પહેલીજ મુલાકાતમાં મેં તમારા ઉપર ભરૂસો મુકીયો, તેમ હું કોઇ ઉપર કદીબી મુકતો નથી. પહેલીજ નજરે મને તમો ઘણા પ્રમાણિક હેતુના જણાઈ આવ્યાછ. તમે મને દગો દેવોછ એમ જો હું કદી જાણવા પામું તો તે રોજ પછીથી હું કોઈબી મર્દમાં ઈતબાર મુકું નહી, અને–અને–એક બાનુ જે મારાં ધ્યાનમાં છે, તેણી ઉપરબી મને પુરતો વિશ્વાસ છે, પણ જો કદી હું એમ જાણું કે તેણાનું દિલ દગાખોર છે તો–તો હું તરતજ તુટેલે જીગરે મરણ પામું."

રોબર્ટનું તનબદન ઠંડુંગાર મારી ગયું. તે પોતા માટે તદ્દન ખાતરી પૂર્વક હતો, પણ પેલી લેડી કોણ હશે! કાંઈ ન સમજ પડે તેવો તેને ગભરાટ થવા લાગીયો.

"છટ! છટ! મારે એવા કાળા વિચારો શું કામ કરવા જોઈએ? પણ સાંભળો, આ કાગળ માટે તમે શું ધારીયું? હું થોડાક ભાગ તમારી આગળ મોટેથી વાંચુંછ. ઑસ્ટ્રેલિયાથી મારા એક એજંટ નામે મેકમેહોન લખેછઃ

'અંતે મારી જબરી સમજાવટ અને મારા મિત્ર નાઝીમ પાશાની લાગવગથી ટરકીના નામદાર સુલતાન પીગલીયાંછે અને ટરકીથી બેલગ્રેડ સુધી રેલવે લાઈન નાખવા દેવાની રજામંદી આપવા ખુશી છે. સાહેબ, તમે તરતજ ફોરેન ઓફીસમાં જઈને પરવાનો મેળવી લેયો તો ઘણું સારૂં. તમારી માફક એકકે તડાકે વીસ કરોડ કોઈ રોકવાને તૈયાર થનાર નથી. એટલે તમોને ઈંગલંડના આપણા રાજા તરફથી ઘણીજ સહેલાઈથી મલશે. આ રેલવે લાઈન નખાવાથી હાલમાં જે બધો પાદશાહી વેપાર ઓડેસા ખાતે ઘસડાઈ જાએછ તે ઈંગલંડ તરફ આવશે, વળી સરવીયાને સી–પૉર્ટ મલશે તે જુદું. રેલવેની બાબદમાં આવો જંગી સાહસ આગળ કદી થયો નથી અને તે માટે જે કરોડો જોઈશે તે, સાહેબ, તમેજ કાઢી આપી શકશો. હાલ તો કાચી ગણત્રી વીસ કરોડની છે; આ સાથે એક રંગીન મૅપ મોકલીયોછ તે ઉપરથી આપને વધારે સમજ પડશે. વગેરે.'

"શું ધારીયું?" શેપરે મોટે વાંચી રહીને પુછીયું.

"આવું જો કાંઈ બનવા પામે તો તમારી કમાણી ઘણી વધારે વધી જાએ." રોબર્ટ બોલીયો.

"નહી, એમ કદી બનનાર નથી. યાતો આ મારા એજંટને કોઈએ હુલકાવીયોછ કે યાતો તે મને રમાડી

લેવા આવ્યોછ. આ બધો હથેલીમાં ચાંદ જાણુવો. ટરકીનો સુલતાન કદીબી આ જાતની બ્હાલી આપે નહી; એને અલગેરીયાનો ઘણો ડર છે. એ કનસેશન મલતે તો અત્યાર આગમજતું હું લઈ ચુકીયો હોત. એમ કરવાથી મારાં ખઝાના ખાતાંમાં ઉમેરો થતે તેથી હું એ ગંજાવર કામ લેવાને આતુર છું એમ નહી ધારવું. તે તો અખૂટ ગંજની મારી મુશકેલીમાં સામો વધારો થએલો કહેવાતે; પણ વિચાર કરી જુવો, દોસ્ત, કે એકકે તડાકે લાખ્ખો આદમીઓને રોજી મલતે; આવી મોટી રેલવે લાઈન નાખવાથી માત્ર મજુરોજ નહી, પણ બીજાં કેટલાં આસામીઓની રોજી વધતે, વેપાર ખીલતે, આબાદાની ફેલાતે, આખું ઈંગલંડ એક દસ વરસના અરસામાં હાલ છે તે કરતાં ડબલ ઘણો વધારે વેપાર કરી શક્તે, એ કાંઈ ન્હાનીસુહની વાત નથી. હાલમાં આખાં યુરપમાં ફ્રાન્સ સર્વથી માતબર શહેર ગણાએછે તો વીસ વરસ પછી આપણું ઈંગલંડ તેને બાજુએ બેસાડતે; પરંતુ સરવીયાનો પ્રાઈમ મીનીસ્ટર પાસીચ મને ગએ વરસે મલીયો હતો તેણે સાફ કહ્યું કે સુલતાનને બેલગ્રેડ ઉપર ઇમાન કે ઈતબાર નથી અને કમનસીબે તેને તેથી સી-પૉર્ટ મલી શકતું નથી, નહીતો તે પણ નેહાલ થઇ જતે.”

" ત્યારે આ બધું તમારા એજંટે લખીયુંછ તે વાહીયાત કે ?" રોબર્ટે પુછીયું.

" પહેલા નંબરનું. એ ટર્કોબી બડા ઉસ્તાદ હોએછ, પણ મને એ મારા મેકેમેડોન એજંટ ઉપર ઝાઝો વિશ્વાસ નથી.અલબત હું એનાં ઉંડાણમાં ઉતરીશ અને ખરૂં નરૂં કરીશ ત્યારેજ મને જપ મલશે."

"ઓહો ! આ તો મારા હિન્દુસ્થાનના એજંટ તરફનું પાકીટ દેખું! માફ કરજે, દોસ્ત, પણ મને દૂર દેશાવરનાં કાગલો પહેલાં વાંચી લેવાની ઉલટ હોએછ, મોટેથી વાંચું?" તેણે એક બીજું કાગળ ઉઠાવતાં કહ્યું.

" હા, મી. બેરૂચ, મનેબી સાંભળવા ગમસે. "

'હિદુસ્થાનના દખણ વિભાગનાં અહમદનગર શહેરથી આ પત્ર હું લખુંછું. દિલ્હી અને આગ્રા થઇ પંજાબ મુકી હું દખણ તરફ પાછો આવ્યોછું; અને બીજાપુરની પેલ્લી દુનીયા વર્ણની તોપનો એહવાલ મેં તમોને છેલ્લાં કાગલમાં લખીયો હતો. ગમે એવી કિમતે, આ તોપ બ્રીટીશ સરકાર વેચનાર નથી. આંહિંની મ્હોમેદન જાતની પ્રજાની લાગણી દુખાય એમ ધારી એ લોકના અસલ મુસલમાન બાદશાહના કિલ્લા ઉપર તે એમની એમ ગોઠવી રાખીછ; પણ ત્યાં પરપુછ કરતાં માલમ પડીયુ કે અહમદનગરનો

છેલ્લો બાદશાહ કોઈ સલાવતખાન નામનો થઇ ગયો હતો તેની પાસે ફીલોસોફર્સ–સ્ટોન હતો.' અહિં જરા શેપર દમ ખાવા થોભીયો.

"શું ધારીયું, રોબર્ટ, ફીલોસોફર્સ–સ્ટોન ! મારા ખોદા ! હું તો ધારતો હતો કે તેવી ચીજ તો એક દંતકથામાંજ જીવી ગઈછ, અને હવેના વખતમાં મલવી મુશકેલ છે. આગળ વાંચીએ. મલી આવ્યો હોય તો સારૂં." અને શેપરે ઉલટથી આગળ વાંચવા માંડીયું.

'અહિંનાં લોકો તેને પારસમણી કહેછ; એ પથરો કોઇ લોખંડને લગાડે તો તે તરત સોનામાં ફેરવાઇ જાએ એવો ચમત્કાર ધરાવેછ તે તો તમો સાહેબ જાણોછ, અને ગમે એવે ભોગેબી કાંઇ પણ કરી એ પારસ—મણી તમારા નામીચા સંગ્રહ માટે મેળવવા હું તરતજ અહમદનગર ઉપડી આવ્યોછું. અહિં અસલના નીઝામી શાહનો એક મજબુત કિલ્લો છે, જે સરકાર પોતાનાં ઇજનેરી ખાતાંની ઓફીસ દાખલ વાપરેછે. તેની અત્રાફમાં કાંઇ સો ફીટ ઉંડી ખીણ આવેલીછે. પુરાણા કાળમાં દુશ્મનોના હલ્લામાંથી બચવા આ જાતની ખીણો આહં ઘણા કિલ્લાઓની આસપાસ જોવામાં આવેછે. દેખાવ ઘણો દીલપઝીર છે, પણ મારે તો પારસમણી મેળવવાને મથવું છે. સલાવતખાન નામના પહાડ ઉપર એ નામના

રાજાની કબર આવેલી છે એમ સાંભળી હું ત્યાં ગયો, ત્યાંના બુઝર્ગ મુજાવરે મને ઘણી રસીલી દંતકથા કહી સંભળાવી. મે હાથભરીને રૂપીયા તેની હથેલીમાં મુકીયા અને મારી ખાતરી છે કે તેટલો પૈસો તે બાપડો છ મહીનેબી કમાતો નહસે. આ ઉપરથી તે ઠીક વાતે ઉતર્યો અને મને કહ્યું કે જ્યારે ફરંગી સરકારે અહમદનગર ઉપર ઘેરો ઘાલીયો, ત્યારે અમારા નામદાર શાહ સલાતનખાનને જીવતો પકડવાની ઘણી પેરવી રચાઈ હતી, કારણ બાદશાહ પાસે પારસમણી હતો, મગર હમારા શાહે ખાઉં નહી ખાવા દેઉં નહી તે નિયમે અહિંની આ મોટી ભીંગાર નદીમાં હીરો ડુબાડી દીધો અને પોતે અને પોતાની સુલતાના ઝેરના પ્યાલા પીને જીન્નતની સફરે નીકલી ગયાં.'

'પણ તારી ખાતરી છે કે આ પારસમણી ભીંગારની નદીમાંજ ફેંકી દેવામાં આવ્યો હતો ?' મેં પુછીયું.

'હા, અને ઘણીબી શોધખોળ તો થએલી. સરકાર સાહેબના હુકમથી મોટા મોટા હાથીઓને ગળે લોખંડી સાંકળ બાંધીને આ નદીમાં ઉતારવામાં આવેલા અને ઠારેઠારેથી સાંકળ સોનામાં ફેરવાઈ ગઈ હતી, અને તેજ બતાવેછ કે અંદર પારસમણી પડેલો હતો.'

'આ હકીકત સાંભળી હું ત્યાં થોભીયોજ નહી. મેં વિચાર કર્યો કે ઝટ સદર તરફ જવું અને અહમદનગરનો

સરકાર તરફનો મુખી, જેને આંહિ કલેકટર કહેવામાં આ-વેછે તેને મળવું, અને બની શકે તો તેની મારફત સરકાર પાસથી પરવાનો મેળવવો અને ભીંગારનું પાણી ખાલી કરાવવું. હું પહાડ ઉતરીને હેઠળ ગયો, ત્યાં એકાએક મારાં પગલાં થોભી ગયાં. સાહેબ, મને અતિશયોક્તિ કરતાં આવડતી નથી. હું વગર સીફારસે કહુંછ કે ત્યાંના એક ન્હાનાં ઝુંપડાંના ઉંબર ઉપર, એક ઉગતા ગુલાબનાં ફુલ જેવી સુંદર છોકરીને મેં બેઠેલી જોઈ. આવી રોશન ઝલકતી આંખો, કાળા બાલનાં લટીયાં અને ગુલેગુલાબ જેવો ચહેરો, રાજ્ય કરવા લાયકના દબદબા સાથનો, એક કંગાલ ઝુંપડીના ઉંબર ઉપર તુટાંફાટાં કપડાંમાં લપટાએલો જોવો એ એક એવડી મોટી અજાએબી જેવું હતું કે કુદરતી રીતે મેં તે તરફ મારાં પગલાં લંબાવીયાં. મને આવતો જોતાંજ તે સુંદરી પોતાના ચહેરા ઉપર કાંઇ જાલી જેવું ઉતારી અંદર ચાલી ગઈ, તે વખતે એક ઝઈફ ઓરત બ્હાર આવી. બુઝર્ગી છતાં તેનો ચહેરો બે ઘડી જોયા કરીએ એવો મીઠો હતો. તેઓની નિર્ધનતાથી દાઝી જઇને મેં મુઠો ભરીને રૂપીયા તમારી બરકતે બ્હાર કહાડી, તે ડોસીના હાથમાં મેલ્યા. આ બક્ષીસથી તેણીએ મને બળઇયાં લીધાં કે જે આ તરફનાં લોકોની આશીર્વાદ આપવાની રૂઢી છે. પુછતાં માલમ પડીયું કે તેણી તો ખુદ અહમદનગરની મહા-

ઘ રાજ્ય કરી ગએલી ચાંદ સુલતાનાની બાદશાહી ઓલાદની હતી; પણ જયારથી ઈંગ્રેજ સરકારના હાથમાં અહમદનગર આવ્યું ત્યારથી તેઓને પહેડી દર પહેડી રૂપીયા ત્રણસોનું સાલીયાણું સરકાર તરફથી મલતું હતું. આગલા સસતા વખતમાં તે રકમ ઠીક થઈ પડતી હતી, પરંતુ આ મોંઘવારીના વખતમાં મહિને પચીસ રૂપરડી તેઓને અડધી ભુખે પાળે એટલી ઓછી હતી. તેણીએ મને અરજ કીધી કે હું પોતેજ સરકાર જેવો લાગુંછું માટે મારે તે સાલીયાણું બેવડું કરી આપવું! બીચારી તે બાઇ અભણ હતી, પણ તેણીના આગલા વખતની તેઓના વાલીદોની જાહેજલાલીના ખ્યાલે મને લાગીયું કે તેઓને વધની મદદ કરૂં તો તમારાં નેક દિલની ખાહેશ પુરી પાડવા જેવું હું કરીશ અને તેથી, સાહેબ, મહિને તેઓને એકસો રૂપીયા મલે એવી મેં ગોઠવણ રાખીછે, અને પેલી સુંદરીને કોઈ નવાબ કે એવાંજ કોઈ માતબર સારાં ખાનદાનમાં ગોઠવી આપવાનું મેં માથે લીધુંછ. વળી તેણીના બે ન્હાના ભાઇઓને મેં શાળામાં મોકલ્યાછે અને ખાતરી રાખજો, સાહેબ, કે તમારા પૈસા ઘણાં સારાં કામમાં વપરાયાછે.

'પછી હું કલેકટરને ત્યાં ગયો. તેણે ફીલોસોફર્સ-સ્ટોનની મારી હકીકત પહેલાંથી છેલ્લાં સુધી વાહીયાત ગણીને હસી કાઢી સારે નસીબે તેનો એક મદદનીશ જે

મરાઠા જાતનો હતો તે ત્યાંજ લખવા બેઠો હતો, અને જે રીતે તેના ચહેરા ઉપર રંગ ચઢ ઉતર કરતો હતો અને તેની કાળી આંખો મારા એહવાલથી ચલકી રહેતી હતી, તે ઉપરથી મને લાગીયું કે પારસ-મણી માટે કાંઇબી નવી ખબર હું એની પાસેથી મેળવીશ ખરો, અને બનીશું પણ તેમજ. હું જ્યારે નિરાશ થઇને બ્હાર નિકળ્યો, ત્યારે તે બી કાંઈ બ્હાને ઉઠીને મારી પુઠે આવીયો અને મારો રસ્તો રોકી તેણે કહયું:

'તમો પારસ-મણીની શોધમાં છેઓ, પરંતુ તે તમોને ભીંગારમાંથી કદીબી મલી આવવાનો નથી. એ અમારા સ્વદેશનું રત્ન છે તે મ્હોમેદનોના હાથમાં કદી આવવા પામીયું નથી અને પામશે નહી. અમારા શ્રી રામ-ચંદ્રજી જયારે સતી સીતા સાથે વનવાસે નીકળ્યા હતા, ત્યારે તેઓ અહિંથા દસ ગાઉ ઉપર આવ્યા હતા. ઇંગ્રેજ સરકારે તે જગીયાને "હેપી-વેલી" નામ આપીયુંછે અને લોકો ત્યાં પીકનીકે જાએછે. ત્યાં આગળ જયારે સીતાને બહુ તરસ લાગી, ત્યારે તપતા સુકકા પહાડ ઉપર રામચંદ્રજીએ પોતાનાં ધનુષ્યમાંથી એક બાણ છોડીને ફે-કીયું કે ઇશ્વર કૃપાથી એકદમ પહાડમાંથી પાણી વહેતું થયું. આજની ઘડી સુધી તે જળાશયનો કુંડ એમનો એમ વહેતો રહયોછે અને અમો રામચંદ્રજીનાં સ્મરણાર્થે

તેની પુંજા કરીએ છેયે. આ પાણી, પાતાળ વહેછે અને તેમાં પારસ-મણી છે પણ તે કોઈ પણ [redacted] હાથ આ-વનાર નથી.' શ્રી રામચંદ્રજીકી જય! શ્રી બદરીનાથકી જય! વગેરેના નહી સમજ પડે તેવા તેણે પુકારો કરી બોલ્યા અને તેની આંખોમાંથી વિકાળ ચમકારા નિકળતા જોઇ હું તેને પડતો નાખી ચાલી ગયો.'

"અજબ જેવું!" શેપર અહિં બબડીયો. "હું પોતે અહમદનગરમાં ફરેલોછું અને આ હેપી-વેલી મેં જોએલીછે, પણ પારસ-મણી ત્યાં છે એમ મેં સાંભળેલું નહી!" અને તેણે આગળ વાંચવા માંડીયું.

'સાહેબ, છેલ્લામાં છેલ્લી મલેલી ખબર મુંજબ આ ગોહર, આબુના પહાડ ઉપર છે. મને ખાતરીપૂર્વક ખબર મલીછે કે એક વૃધ્ધ સાધુને હાથ એ ફીલોસોફર્સ-સ્ટોન આવતાં, તેણે દેલવાડા નામના દેવને તે અર્પણ કર્યોછે, અને તેની યાદમાં કાંઈ કરોડ રૂપીયા ખરચીને એક દુનીયા વર્ણુંતું દેવાલય, આબુના પહાડ ઉપર બંધાએલું સંભળાએછે. આજ રોજે દખણથી હું ગુજરાત તરફ ઉપડી જાઉંછ. પારસ-મણી હાથ લાગવો મુશકેલ છે પરંતુ હજુર મેં આશા મુકી નથી. ખોદા કરે ને હું મારાં બીજાં કાગલમાં એનાથી વધારે ખુશ ખબર મોકલી શકું.'

આ તે લંબાણુ પત્ર હતું અને તેપર બેરૂચની સુસ્ત દેખાતી આંખો પ્રકાશી રહી.

"જો ફીલોસોફર્સ-સ્ટોન મલીયો તો હું એમજ માનીશ કે મારો સંગ્રહ સંપૂર્ણ થયો." તે પેલું કાગલ બાજુએ મુકતાં બોલીયો. "મારો ખાણુંનો ટાઇમ થયો, દોસ્ત, તમે અહિં જમીનેજ જજો! આજે ખુલ્લી ચાંદણી પડેછ, એટલે મારી આર્ટ-ગેલેરીમાં વખત કાઢવા તમોને ગમશે."

"થેંક યુ, મી. બેરૂચ, ચાંદણીના રૂપેરી ઉજાસમાં પીકચરો માંહેલાં આસામીઓને જાણે જીવતાં જાગતાં હું જોઇ શકતો હોઉં એમ મને લાગેછે. હું અહિંજ થોભીશ."

પ્રકરણ આઠમું.

"ચાલો, ખાધું પેટ ભરીને.!" બુઢા મેકીનટાયર એક બપોરે બ્હારથી આવતાં પોતાની ટોપી ટેબલ ઉપર ફેંકતાં પોતાનાં ફરજંદો આગળ બોલીયા. "મેં ધાર્યું તુંજ રે કે એક દહાડો એમજ અણુચિંત્યો ડબ્બો ઉડી જશે. કહેછ કેની કે આજે શાહ તે કાલે ફકીર!"

"પપા, તમે કોણુને માટે કહોછ?" લીલીએ ઉજરી વાખ મારી જઇ પુછીયું.

"અરે, હવે કહીએ જે લાખ્ખો અને કરોડોના હીસાબ માંડી વાળી, ન્હાનાં ઝુંપડાંમાં બેસીને શીલીંગ ને પેન્સ ને ફારધીંગ ગણીયા કરો! પીધું પેટ. ભરીને! બધા માંગનારાઓની તુટાતુટ પડીછ ને લોકો તો ઉશકેરાઇને ઘેલાં દિવાનાં બની ગયાંછ. જોજે આજ સાંજ સુધીમાં તો પાઇ વગરના ખાલી હાથે અને રડમસ ચહેરે રસતે ઉતરવાનું થશે—"

" પપા, તમે કોણુને માટે કહોછ?" હવે રોબર્ટ ઉઠીને ઉભો થયો. લીલી તો પુતલાં જેવી સ્થંભ થઈ ગઇ હતી.

" મારા ઉપર શું ઓછું પડીયુંછ !" તે ડોસાએ ચલાવીયું. " અને તેણે મને મદદ કીધી હોતે અને મારૂં બંદુકનું કારખાનું અત્યારે હું ધમધુકાર ચલાવતો હોતે તો અત્યારે એ કરોડપતિને હું એમ ભીખારી હાલતમાં ગબડવા દેતે કે! પણ માને કોણુનું! મેં મદદ માંગી ત્યારે કહેં જે કે હવે બુઢાપામાં તમે નચિંતાઇથી ઘેર બેસો, તમારાં છોકરાંઓ તમોને સંભાળશે. હા, જોયાં કેની, છોકરાં સમાલેછ તે!"

" પપા, તમે કોણુને માટે આ બધું બોલોછ તેનું અગઘડી નામ આપશો નહિ તો હું ફેઇન્ટ થઈ જઇસ."

લીલી ધ્રુજતે અવાજે બોલી. દેખઈતું હતું કે તે સુંદર છોકરી ગભરાટથી અડધી બેફામ જેવી બની ગઈ હતી. હવે રોબર્ટે જઈને પોતાના અડધા દિવાના બાપનો હાથ ઝાલીયો.

"બાવા, બીજું બધું બોલવાનું રહેવા દેવો અને કહો એકદમ કે તમે કયા કરોડપતિ ઉપર અચબુચ આફત ઉતરી આવેલી કહેવા માંગોછ."

"કોણ વળી! આપણો પડોસી પેલો—"

"શેપર બેરૂચ !" બન્ને ભાઈ બેને ધાંટો પાડીયો, અને લીલી બેશુધ્ધ થઈને નીચે તુટી પડી. છેક હવેજ બુઢાજીની શુદ્ધ ઉંઘડી. પોતાની ખુબસુરત દીકરીને હોશથી બેહોશ બનેલી જોઈ તેઓ ગભરાયા અને કલ્લો પાડી કહ્યું:

"શેપર બેરૂચ માટે કોણ વાત કરેછ જે? હું તો આપણા બરમીંગહેમના પડોસીઓ સ્પેનસર સ્પેનસરની કંપની માટે બોલુંછ."

આ ખુલાસાથી રોબર્ટનાં મગજ ઉપરથી પહાડ જેવો બોજો હટી ગયો, લીલીને શુધ્ધીમાં આવતાં ઝાઝી વાર લાગી નહી; પણ શેપર બેરૂચને તદન સલામત જાણી તેણીએ, ઉદાર દીલે પોતાના લગીર ખસેલા બાપની મૂર્ખાઈ માફ કીધી.

" સ્પેનસરવાળાં ઉપર આફત ! ખોદા બચાવે ! કેવા ભલા નેક દિલના બન્ને ભાઇઓ! સારૂં થયું, પપા, તમે આ ખબર લાવ્યા તો. હું તરતજ બરમીંગહેમ ઉપડી જાઉંછ, તેઓને વખતસર મદદ કરવાની મારી ફરજ છે. "

" અને તારા પોતાના બાપને વખતસર મદદ કરવાની ફરજ તું ભૂલી જાએછ કે છોકરા ?" બુઢાજી ઉઠીને ઉભા થયા.

" લીલી તું છે ને બાવા છે, હું તો આ ચાલીયો. હું એક પલ ખોહવા માંગતો નથી. મી. બેરૂચ આવે તો કહેજે કે હું બરમીંગહેમ ગયોછ, અને એવણના પવિત્ર પેસાથી એક મોટું પુન્યનું કામ કરતો આવીશ."

ચઢતી પછી ખોદાતાલા કોઇને પડતી બતાવતો ના !

બરમીંગહેમમાં ઉમરાવ મોટાઈ ભોગવતા એ સ્પેનસર ભાઇઓ જેઓ પોતાની અખૂટ દોલતની બરકતે વિખ્યાતિ પામીયા હતા, તેટલીજ નામના અને મશહુરતા તેઓએ પોતાના સખી દીલગુરદાથી મેળવી હતી. ભલાઈ કરવી એ તો જાણે બન્ને ભાઇઓનાં લોહીમાં ઉતરેલો ખાનદાની સદ્ગુણ હતો. જો મોટો ભાઇ જૉન, આજે, ગરીબોની હૉસપીટલ બાંધવા પાંચ લાખ કાઢી આપતો, તો ન્હ

ભાઈ જૅક ગરીબો માટે સ્વચ્છ હવામાં મકાનો બંધાવવા સાત લાખ બીજે દહાડે આપીને ઉભો રહેતો. કોઈબી નિર્ધન તેઓનાં મકાન આગળથી ખાલી હાથે જવા પામતું નહી. તેઓની દૂરઅંદેશીથી કાંઈ સેંકડોબંધ આસામીઓ મોટા પાયા ઉપર બોહળો વેપાર ચલાવી મંડાઈ ગયા હતા, અને અજબ કે હજારો તરફથી રાતો દીનની ભલી દુવાઓ અને ખુશબખ્તીભરીયા આશિષો મેળવનારા આ બન્ને ભાઈઓ આસમાની સુલતાનીના બોજા તળે એકદમ ચગદાઈ ગયા હતા! કરોડોની જામેલી પેઢી વરસોથી મુસ્તકીમ પાયે ઉભેલી એકદમ તડાક દઈને જમીનદોસ્ત થઈ ગઈ, અને આજે સોને પાળનારા તે નેકબખ્ત બન્ને ભાઈઓ, કાલે પોતાનાં ગુજરાનનું કેમ થશે તેના વિચારથી રડમસ બની એકમેકને ગળે હાથ નાખી માથું ઝુકાવી ગમમાં ગીરફતાર જેવા ઉભા હતા ત્યાં તરતજ રોબર્ટ દોડીયો આવ્યો.

પોતાના આગલા પડોસીનો જવાન બેટો, જેના ઉપરથી આગળ એક વાર એજ પ્રમાણે મોટાઈ પછીથી મુફલેસી ઉતરી આવી હતી તેને પોતાને ત્યાં આવેલો જોઈ, જૉન અને જૅકનું હૈયું વધારે વખત ટકી શકીયું નહી અને તેઓ બાળકો માફક રડી પડયા.

"એ કેમ બનીયું, મારા લાર્ડ જૉન!" રોબર્ટે પેલા વડા ભાઈને પુછીયું.

" લંડનના અમારા ભાગીયાએ દગો દીધો. જોઈએછ તો મહિનાઓ સુધી કોરે પાને તે વહિવટ ચલાવતો હતો. બધું રોકડ એકઠું, કરી લઈ તે ખોદાને ખબર કયાં ગુમ થઇ ગયો! અને લંડનની અમારી પેઢી બંધ પડી કે તરતજ કાંઈ પચાસેક ઠેકાણેના અમારા એજંટો ઉપર તાર ઠોકાયા, અને ગઈ રાતથીજ ડીપાઝીટ નાણું મુકનારાઓએ અમારી પેઢી ઉપર દરોરા પાડીયા. અમારી આંટ ખાતર અમે સર્વેના પૈસા ભરપાઈ કીધા; ખાસ કરીને પહેલાં બાઈ બાવરીઓ અને મુરબ્બી વગરનાં બચ્ચાંઓનાં નાણું અમે આપી દીધાં અને બીજા સદ્દર માંગનારાઓને ઘણુએ સમજાવીયા કે થોભો, પણ—પણ—'અડી' લોર્ડ જાને ડચકું ખાધું.

"પણુ તેઓ થોભવા ના કહેછે." ન્હાના ભાઈએ ગદગદતે સાહદે ચલાવીયું. " અને હમણાં સુધી પેઢીમાં એક પનીબી બાકી રહી નથી, જોકે હજુર બીજા માંગનારાઓ છે. તેઓને કયાંથી પુરૂં પાડવું તે સમજ પડતી નથી. અમારૂં મકાન અને ખાનગી રાચરચીલાં ઝવેરાતો, મોટરો, ગાડી ઘોડા એ બધાં ઉપર માંડી વાળવાની હુંડીઓ લખી આપી આવતી કાલે અમે મોહતાજ જેવા ખાલી હાથે રસતે ઉતરસું."

"ખોદાતાલાના શુકર કરો કે તેવી બદબખતી થનાર નથી. ભલાં આદમીઓને તે બહેસ્તનો માલેક ભૂલતો નથી.

તમે શેપર બેરૂચનું નામ તો સાંભળ્યું હશે, તેમની ખાહે-શથી હું અહિં આવ્યોછ. હાલ તરત કેટલા જોઇશે? એકાદ કરોડ ચાલશે ? " રોબર્ટે પુછીયું,

લૉર્ડ જૉન અને તેને ન્હાનો વહાલો ભાઇ ખુરશી ઉપર ઢગ થઇને બેસી ગયા. આ તેઓ શું સાંભળતા હતા! રોબર્ટ તદ્દન ગંભીર જણાતો હતો, અને બચપણથી તેઓ મેકીનટાયરના આ આરટીસ્ટ દીકરાને ઓળખતા હતા. તે કોઈની ઘાતકી મશ્કરી કરે એવો હતોજ નહી; તેમ વળી શેપર બેરૂચનું ચમત્કારિક નામ તેઓને નવું નહતું, અને શાન્ત થતાં તેઓને લાગીયું કે ખચિત કંગાલીયતમાં ગબડી પડતાં સહેજમાં તેઓને પેલા મનુષ્ય ફરેશ્તા શેપર બેરૂચે બચાવી લીધા હતા.

બીજે દિવસે રોબર્ટને મોંહડે આ હકીકત શેપરે સાંભળી ત્યારે તે જાતે આ ભાઇઓને મળવા આવ્યો અને ટુંક વખતમાં એટલી સમાધાનીથી તે ખરાબ કાળનો સમો આવતો દૂર કીધો કે એક વાર પાછી સ્પેનસર એન્ડ સ્પેનસરની પેઢી બેવડા પાયા ઉપર ધીકવા લગી. લોકોએ જયારે જાણીયું કે આ ડુબવા ઉપર આવેલી પેઢીમાં ખુદ શેપર બેરૂચ પાંચ કરોડનું નાણું જમા કરી ગયોછ, ત્યારે તેઓને હિંમત આવી અને જરા પણ અગવડ વગર સ્પેનસર બીરાદરોનો ધંધો પાછો ધીકતો થયો.

આ પ્રમાણે શેપર બેરૂચનું નામ અમર થતું ચાલીયું, પણ જેમ તે ખરેખરાં હાજતમંદો તરફ હાતમ દીલે વર્તતો તેમ લુચ્ચા ઠગારાઓને ઝટ પારખી કાઢી તેઓને એક પાઈ પરખાવતો નહી. રોબર્ટને અજબ થતો કે તે કેમ અપ્રમાણિક આદમીઓને પીછાણી કાઢતો હતો. લોકોની ગમગીન કહાણી સાંભળી જયારે રોબર્ટનું નરમ દિલ પીગલી જતું, ત્યારે સદાનો દયાલુ શેપર પોતાનું જબરજસ્ત માથું ગંભીરાઈથી ધુણાવતો, અને ખચિત તેજ હકિકતમાંથી તે ખોટારૂં પકડી પાડતો. તેની એવી અજબ જેવી દુરઅંદેશી અને બાહોશીથી રોબર્ટ હેરત રહેતો.

કોઈબી દિવસે શેપરે રોબર્ટને જાણવા દિધું ન હતું કે તેનો પિતા રસતે મેદાને તેને ઘેરીને પોતાની મોહતાજી રડતો, કે બંધ પડેલા ધંધાને ખોલવા નાણાંની આપદા માટે હાય અફસોસ કરતો હતો. આવી વખતે શેપર, નરમાસથી બધું સાંભળતો, સભ્યતાથી નમન કરતો, અને બુઢાજીને પસવારી રમાડીને સમજાવતો કે હવે ધંધા કરવાના તેઓના દહાડા વહી ગયા હતા. તે જાણતો હતો કે જરાબી નાણાની છુટ આ ડોસાને થઈ તો સીધ્ધા પીઠાંમાં જઈને ગળું ભીંજવીયા કરવાના, અને આગલી પોતાની આબરૂ અને પોતાનાં ફરજંદોની ઇજ્જતના ચણા દારીયા

કરી નાખવાના. અને તેથી જેવા સાથે તેવા થવાનું શેપર બરાબર જાણતો હતો.

મગર આ મગરૂર માલેખઝાના અને તેના માલેકની અથાગ ઉદારતા ચોબાજુ જાહેર થઈ કે આબરૂદારનાં ફરઝંદો અને નામચીન શાહુકારો ટેમફીલ્ડનાં ગામડાંમાં શ્યરે નીકળી આવવા લાગીયા. પેલા મુસ્તકીમ મહાલમાં ખાતર પાડવું એ તદન અશકય હતું પણ નસીબ અજમાવવામાં ગયું શું ! જેઓ ઘણાજ ખંધા અને નફ્ટ હતા તેઓએ ધારીયું કે જીત્યા તો કમાયા અને નહીતો મુફતનાં ઘરનું ભુસાંનું પોરીડજ તો ખાવાનું મલશે. લંડનથી પોલીસ અવારનવાર આવીને શેપરને ખબર કરતી કે ફલાણાચીના નામદાર પીંઢારાજી આજ રોજે ટેમફીલ્ડની ટીકીટ લઇને ત્યાં સુંવારા લેવા આવેલા જણાએછે, માટે તેણે સાવચેતીમાં રહેવું, પરંતુ આ તરફ અજીત શેપર હતો; તે માત્ર મુછમાં હસીને બેફીકર ફર્યા કરતો અને પોલીસનો તેઓએ લીધેલી તકલીફ માટે ઉપકાર માની, ખુશી કરી પાછા વિદાય કરતો. ડીટેકટીવો અજબ થતા કે તે સખસ એટલો નફકરો કેમ હશે, પણ શેપરની વાત તેજ જાણે !

"જરા મારી સાથે તમો બધાં મારા મહાલ તરફ આવશો ?" એક સવારે શેપરે મેકીનટાયરને ત્યાં આવતાં તે ત્રણે બાપ બેટી બેટાને કહયું. હવે તેઓ વચ્ચે ઘણો

ઘરોબરો થઇ ગયો હતો અને તેઓ અવારનવાર તેને ત્યાં જતાં આવતાં થયાં હતાં. "હું કાંઇ તમુને બતાવવા માગું છ તે ખચિત તમુને જોવા ગમશે."

તેઓ બધાં તૈયાર થયાં. આ પ્રમાણે જ્યારેબી શેપર એરૂચ તેઓને બોલાવતો ત્યારે કાંઈ નવી નવાઇનું જોવાનું મલતું. રોબર્ટને આબુના પહાડ ઉપરનો કરોડોનો ગંજ ખરચી ઉભા કીધેલાં દેવાલયોની માંહે છુપાએલો પારસ-મણી અંતે હાથ આવ્યો, એવો ખ્યાલ ઉભો થયો; બુઢાજીએ ધારી લીધું કે બરમીંગહેમની બંદુકનું કારખાનું એમનું એમ ઉપાડી શેપરે પોતાના મકાનમાં ગોઠવી તેની સરદારી તેવણુને આપવાની આ તાલ રચી હતી! જ્યારે લીલીબાઈ કાંઇ અણમુગ ઝવેરાત જોવાની આશામાં ઉલટભર હતાં.

"મેં તમુને એક વાર જીવતો વાઘ બતાવીયો હતો." શેપર તેઓને મહાલના એક છેડેના ખંડમાં લઈ જતાં બોલીયો. "અને મીસ મેકીનટાયર, આજે તમુને તેવુંજ કાંઈ ભયંકર બીજું બતાવવા માગું છ."

ઓરડાને છેડે જાણે આરસીઓનો એક ન્હાનો ગોળાકાર ઓરડો ભરી લીધામાં આવ્યો હોય તેવું દેખાતું હતું ત્યાં મહાલનો ધણી તેઓને લઈ ગયો.

આ ગ્લાસ-હાઉસની જમીનમાંથી નીચે જુવો."

" મારા ખોદા ! કેવા ભયંકર દેખાવના ખવીસો !" લીલી બોલી ઉઠી- " બે જણ છે અને બન્ને એકમેકથી વધારે બુરા હેવાન જેવા દેખાએછ !"

"એ લોકો શું કરી રહયાચ !" રોબર્ટે કહયું. "જાણે કોઈ ભોંયરાંની જમીન ઉપર બેતાકાત જેવા બેઠાછ !"

"કોઈ જબરા મવાલાબક્ષો દેખાએછ ! મી. બેરૂચ, મારૂં માનો તો અબઘડી પોલીસને બોલાવો. " બુઢાજીએ મત આપીયો.

" મેં તેમજ કીધુંછ પણ પોલીસ તેઓને કેદમાં લઈ જાએ તે પહેલાં મેં તેઓને બરાબર કબજે લીધાછ, જોકે છેવટેબી કાયદાથી કામ લેવાવું જોઇએ, એટલે મારે એ કોચીનના શાહુકારોને પોલીસને સ્વાધીન કરવાજ પડશે."

" પણ એ લોકો કોણ છે, અને આંહિં કેમ આવવા પામીયા ? " લીલીએ પુછીયું " મી. બેરૂચ, અમોને જરૂર કહેવો. "

સુંદર લીલી જ્યારે ચાહતી ત્યારે ઘણી પટામણી અને મીઠી થઈ શકતી. રોપરે નરમ અવાજે કહયું: " હું તમારા જેટલુંજ જાણુંછ. કાલે રાતે ત્યાં કોઇ હતું નહી અને આજ સવારે હું તેઓને, ત્યાં સપડાએલા જોઉંછ,

એટલે અનુમાન કરી શકાય કે તેઓ મોડી રાતે આવેલા હોવા જોઇએ. મારા નોકરોએ આ તરફની એક બારી સવારે ખુલ્લી પડેલી જોઇ હતી. એ લોકો શું હેતુથી અહિં આવ્યા હતા તે તો તેઓના ફાંકડા ચહેરા ઉપરથી પીછાણી લેવું સહેલ છે!"

"હા રે, બીચારા જાણે બોકડાં જેવા ગરીબ! પણ એ લોક કયાં છુપાએલાછે તેનો મને સહેજબી ખ્યાલ નહી આવતો." રોબર્ટ બોલીયો. "એ પેલો એક શું કરી રહયોછ! દેવાલ સાથે માથું ફોડવાની તજવીજ કરેછે કે શું! નહી, નહી, એ તો વાંકો વળેછ અને બીજો તેની પીઠ ઉપર ઉભો થઇને ઉંચેની દેવાલ પકડવાનાં ફાંફાં મારેછ. કેવા ઝનુની બદમાશો છે! મારૂં કેવું મન થાએછ કે એઓનો ચિતાર ઉતારૂં. મારાં નવાં ચિત્ર Reign of Terror ને માટે બન્ને કેવા બંધએસ્તા થઇ પડે!"

"મેં એ લોકોને મારી નવી શોધના સંચામાં પકડીયાછ, ચોરનું છટકું" શેપરે કહયું. "આ મારાં પહેલવહેલાં કેદી પક્ષીઓ છે, પણ હું નહી ધારતો કે તે છેલ્લાં હોય. એની મશીનરી કેમ ચાલેછ તે હું તમુને બતાઉં. આપણે જેની ઉપર ઉભાંછ તે જમીન હાલ તો તદન સંગીન છે, પણ દર રાત્રિએ હું તે ખસેડી નાખુંછ. નીચેના ઓરડામાં મુકાએલાં એક યંત્રની ચાવી દબાઈ કે મહાલના

દરેક ઓરડાની પાટીયાંની જમીન વચ્ચેથી ખસીને ગેબ થઇ જાએછ. આવી વખતે ચોરી છુપીથી બારી વાટે આવનારૂં આસામી, બે કે ત્રણ ડગલાં ભરે કે તે એકાએક લપસીને પેલાં છટકાંવાલા ઓરડામાં જઇ પડેછ. તમે અજબ થતાં હશો કે ઓરડે ઓરડે મુકાએલું ફરનીચર બધું કયાં જતું હશે, પણ ચાવી દાબવે બધાં ફાલકાઓમાં તે સરી જાએછ, અને સવાર પડતાં ચાવી ફરવે તે બધું પોતાને ઠેકાણે ગોઠવાઈ જાએછ. ઉઠતાંની સાથે હું આ ગ્લાસનાં ઘરમાં જોઇને ખાતરી કરી લેઉંછ કે કોઈ ઉસ્તાદો આવ્યાછ કે કેમ, કારણ તેઓની પધરામણી માટે ઘણી ઘણી ચેતવણીઓ મને આગમજથી મલેલી રહેછે. મને લાગીયું કે એઓને કોન-સ્ટેબલના હાથમાં આપું તે પહેલાં તમોને જોવા ગમસે, તેથી તમોને તકલીફ આપી."

"ગરીબ બીચારાઓ!" "લીલી બબડી. "કેવા ગાભરા પડેલા લાગેછ! બાપડાઓ સમજી નહી શકતા હશે કે ત્યાં કેમ આવી પડીયા! મને સાંભળીને કેટલી નચિંતાઇ મલી કે તમે તમારી બરાબર તકેદારી રાખોછ, કેમકે મને હમેશાં ફકર લાગીયા કરતી હતી કે તમે કેટલા જોખમમાં રહોછ."

"ખરેખર?" અને નેક દિલના શેપરના ચહેરા ઉપર રંગ ચઢીયો. "તમારી આવી કાળજી માટે કેવી મહેરબાની. એકજ બારી વાટે આવવાનો રસતો મેં સલામત રાખેલોછે.

આરી લેબોરેટરી માંહેલી ત્રણ બારીઓમાંની જે વચલી છે તેમાંથી આવતાં કશાં એવા વિઘ્નો નડે નહી. એમ કરવાનું કારણ એટલુંજ કે હું કોઇ વાર પોતે ચાંદણીમાં ભટકવા નીકલુંછ, અને તેવી વખતે નોકરોને ઉઠાડીયા વગર અંદર ચાલી આવવાનું હું વધારે પસંદ કરૂંછ. સો બારીઓ માંહેલી આ એક જો કોઇ નસીબદાર શાહુકારને હાથ આવે અને તે રસતે મારા મહાલમાં દાખલ થાએ તો ફાવે ખરો, પણ તોબી બીજી રીતે ફસે કેમકે—ઓહો, કોનસ્ટેબલ આવ્યા! તમે જશો ના, મીસ મેકીનટાયર, જરા લાયબ્રેરીમાં બેસસો, હું હમણા પરવારીને આઉંછું."

પ્રકરણ નવમું.

તે દિવસથી લીલીને મહાલમાં ઘણું ઘેરવટ જેવું લાગવા માંડીયું. એક પણ દહાડો એવો નહી જાએ કે કાંઈબી નવે નવે બ્હાને લેણીને શેપર તરફનું ઈજન નહી આવે. તે પોતાને ઘણીજ સુખી સમજતી હતી કારણ શેપર તેણીનો પડીયો બોલ ઝીલી લેતો. કલાકો સુધી તેણી મ્યુઝીયમમાં બેસી રહી, પેલો દુનીયાની મોટાઈ દેખાડે તેવો સંગ્રહ જોયા કરતી, હીરા મોતીમાં રમીયા કરતી, અને તેના માલેકને એમ

લાગતું કે આ સુંદરીને ખુશ કરવી એ મોટામાં મોટું સુખ તેને માટે હતું. હવેજ તેને પોતાનો સંગ્રહ વહાલો લાગવા માંડીયો, કારણ તેનાથી તે લીલીને રાજી કરી શકતો. સ્મોકીંગ રૂમની પેલી બેઠક ઉપર બેસી, નવી નવાઇનાં હોટ-હાઉસીઝોમાં ફરતાં તે સુંદરી કદી થાકતી નહી અને લીલીની સોબતથી શેપરને કાંઈ અજબ કરાર મલતો.

તે છોકરી બડી ગણત્રીબાજ અને પાહવરદી હતી. પોતાની અનુપમ સુંદરતાએ તે મહાન શખસને કેવો છક્ક કરી નાખીયો હતો તે તેણીને પામી જતાં વાર લાગી નહી, અને તેને કેમ ઘેરવો તે તેણી સમજતી હતી. તેનાજ વિચારોનાં થવું, તે જે ચીજમાં ખુશ જણાય તેમાં પોતાને પણ ઉલટ લેતી દેખાડવી, યાને હરેક રીતે તેના મતને મલતું થવું, એ સીફતથીજ તે અજબ જેવા ઠંડા સુસ્ત લાગણીના દેખાતા મર્દને ઘેરી રાખી શકાય તે તેણી જાણતી હતી, અને તેમ કામ લેવામાં લીલીબાઈ પછાત પડે એમ નહોતું.

આટલા વખત સુધીમાં રોબર્ટ અને તેનો પિતા જોઈ લઇ શકીયા હતા કે લીલીએ કેવું ખેંચાણ કર્યું હતું. રોજ સવારના એક હજુરીયો ઉત્તમ ફુલ ફળની બાસ્કીટ, લીલી માટે મી. બેરૂચ તરફથી લઈ આવતો, અને મેકીનટાયરનાં ખાણાંની ટેબલ સુંદર ફુલોના શણગારથી દીપી રહેતી. વીજળી

જેવી ઝડપે જતી પણ શાન્ત ઠરેલ પગોની રૂપાળી ઘોડી રોજ સવારે લીલીની ખિદમતમાં ઘોડાવાલા સાથે હાજર થતી. એક સહેજબી તેણીની ખાહેશ વ્યર્થ જવા તે દેતો નહી. પેસાના પ્રતાપે બની શકતું તે હરેક લીલી માટે બજાવતો. તેનું હેત, આ ખુબસુરતીની પુતલી તરફ એટલું ઉંડું અને સાચું હતું કે તેણીના રાતા લબો ઉપરના સહેજ મલકાટમાં તે દુનીયાભરનું પોતાને સુખ મલેલું સમજતો. જ્યારે બરફ ઘણું પડવા માંડીયું ત્યારે શેપરે બે તરફનાં મેદાનોમાં બરફ ઉંડું એકઠું કરાવી ચમનઝાર જેવો દિલચસ્પ દેખાવ ઉભો કીધો કે તેના ઉપર સ્કેટ કરી લીલી મજાહ મેળવે. એકથી અનેક રીતે તેની વર્તણુક બતાવી આપતી કે આ સુંદર છોકરીએ તે ગંભીર ધીરા વીરા વિચારવંત આસામીનાં જીગરને ઘેરીયું હતું.

તેણીબી ઘંણી ગણત્રીથી કામ લેતી. રોજીંદી ગરીબોને ઝુંપડે જઈ આવતી અને કેવીએક દયાની બેન હોએ તેમ તેઓની નવી હાજતમંદી કાંઇને કાંઇ અગત્યની હોય તે શોધી કાઢી શેપરને કહી સંભળાવતી. મફતની લાયબ્રે-રીઓ; શાળાઓ, દવાખાનાંઓ એ બધાંની ટેમફીલ્ડનાં ગરીબોને કેટલી જરૂર હતી તે તેણી ગંભીર ડાચે અને માયાલુ હલકે કહેતી. શેપરની કાંઈબી એવી નવી યુક્તિ કે ઈરાદો એવો નહોય કે જેમાં લીલી કાંઈબી વધતોજ

ઉમેરો કરી દયાનું કામ સંપૂર્ણ કરવાની સલાહ આપતી નહોય. ભોળા શેપરને એમજ લાગીયું કે અંતે તેને એક એવો સાથી મલીયો હતો કે જે તેના વિચારો અને દિલને માફક આવે એવો હતો. તે સાથે આવી દિલજીત સુંદરતા! ખચિત, બીચારો, આખર કરે તો એક મર્દજ કેની, તે ઓરતનાં નાઝોનખરાં અને સીફતમાં ઘેરાઈ નહી જાએ એ તો બનેજ નહી.

રોબર્ટ અને તેનો બાપ, મામલો કેવો હતો તે પામી ગએલા લાગતા. ડોસાજી તો ખુશખુશ હતા. એક અબજો-પતિ તેવણનો જમાઈ થાએ, ત્યારે તો ખચિતજ પીધું પેટ ભરીને ! રોબર્ટ પોતે પોતાને સમજી શકતો નહી. તેને એમ લાગતું કે સોનાના થેલાઓએ તેની આંખોબી અપંગ કરી દીધી હતી કે કેમ ! જવાન તનદરૂસ્ત ઉલટ-મંદ હેકટરની નાસીપાસીનો તે જ્યારે વિચાર કરતો, ત્યારે પોતાની પકકી બેનને અજાણપણે વચન આપીને તે બંધાઈ ગયો હતો તે માટે મનસે જબરો પસ્તાતો, પણ તેમ શેપર જેવા એક બીજા સોલોમનને, પોતાના અંગત ભાઇ જેવાં સગપણમાં લેવા તેનું જીગર ખુશાલીથી ઉછલી રહેતું. હવે હવે તે પોતાનાં આર્ટનાં કામને ઘણું પડતું મેલીને બેઠો હતો. જ્યારે એક શબ્દ બોલવે લાખોની રકમ ચાલી આવે એમ હતું, ત્યારે આટલી મહેનત

શું કામ કરતી! અને જોકે શેપર બેરૂચ આગળ આજ સુધી તેણે પૈસાનો સવાલ કાઢીયો હતો નહી, અને તેના હાથમાં તેની ઉપર પુર વિશ્વાસ સાથ મુકાએલી લાખોની રકમમાંથી એક પાઇબી તેણે પોતાના અંગત ખરચમાં ઉપાડી હતી નહી, છતાં, તેના વિચારો આગળ કરતાં બદલાયા હતા. છ મહિના ઉપરનો ભોળો ભટાક રોબર્ટ, જેને પૈસાની કશી પરવા નહતી અને આર્ટના હુન્નરમાંજ દુનીયાની સાહેબી સમજતો હતો, તેવો તે આજે રહેલો જણાતો નહી, અને જયારે તે સદંતર એકલો પડતો ત્યારે તેનાં અંતઃકરણનો અવાજ સાંભળી તે પોતેજ લજવાતો!

આ બધા દૌલતના દરંગના પ્રતાપ!

પેલાં ચિત્રો અધુરાંજ રહયાં હતાં, અને રોબર્ટ, ચાતો પેલી મહાન પીકચર ગેલેરીમાં વખત કાઢતો કે ગરીબોની હાજતમંદી ટાળવા ઝુંપડે ઝુંપડે નાણુંના થેલા ખખડાવતો ફરતો. બાળપણથી તે પૈસાના વૈભવને જોરે અઇયાસુ ઉછરીયો હતો, એટલે આવી સહેલી ખુશખુશાલ જીન્દગી તેને વ્હાલી લાગતી.

પરંતુ આ પોતાના મબલગ પૈસાથી ચોબાજુ સુખ અને શાન્તી પાંથરનાર પેલા મહાન આદમીનું કેમ? રોબર્ટ જોતો કે જાણે કાંઈ મોટા બોજા તળે કચડાતો હોય

તેગઃ વધારે નીચી ડોક અને વળેલાં ખભાંનો તે થતો જતો હતો. તેની આંખોમાં ચાલુ બેચેની અને અશાન્તી જણાતી. જયારે તે લીલીની સોબતમાં હોય ત્યારેજ સુખી રહેતો; બાકી બધો વખત તે અજબ જેવો વિચારવંત અને ગમખ્વાર રહેતો. આવો તે શું બોજો આ અબજોની કમાણી કરનારને માથે આવી પડીયો હોય! માત્ર લીલીની હાજરીજ તેને ખુશખુશાલ કરી શકતી.

દિવસના પાંચ કલાક તે પોતાની લેબોરેટરીમાં કાઢતો અને તે વખતે તે કોઇબી આસામીને પોતાની સાથે રાખતો નહી. રોબર્ટ વટીકને માલમ નહી પડતું કે આ બધો વખત શેપર ત્યાં શું કરતો હતો. માત્ર ચીમનીમાંથી ગોટેગોટા ધુંવો બ્હાર પડતો અને માંહે ચાલતા સંચાનો ખણુખણાટ આવતો, તે સિવાય બીજું કશું જણાતું નહી; અને જયારે કલાકો બાદ શેપર બ્હાર આવતો, ત્યારે ફીકકો ફ્ચ, થાકથી આઝેઝ થએલો, ગમીથી કચડાઈ ગએલા જેવો જણાતો. એ ત્યાં એકલે હાથે શું કરતો હશે!

“ હું તમુને કોઈબી રીતે મદદ કરી શકું ?” એક દિવસે રોબર્ટે આ પ્રમાણે શેપર બેરૂચને થાકેલો, લેબોરેટરીમાંથી બ્હાર આવતો જોઈ કહયું. “ મને ફકર છે કે તમે ઘણી ઝેહમત ઉઠાવોછ. હું તમને કાંઇબી કામનો

થઈ પડશ તો મને કેટલી ખુશી ઉપજસે. એમ તો હું પણ જરારતી કેમીસ્ટ્રી જાણુંછ."

"તમે રસાયણને। અભ્યાસ કર્યોછ?" પોતાનાં ભારી પોપચાં ઉઠાવી મહાલના માલેકે પુછીયું. "મને તે વાતની ખબરજ નહી. આર્ટ અને સાયન્સ કદીબી સાથે નથી જતાં એમ હું ધારતો હતો."

"ઘણું તો નથી આવડતું, પણ કાંઈ બે એક વરસ સર જોશુઆ મેસનનાં ઇનસ્ટીટયુટમાં હું શીખવા રહેલો ખરો."

"હું સાંભળીને ઘણો ખુશી થયો," શેપર લગાર નચિંતાઈથી બોલીયો. "મને ત્યારે તમે ઘણાં કામે આ-વશો, તેમ વળી હું તમને મારૂં રસાયણી કામ પણ શી-ખવી શકશ, જોકે તે તમોને તમામ નવું લાગશે. છેલ્લાં-માં છેલ્લી શોધ પ્રમાણેનું તમોને માલમ પડશે."

"મને માફ કરજો, પણ હું ઘણો વખતથી તમોને કાંઇ પુછવાનું ધારતો હતો. તમે આવા જવાન તનદરૂસ્ત, આટલો પૈસો તમારી સત્તા હેઠળ, અને તમો જેવા જોઇએ તેવા સુખી કેમ નથી દેખાતા? તમારા જેવા એક અબજપતિએ તો ખુશખુશાલ દીસે અને મોકલાં મને રહેવું જોઇએ." રોબર્ટ લાગણીથી બોલીયો..

" હા રોબર્ટ, તેમ તારૂં કહેવું ખરૂં છે, " હવે હવે શેપર, લીલીના ભાઈ સાથે ઘણાં ઘેરવટથી વર્તતો હતો, તેણે કહયું. " પણ હું એક અબજપતિ નથી"

" મારા ખોદા ! " રોબર્ટનાં ગળાંમાંથી ધુંધરાએલો અવાજ નિકળી પડીયો. જયાં છે ત્યાં નાદાર થવાનું ચોઘડીયું આવી પુગીયું હતું અને તેનો ખુલાસો તે કરતો હોવો જોઇએ. તેમાંજ આજે દિવસો થયા તે અસાધારણ ગમખ્વાર અને દુખી જેવો જણાતો હતો. રોબર્ટનું જીગર ઠંડું મારી ગયું. ત્યારે આ પરસ્તાની માળો, આ જગનું જીન્નત જેટલું અચબુચું ઉતરી આવ્યું હતું તેટલુંજ સપાટાબંધ તે ગુમ થનાર હતું!

" અબજપતિ નહી ? " તે તત પપ થઈ ગયો.

" નહી, રોબર્ટ, અબજપતિ હતે તો પછી આવાં દુખ શાનાં હોતે ?" તેણે કહયું. "હું માત્ર અબજોપતિ નથી, પણ અરેરે ! ખર્વ નિખર્વ કે પદ્મ મહાપદ્મ નહી, પણ એકદમ હું પરાધોપતિ છું "

તે જવાન દિગમુઢ ચહેરે ડોળા ફાડીને જોવા પડીયો.

" હવે તું મારી ગમગીની, રાતોદિનની મારી અશાન્તી, સમજી શકશે. દોસ્ત, મને સુખ કયારે મલે. કે જયારે હું આ બધો પૈસો ખોદાપસંદ માર્ગે ખરચી

શકું. તે માટેકે બીનેઆઝનો કાયદોજ એવો છે કે એક માનવીના હાથમાં એટલી સત્તા આપવી કે તે કરોડો આસામીને સુખ બક્ષી શકે. જેમકે એક મોટા મુલકનો રાજા તે કરોડોની પોતાની પ્રજા ઉપર રાજ્ય ભોગવેછ, પણ તે જેમ ચાહે તેમ એકલા જીવે મોજીયાં મારતો નથી. તે સમજેછ કે તેની અગણિત રૈયતને સુખી કરવાનું ફરમાન ખુદાવંદે તેનાં સર નાખેલુંછે અને તે પોતાથી બનેછ તેટલું બજાવવાને આતુર રહેછે, ત્યારે હું, કે જેને તે પરવરદિગારે કુલ દુનીયામાં સર્વેથી માતબર પેદા કીધોછ, તેણે આખાં જગતનાં રહીસોનાં સુખચેનમાં એ પૈસા વાપરવા જોઇએ. પણ તે હું કેમ વાપરૂં ? દિન ઉગતે દોલત તો વધતીજ જાએછ અને સરસતે કેવી રીતે તે પૈસા ઘટારત ઠેકાણે વાપરવા તે તો મને બરાબર સુજતુંબી નથી." તેની આ અજબ જેવી કેફીયત સાંભળી રોબર્ટ દંગ થઈ ગયો.

"કદાચ તમે તમારી જોખમદારીનો ખ્યાલ જોઈએ તે કરતાં વધતી ગંભીરાઇથી ઉંચકી લેતા હશો." અંતે રોબર્ટની જબાન ઉપડી. "બધાં જાણેછ કે તમે જે જાહું કીધુંછે અને ચાલુ કરીયા જાવોછો, તેનાથી લાખોને લાભ થાએછે. એથી વધારે તમોને નચિંતાઇ શાથી મલશે? જો એથીબી વધારે પૈસા વેરાતા કરવા હોય તો

આખાં ઈંગલંડમાં કાંઇ સેંકડો સદાવ્રત ખાતાં છે તે બધાંને મદદ કરો."

"તેવું એકબી સખાવત ખાતું નથી કે જે મારી જાણ બ્હાર હોય. દર માસ તેવાં બે હજાર જરૂરી હાજતોનાં ખાતાંઓમાં મારા તરફથી ટકોરા બંધ મદદ જાએછ; અને, દેશેદેશના મારા એજંટો મારફત આખા યુરપમાં કરોડોની રકમ એમ તો દર મહિને જાએછ, પણ તેથી કાંઈ મારી અગણિત દોલત ઓછી થતી નથી, અને તેમ મને લાગેછ કે તે આકાશી બાપ તરફથી મલેલાં ફરમાન મુજબ મારાથી કામ થતું નથી."

"હું તો ધારૂંછ કે તમે પુરતું અને ઘણું કીધુંછ, અને હું જો તમારે ઠેકાણે હોઉં તો હવે ખાસ્સી નચિંતાઈથી સુખી જીન્દગી ભોગવું."

"મારેથી તેમ થઇ શકે નહી." શેપર બોલીયો- "ફકત સુખીપ્રારા જીવે ફરીયા કરવા માટે ખુદાએ મને આટલી મોટી શક્તિ અને સત્તા આપી હોય નહી. તું શું કાંઇ તારી કલ્પનાશક્તિ વાપરીને મને સલાહ નહી આપી શકે કે મારે હવે શું વધારે કરવું ?"

"વિચાર કરી જોતાં હવે મનેઓ લાગેછ કે એમ દોલત દુનીયામાં ફરતી કરવી, લોકોના લાભ માટે, તે કાંઇ સહેલું કામ નથી." રોબર્ટ ગંભીરાઇથી બોલીયો.

" જો સાંભળ, ત્યારે, મારી થોડીક યોજનાઓ તુને કહી સંભળાઉં. તું તે માટે શું ધારેછ તે મને કહે. ધાર, વારૂં, કે હું સ્ટેફર્ડશરમાં માઇલોબંધ સમચોરસ જમીનો ખરીદું અને તેના ઉપર એક નવું શહેર વસાઉં અને ગ્રેટબ્રીટનમાં જેટલાં નિરાધાર અશક્ત આસામીઓ હોય તેટલાંઓને અહિં બોલાવીને રાખું, અશકતોને મુફત પાળું, અને નિરાધારોને તેઓને બરના ધંધાધાપામાં નાખું કે જેથી તે બેકારોને આપબળે રોજી પેદા કરવાની ઉલટ મલે. તેમ કરવાથીજ પરગજુ કામ કરેલું કહેવાય, અને એકી વખતે એક મુલકભર આસામીઓને કંગાલીયતમાંથી ઉગારીને સુખી કરી શકાય. પણ વાત એમ છે કે તેમાંબી ધમ દઇને કેટલો પૈસો ખરચાવાનો હતો ? પાંચ દસ કરોડમાં વીસ પચીસ હઝાર મકાનો ઉભાં થાએ, અને દસેક કરોડમાં જાતજાતના ધંધા થઇ શકે તેમાં મારૂં શું વળયું? કાંઇ બીજું તુને યાદ નહી આવતું, રોબર્ટ? "

" પણ તમે તે લોકોને કીયા ધંધા મંડાવી આપો? બીજાંનાં પેટ ઉપર લાત જેવું થાએ, અને અહિં ધંધા ખોલવા જતાં ત્યાં કોઇના વેપારો બંધ પડે તે કાંઇ પરદુખભંજક કામ કહેવાશે નહી." રોબર્ટ બોલીયો.

" નહી, તેમ થનાર નથી. એ તો સ્ટેફર્ડશરના નવા મુલકના રહીસોમાંજ ખપી રહે એવી અને એટલી જણ-

સોના વેપલા થશે. મોટે ભાગે ખેતીવાડી ચાલશે. મતલબ કે મારી તે નવી દુનીયાના લોકો, કાંઇ વેપાર ધંધો કરીને કરોડપતિ કે લાખોપતિ થનાર નથી; ઘણું ઘણું તો હઝારપતિ થશે કે જેથી તેઓ વધારે બેફીકર અને ચિંતા વગરની સુખીયારી જીન્દગી ભોગવી શકે," શેપરે કહયું અને તેણે પોતાની પાઈપમાંથી ધુમાડો ઉરાડી તેનાં બેમાલુમ થતાં વાદલાં તરફ ગમગીન આંખોએ જોયા કર્યું.

"આ સ્ટેફર્ડશાર ખીલાવવાનું કામ હું શરૂ કરી ચુકયોછ, અને 'જર ચાહે સો કર' ના પ્રતાપે કામ લેતાં, છ મહિનાની અંદર એક નવું શહેર અહિં ઉભું થએલુંજ જાણવું." તેણે ચલાવીયું. "મગર રોબર્ટ, તેથી કાંઇ વળયું નહી. મારી જરા નજદિક આવીને બેસ, હું કાંઇ તુને મારી નવી યોજના કહેવા માંગુંછ, મને તે બાબે તારો મત જોઇએછ."

શેપર કાંઈ અસાધારણ ગંભીર જણાતો હતો. ગીચ ભવાં સાથની તેની ભારી પોપચાંવાલી ઝીણી આંખોમાં કાંઈ અજબ જેવો પ્રકાશ આવેલો તે જવાને જોયો અને તે નવાઇ પામતો ઉઠીને પેલા મહાલના માલેક પરાધીપતિ શેપર બેરૂચની ખાહેશ મુજબ તેની જોડમાં બેઠો.

"હું એક બીજીજ દુનીયા બનાવવા માંગુંછ. આ ધરતીના પાતાળમાં એક નવું જગત ઉભું કરવા ધારૂંછ." તે

ધીમે સાહદે બોલીયો અને રોબર્ટનાં દીલમાંનું ટીપે ટીપું લોહી ઉડી ગયું; તે હાડોહાડ ધ્રુજી રહયો. બેશક તેના બુઝર્ગ પિતાની અગમચેતી ખરી પડતી હતી. શેપર બેરૂચ દિવાનો હતો યા તો ગાંડો થવાની અણી ઉપર હતો.

"જોની, ધરતી ખોદાવતાં, આપણે હાલ વસીએછ તેની સામેના ગોળાની વસ્તી સાથે આપણે ટુંક વખતમાં મળી જઈ શકીશું; દાખલા તરીકે આપણે હમણાં પૃથવીની પીઠ ઉપરથી અમેરીકા જવા માંગીએ તેમાં જેટલા દિવસ લાગે, તેના કરતાં પચીસ ઘણે ટુંકે વખતે આપણે પૃથ-વીનાં પેટાંમાંથી પહોંચી શકીએ. એ કુદરતનો કાયદો છે. જેમ માનવી જાત સડકને રસતે મુસાફરી કરતાં કલાકો લગાડે, તેટલુંજ છેટું એક કાગડો સીધી લીટીમાં ઉડતાં સો ઘણે ઓછે વખતે પુરૂં કરે. તે પ્રમાણે સીધી લીટીમાં જો જમીનની નીચે વસવાટ થાએ તો આહીંથી એક દિવ-સમાં અમેરીકા અને દોઢ દિવસમાં હિન્દુસ્થાન પુગાય."

રોબર્ટ જોરમાં ખાંસીયો. તેનું તન બદન ધ્રુજરીથી લખલખી રહયું હતું. આ ઘેલછા નહી તો બીજું શું હોય!

"કેટલું ઉંડું ખોદવાથી વસવાટને લાયક કહેવાઇ શકાય તેની બી ગણતી કરવાની છે. સેનટર ઓફ ગ્રેવીટી

પ્રમાણે બધું થઈ શકે. સમાન વાયુ જણાયો કે ત્યાં થોભવાનું." અને શેપર અહિં થોભીયો. ગરીબ રોબર્ટે પોતાનાં કપાલ ઉપરનાં ઝરાં લુછીયાં. બેશક દુનીયાભરની દોલતથી આ નેકબખ્ત નરનું મગજ અંતે ખસી ગયું હતું.

"કેમ તું કાંઈ બોલતો નથી?" અંતે શેપરે પુછીયું. હવે પોતાનો વિચાર જણાવીયા વગર છુટક નહોતોઃ તે જવાને ઉત્તેજન નહી આપવાના ઈરાદાએ કહયું:

"તમારા કામદારો જીવતા બળી મરવા તો રાજી નહજ હોએ. ધરતીનાં પેટાંમાં એટલી ગરમી રહેછ કે તેઓ સેલેમાનડર હોએ તોજ ટકી શકે. બારસો વરસ સુધી ચાલુ રોશન રાખેલા આતેશમાં એ સેલેમાનડર નામનું ઘરોળી જેવું જાનવર પેદા પડેછ તેજ એવો અગ્નિ ખમી શકે."

"સેલેમેન્ડર!" શેપર કાંઈક તુચ્છકારથી બોલીયો. "હું કાચે પાયે કામ લેતો નથીં, પુરેપુરી ગણત્રી વગર કદી બોલતો નથી. છેલ્લી સાયનટીફીક શોધ પ્રમાણે ધરતીનાં પેટાંમાં ઘણી ગરમી પુરવાર થતી નથી. વળી હું ઠેકઠેકાણેથી મોટા ખાડા ખોદાવી પોખાલ મોહડાંનાં ભુંગળાં જમીનમાં ઉતરાવસ જેનાં રાક્ષસી મોંહ વાટેથી હવા ઉજાસ પાતાળમાં રહેશે. કોલસાની ખાણમાં ગરમી માલમ પડેછ તે તો કોહ જેવી બંધિયાર જગીયો; અને વળી કોયલાની

કુદરતી ગરમી તેનાં લીધે. લોકો માનેછ કે ધરતીનાં ઉંડાણમાં ગરમી છે, મગર તેમ નથી. જો કામ કરતાં માંહે કાંઇ વોલકેનો જેવું માલમ પડયું તો ઝટ પેલાં ભુંગલાંઓ વાટેથી નદીની નદી માંહે ખાલી કરીશું."

"પણ જો અંદર નવું જગત ઉભું કરતાં એકાએક પેસીફીક મહાસાગરનો એકાદ છેડો માંહેથી નીકળી આવે તો ? બધો અગજોનો ગંજ ખરચી ઉભાં કીધેલાં કામો પલક વારમાં ધોવાઇને નાબુદ થઇ જાએ." રોબર્ટે હજુરબી શીહા બાજુ ચિતારીયા કીધી.

"મેં તેની બધી ગણત્રીઓ કરાવી રાખીછ. ઇંગલંડ, ફ્રાન્સ, અમેરીકા, જરમની એ શહેરોના મહાન ઈજનેરો સાથે મેં માંથાં મેળવેલાંછે. આ મારી સામે મુકાએલા કોથલાઓમાં બધા નકશાઓ આંકડાઓ અને ગણત્રીઓના પ્લાનો છે. હું કાંઇ ચુપ બેઠો નથી. તેઓએ મારી વરદી મુજબ કામ હાથ ધરીયુંછ. એક બીજું જે મારે કરવાનું છે તે કેનાલ કાપી નાખવાનું છે."

હવે રોબર્ટે જોયું કે આજ કેટલોક વખત થયો તે નેક જવાન છેકજ ચિંતાતુર, ગંભીર, કાંઇ બોજા તળે કચડાઇ જતો હોય, એવો ગમખ્વાર દેખાતો હતો. તે આ અસાધારણ કામની ગણત્રીઓનાં ભેજાંદુખણને આભારી

હતું. તેણે માનીયું કે તેનું મગજ હતું તો તદન ઠેકાણે, પણ કુલ પૃથવી ઉપરના, આગળ થઈ ગએલા કે હાલમાં હેયાત રહેલા કોઇબી માનવીએ જે વિચારીયું નહતું, તેવું અસાધારણ તે વિચારતો અને પોતાની મબલગ દોલતને પ્રતાપે તેને અમલમાં મુકવા તે માંગતો હતો.

"પા ભાગ જમીન અને પોણો ભાગ પાણી એ કુદરતની રચના છે, હવે જ્યારે જગતમાં અબજો અબજ માનવીની વસતી વધી ત્યારે ઉજ્જડ પડેલાં જંગલો અને પડતર ડુંગરાઓ ઉપર વિસ્તીર્ણું ખેતીવાડી કરાવી અન્ન ફળની પેદાયશ એટલા વિસ્તારમાં વધારી મુકવી જોઇએ કે પાપી પેટના ખાડા પુરવા માટે માનવી જાતમાં જે ગુન્હાઓ વધતા જાયછે તેમાં કુદરતી અટકાવ થાય. તેમ કરવામાં જ્યારે હું ફાવસ ત્યારેજ મને જપ વળશે. ત્યારેજ દુનીયાનું એકકે એક માનવી સુખ કરારથી રહી શકશે. હાલમાં જેમ મધમાખીના પુડા માફક આદમીઓ ગીચ્ચ વસવાટમાં કકડી જાએછ તેમ થશે નહી, છુટી હવાથી તેઓની તનદરૂસ્તી અને સાથે હૈયાતીબી લંબાશે, દુખ દરદો ઓછાં થશે, તે સાથે તેઓની નીતિની લાગણી ખીલશે, પાપ અને કષ્ટ કપાશે, અને બધી રીતે એક નવોજ યુગ ઉભો થશે. આ કળી યુગ પછીનો એક ખરેખરો સત્ય યુગ!"

"તેમ જો થવા પામે તો, એ, ધર્મી સકર્મી નર, આજ સુધી કોઈબી મહાત્મા કે પયગામબરે જે માન અને શ્રધ્ધા આદમજાત તરફથી મેળવ્યાં નહી હશે, તે વમો મેળવવા પામશો." હવે રોબર્ટને લાગીયું કે આ ખોદાઈ બસારત પામેલો પવિત્ર પુરૂષ, કોઈ ખરેજ ધર્મી નરનો આ ભવમાં અવતાર લઇ આવ્યો હતો.

"તે તો કોણ જાણે, રોબર્ટ, પરંતુ એમ થશે ત્યારેજ હું માનસ કે તે માલેક તરફનાં ફરમાનો હું બજાવી શકીયોછ, અને માનવીજાત તરફનું મારૂં દેવું હું અદા કરવા પામીયોછ."

રોબર્ટે ધબકતાં જીગરે સાંભળ્યા કર્યું. કેવું તેનું ચતુર ભેજું અને ધર્મી જીગર એક મલીને ખોદાપસંદ રીતે કામ લેવાનું તેને સુજ પડતું હતું!

"બાદુમ અને કુરાની નદીઓ માટે તો તેં સાંભળીયું હશે? કહેછ કે ત્યાં આગળની ધરતી ઉપર જેટલો મીઠાશદાર દુધે ભરેલો અનાજનો પાક ઉતરેછ તેવો કયહી નથી. લોકો ધારતાં હતાં કે તે ત્યાંની નદીનાં નિર્મળ મીઠાં નિરને આભારી છે, પણ તેમ નથી. શોધ કરતાં માલમ પડીયું કે તે અનાજનાં ખેતરોની હેઠે ગરમ પાણીના નળ ચાલુ મુકેલા, અને પાઇપોમાં ઘટતે અંદાજે ગરમી મલવાથી આવું ઉત્તમ અનાજ પાકતું હતું. મેં તેથી તેવી

મોટી મોટી અને માઇલોના વિસ્તાર સુધી પહોંચી વળે તેવી પાઈપોની વરદી આપીછે. સખાવત ઘરથી શરૂ થવી જોઈએ, તેમ પહેલા હું ઇંગલંડ, સ્કૉટલંડ અને આયરલંડની ધરતી નીચે એ પાઇપો ગોઠવાવીશ, કે જેથી હાલ ઉતરેછે તેના કરતાં ત્રણઘણો વધારે પાક ઉતરસે. અલબત આપણાથી એકલપેટાઈ કરાએ નહી; હું બીજા બધા દેશો માટે પણ અજમાવસ, ખાસ કરીને હિન્દુસ્તાન. એ પૂર્વના મુલકે આજે સદીઓ થઇ આપણને કાંઇ ઓછું અનાજ પુરૂં પાડીયું નથી, તે સાથે મને એ મુલકનો ઘણો મોહ છે. મેં દસ વરસ હિંદુસ્થાનમાં ફરીને કાઢીયાંછે છતાં હું હજુર ત્યાંની બધી ખુબીઓ સંપૂર્ણ જોઈ વળયો નથી. ”

“ એમ ! ” રોબર્ટ અચરતીથી બોલીયો. “ દસ વરસ સુધી ફર્યા તોપણ હજુર ત્યાંની બધી ચીજો જોઈ શકીયા નથી ? કેવું વિચિત્ર ! કાં, આખું યુરપ તો આપણે એકાદ બે વરસમાં ખુણેખુણું ફરી વળી શકીએ.”

“ તે ખરૂં છે, પણ તુંને ખબર કયાં છે, રપીક, કે હિન્દુસ્થાન એક કેવો અજાએબીથી ભરપુર મુલક છે. એ પૂર્વનો મુલક તત્વજ્ઞાનના મહાસાગર સમાન છે. ખુદાવિંદતાલાની ખાહેશથી સઘળા મહાન ગુરૂઓ, સત્પુરૂષો મહાત્માઓ, પવિત્ર અવતારો—યાને જેને ત્યાંના લોકો